Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ



भव्यानां भव्यभावं भवजलतरणे भावयन् भावनाभिः
तीव्रैस्तेजःप्रकाशैः कुमतिभिरुदितं तर्जयन्नंधकारम् ।
सोल्लासं तत्त्वबोधं शुचि हृदि जनयन् सद्गुरोर्भक्तिभाजां
आत्मानंदप्रकाशः प्रसरतु भुवने वीरभानुप्रभावात् ॥

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક : ૬૩ અંક : ૧૦-૧૧
વીર સં. ૨૪૯૨ પર્યુષણ અંક વિ. સં. ૨૦૨૨
આત્મ સં. ૭૦ શ્રાવણ – ભાદ્રપદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ગ્રામ : " Jahangir "

ફોન : મીલ : ૪૨૮૦
બંગલો : ૪૩૨૮

## ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી૦

મેનેજીંગ એજન્ટસ
**મંગળદાસ જેસીંગભાઇ સન્સ લી.**

પોસ્ટ ઓફીસ નં. ૨
**ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા માનવંતા પેટ્રન



શેઠશ્રી મૂળજીભાઇ જગજીવનદાસ સવાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી મૂળજીભાઈ જગજીવનદાસ સવાઇ

## (માંગરોળ નિવાસી, હાલ મુંબઇ)

( ટૂંક જીવન )

માંગરોળ-માંગલ્યપુર ઘણા પ્રાચીન કાળથી સૌરાષ્ટ્રની પશ્ચિમે રત્નાકર સાગરને કિનારે આવેલું એક પુરાતન બંદરી શહેર છે. આ ખમીરવંતી ભૂમિ સમયે સમયે નર-રત્નોને જન્મ આપી પોતાની પ્રતિષ્ઠામાં વધારો કરતી રહી છે. શેઠશ્રી મૂળજીભાઇનો જન્મ પણ આજ શહેરમાં સં. ૧૯૫૩ના ફાગણની પૂર્ણિમાના શુભ દિને શેઠશ્રી જગજીવનદાસ પ્રાગજીભાઈ સવાઇને ત્યાં શ્રી રતનબેનની કુક્ષિએ થયો હતો. પિતાશ્રી જગજીવનદાસભાઇ મૂળથી જ ધર્માનુરાગી હતા. અને પ. પૂ યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરજીના સંપર્કમાં આવ્યા પછી તેમના અનન્ય ભક્ત બન્યા હતા. શ્રી મૂળજીભાઈની ઉંમર લગભગ સત્તર વર્ષની થતાં શેઠશ્રી જગજીવનદાસે આચાર્યશ્રી પાસે સં. ૧૯૭૦માં ચૈત્ર શુદિ ચોથ શ્રીપોર ગામમાં ભાગવતી દીક્ષા લીધી અને મુનિ મહારાજશ્રી જયસાગરજી બન્યા. પાંત્રીસ વર્ષનો દીર્ઘ દીક્ષા પર્યાય પાળી તેઓ સં. ૨૦૦૪ના કારતક વદિ તેરસે ૭૧ વર્ષની ઉંમરે મહેસાણામાં કાળધર્મ પામ્યા. આમ શ્રી મૂળજીભાઇને ધર્મ તરફ અનુરાગનાં બીજ નાનપણથી વારસામાં મળ્યાં હતાં.

સામાન્ય અભ્યાસ કર્યા પછી, મુંબઈમાં કાપડનો ધંધો શરૂ કર્યો અને પુરુષાર્થ તથા ખંતથી ધીમેધીમે ધંધો વિકસાવતા ગયા. આજે મુંબઇની મૂળજી જેઠા મારકીટમાં કાપડની ધીકતી દુકાન ચલાવે છે. શ્રી મૂળજીભાઇમાં ધર્મવૃત્તિની સાથે જ દાનની વૃત્તિ પણ વિકસી હતી અને જેમ જેમ ધંધામાં આર્થિક પ્રગતિ થતી ગઈ, તેમ તેમ મેળવેલ લક્ષ્મીનો ઉપયોગ પણ શુભ કાર્યોમાં કરતા ગયા. ચેંબૂરમાં તેમણે શ્રી જયસાગરજી ઉપાશ્રય માટે સારી રકમ ખર્ચી છે અને ત્યાં સ્વ. પૂ. મહારાજશ્રી જયસાગરજીના પુણ્યાર્થે દર વર્ષે કારતક વદિ તેરસના રોજ પૂજા પ્રભાવનાદિક કરાવે છે. તાજેતરમાં પોતાના ખર્ચે અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી 'આત્મદર્શન' નામનું પુસ્તક પ્રકાશિત કર્યું છે, જેમાં અધ્યાત્મ યોગી શ્રી મણિચંદ્રજી કૃત સજ્ઝાયોનું વિવેચન છે. વીજાપુરમાં અધ્યાત્મ ભુવનમાં રૂા. ૨૫૦૦) તથા સાણંદ ઉપાશ્રય, મુંબઈ કોટ ઉપાશ્રય, મુંબઈ લાલબાગ ધર્મશાળા, બોડેલી વિદ્યાર્થી ભુવન વગેરે દરેકને રૂા. એક એક હજાર ભેટ આપેલ છે આમ સારાં કાર્યોમાં તેમના દાનનો પ્રવાહ ચાલુ જ છે.

તેમના ધર્મપત્ની સ્વ હીરાકુંવર બેન શાંત પ્રકૃતિનાં અને ધર્મપરાયણ હતાં. તેઓશ્રી મૂળજીભાઇને દરેક ધાર્મિક કાર્યમાં સહાયભૂત થતાં. તેમને બે પુત્રો અને ચાર પુત્રીઓ છે.

આવા ધર્મપ્રેમી સહૃદયી ઉદારદિલ સદ્ગૃહસ્થનો પેટ્રન તરીકે અમોને સાથ મળ્યો છે તે અમારે માટે આનંદનો વિષય છે અમારા દરેક કાર્યમાં તેમનો સહકાર મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ અમે તેમને દીર્ઘાયુષ્ય તથા ધાર્મિક અને વ્યાવહારિક પ્રગતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ પ્રાર્થના વગેરે | — | ૧૭૭ |
| ૨ પર્વ પર્યુષણ, ક્ષમાપના | — | ૧૭૮ |
| ૩ પર્યુ. પર્વનો પાવન સંદેશ | અગરચંદ નાહટા | ૧૭૯ |
| ૪ ક્ષમા : એક વિશેષ શક્તિ | વિનોબાજી | ૧૮૧ |
| ૫ ક્ષમાભાવ | ચત્રભુજ જે. શાહ | ૧૮૪ |
| ૬ મહાભારતમાં તીર્થંકર ભગવાન | ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૮૮ |
| ૭ તપસા નિર્જરા | મનસુખલાલ તા. મહેતા | ૧૮૯ |
| ૮ જૈન તત્ત્વ વિચારણા | રતિલાલ મફાભાઈ | ૧૯૩ |
| ૯ જૈનો અને ભક્તિ | ખીમચંદ ચાં. શાહ | ૧૯૭ |
| ૧૦ મલ્લવાદી | મુ. શ્રી જંબૂવિજયજી મ. | ૨૦૧ |
| ૧૧ સત્શાસ્ત્રનું અંતરાત્મા પ્રતિપ્રોત્સાહન | ફત્તેહચંદ ઝ. શાહ | ૨૦૫ |
| ૧૨ શ્રી પંચ પરમેષ્ઠિસ્તુતિરૂપ મંગલપંચક | મુ. હેમચંદ્રવિજયજી | ૨૦૬ |
| ૧૩ અખિયન હે અવિકારી | ઝવેરભાઈ બી. શેઠ | ૨૦૯ |
| ૧૪ તપની નિર્જરા કરવામાં તપ એ સર્વોત્તમ સાધન છે | શ્રીમતી ભાનુમતી દલાલ | ૨૧૨ |
| ૧૫ શેખચલ્લી | ગોપાળરાવ વિદ્વાંસ | ૨૧૫ |
| ૧૬ બોધક પ્રસંગો | — | ૨૧૮ |
| ૧૭ સમાલોચન | — | ૨૨૧ |
| ૧૮ શ્રી જૈન આત્માનંદ સભા–એક મુલાકાત | શ્રીમતી કલાવતીબેન વોરા | ૨૨૨ |
| ૧૯ જૈન સમાચાર | — | ૨૨૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી
# આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૩ ] ઓગસ્ટ – સપ્ટેમ્બર ૧૯૬૬ [ અંક ૧૦-૧૧

## પ્રાર્થના

तव पादौ मम हृदये मम हृदयं तव पदद्वये लीनम् ।
तिष्ठतु जिनेन्द्र ! तावत् यावन्निर्वाणसंप्राप्तिः ॥

હે જિનેન્દ્ર ! જ્યાં સુધી નિર્વાણની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તમારા ચરણો મારા હૃદયમાં લીન રહે અને મારૂં હૃદય તમારા ચરણોમાં લીન રહે.

## ક્ષમાપના

जं जं मणेण बद्धं जं जं भासिअं पावं ।
जं जं काएण कयं मिच्छा मि दुक्कडं तस्स ॥

જે જે પાપવૃત્તિઓ મેં મનમાં સંકલ્પી હોય, જે જે પાપ વિચારો મેં વાણીથી ઉચ્ચાર્યા હોય, અને જે જે પાપકર્મો મેં કાયાથી કર્યાં હોય તે સર્વે મારાં દુષ્કૃત્યો મિથ્યા થાઓ.

## શુભ ભાવના

क्षेमं सर्वप्रजानां प्रभवतु बलवान् धार्मिको भूमिपालः
काले काले च सम्यग् विलसतु मघवा व्याधयो यान्तु नाशम् ।
दुर्भिक्षं चौरमारी क्षणमपि जगतां मास्म भूज्जीवलोके
जैनेन्द्रं धर्मचक्रं प्रभवतु सततं सर्वसौख्यप्रदायि ॥

સર્વે પ્રજાઓનું કલ્યાણ હો, શાસક ધાર્મિક અને બલવાન હો, સમય સમય પર યોગ્ય વર્ષા વર્ષો, રોગનો નાશ હો, ક્યાંય પણ ચોરી ન હો, મહામારી ન ફેલાઓ અને સર્વ સુખોને આપનાર જિનેન્દ્રનું ધર્મચક્ર શક્તિશાળી હો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વ પર્યુષણ

પર્વ પર્યુષણ ! પધારો; શાંતિનો સંદેશ દો,
વૈરથી ભયગ્રસ્ત જગને પ્રેમનો પયગામ દો.
મંદિરો, ઉપાશ્રયોને સ્થાનકેથી નીકળી
સ્થાન જનનાં હૃદયમાં લો આશ પૂરો અવનવી.
મૃતપ્રાય માનવતા થઇ ફેલાઇ દાનવતા બધે,
મૈત્રી, કરુણા, ભાવના શુભ આવતાં નથી દૃષ્ટિએ.
આવા વિકટ સંયોગમાં તમ આગમન છે સાંત્વના
દાનવી હૃદયો બદલ દો એ જ છે અભ્યર્થના.
શક્તિનો, વિજ્ઞાનનો જડવાદ વધતો જાય છે,
ભાન ભૂલી તે તરફ અજ્ઞાની જન ખેંચાય છે
નાશ કરી જડવાદનો દીપ જ્ઞાનનો પ્રગટાવજો,
ત્યાગને તપથી જગતને શિવ માર્ગે દોરજો.
'જીવું અને જીવાડું' એ નથી ધર્મ હિતકારી જગે,
'જીવાડું ને જીવું' જ સાચો ધર્મ ભગવંતો કહે.
એ સનાતન સત્ય શાશ્વત જન હૃદયમાં સ્થાપજો
પર્વ પર્યુષણ પધારો ! વિશ્વનું કલ્યાણ હો !

**ક્ષમાપના**

કરથી ચરણથી વા વાણીથી કર્મથી વા,
શ્રવણ નયનથી વા બુદ્ધિથી વા સ્વભાવે,
કૃત તમ અપરાધો જીવ સૌ, તે ખમાવું,
મુજ પ્રતિ તમ દોષો હું ખમી મૈત્રી દાખું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ પર્વનો પાવન સંદેશ

લેખક (હિંદીમાં) :—શ્રી અગરચંદ નાહટા

મનુષ્યને સુખશાંતિ પ્રદાન કરવી અને અંતમાં સર્વ દુઃખ અને અશાંતિના મૂળ રાગદ્વેષ સંપૂર્ણરીતે નાશ કરીને કર્મબંધનમાંથી મુક્ત કરવો તે ધર્મનો ઉદ્દેશ છે. ભારતના પ્રાચીન વિદ્વાનોએ સંસારની અશાંતિ અને પ્રાણીઓનાં દુઃખનું કારણ શોધ્યું તો તેમને તેનું કારણ મોહ, મમત્વ, રાગદ્વેષ અને અજ્ઞાન જ જણાયું. જે વસ્તુઓ પોતાની નથી તેમને પોતાની માનીને તેમની પ્રાપ્તિમાં હર્ષ અને અપ્રાપ્તિ કે વિયોગમાં દુઃખ માનીને, ઇષ્ટ–અનિષ્ટ સંયોગ અને વિયોગમાં, મનુષ્ય અશાંતિનો અનુભવ કરે છે, આત્માના શુદ્ધ સ્વરૂપને ભૂલીને પૌદ્‌ગલિક પદાર્થોને સુખ અને દુઃખનું કારણ માને છે, એ જ તેનું અજ્ઞાન છે. અનુકૂળ પરિસ્થિતિઓને સુખ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓને દુઃખ માનવામાં આવે છે, પરંતુ તે બંને પ્રકારની પરિસ્થિતિઓ મનુષ્ય પોતે જ ઉત્પન્ન કરે છે અને તેવી માન્યતા પણ કલ્પનાને કારણે જ બનેલી હોય છે. કોઇ વિપરીત કલ્પનાને કારણે જ, બાહ્ય પદાર્થોના સંરક્ષણ અને અભિવૃદ્ધિ માટે જ, મનુષ્યોનો બધો સમય બરબાદ થાય છે. અનુકૂળ પદાર્થો અને વસ્તુઓ વડે થોડા સમય સુધી તે સુખાનુભવ કરે છે અને મોહ અને મમત્વની જાળ ફેલાવીને તે પોતે જ તેમાં ફસાઈ જાય છે. આ સર્વ વાતોનો અનુભવ કરીને, ભારતીય મહાપુરુષોએ બાહ્ય પદાર્થોનું આકર્ષણ ઓછું કરવા માટે વૈરાગ્ય અથવા નિવૃત્તિને પ્રાધાન્ય આપ્યું છે. સાધકને માટે, એકાન્ત, ધ્યાન, મૌન, સ્વાધ્યાય, સત્સંગ, સંયમ અને તપ આવશ્યક માનવામાં આવ્યા છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, તે જ સંયમની સાધનાને માટે જ છે. શાન્તિનો માર્ગ અનાસક્તિ અને સમભાવ જ છે. અનાદિ સમયથી જીવ બહિર્મુખી જીવનમાં પ્રવૃત્તિ કરતો આવ્યો છે છતાં જે શાન્તિ અને સુખ તે પ્રાપ્ત કરવા માગે છે તે હજુસુધી તેને પ્રાપ્ત થયું નથી, તેથી સ્પષ્ટ છે કે તેવી પ્રવૃત્તિઓથી શાંતિ મળી શકતી નથી. તેથી પ્રશ્ન હવે એ ઉપસ્થિત થાય છે કે આખરે, શાન્તિનો માર્ગ કયો છે?

ખરી રીતે જોઇએ તો પર્યુષણપર્વને પ્રસિદ્ધ અને અને પ્રચારિત કરવાવાળા મહાપુરુષોના હૃદયમાં ભવ-દુઃખોથી ત્રાસી પ્રાણીઓ ઉપર અનંત કરુણા હતી. જગતના જીવોનું અત્યંત કલ્યાણ કરવાની ઇચ્છાથી, તેમણે ધર્મારાધનનો એક સર્વશ્રેષ્ઠ અવસર આપ્યો અને આચાર્યોએ, પર્યુષણના દિવસોમાં દિનરાત એક પવિત્ર વાતાવરણ પ્રસરી રહે અને ધર્મભાવનામાં આત્મા ઓતપ્રોત થઇ જાય એવાં અનેક સાધનો યોજ્યાં. મનુષ્ય આળસુ છે. અનાદિકાળની ટેવને કારણે, તે વિષય–કષાયની તરફ અધિક પ્રવૃત્ત થતો રહ્યો છે. તેથી, પાપોમાંથી નિવૃત્ત થવા ઉપર ભાર દેવામાં આવ્યો અને સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, વ્યાખ્યાનશ્રવણ, પ્રભુપૂજા, આદિ ધાર્મિક પ્રવૃત્તિઓમાં મનુષ્ય આખો દિવસ લાગ્યો રહે તે માટે પર્યુષણના દિવસોમાં તેવી પ્રવૃત્તિઓને આવશ્યક માનવામાં આવી. આ પર્વનો આરંભ થતાં જ, શ્વેતામ્બર સમાજમાં અષ્ટાહ્નિકા વ્યાખ્યાન વાંચવામાં આવે છે, જેથી પર્વના દિવસોનાં કર્તવ્યનું સારી રીતે જ્ઞાન થાય અને તે કર્તવ્યો પાળવાની પ્રેરણા મળે. તેની પછી, કલ્પસૂત્રનું વ્યાખ્યાન, પ્રાતઃકાળ અને મધ્યાહ્ન–બંને સમયે કરવામાં આવે છે. આમાં ટીકાકારોએ ઘણી જ જાણવા યોગ્ય વાતોનું જ્ઞાન પોતાની ટીકાઓમાં ભરી દીધું છે. મહાપુરુષોના જીવનચરિત્ર સાંભળીને આપણાં જીવનને ધર્મમય બનાવવાની પ્રેરણા મળે છે. ભગવાન મહાવીર અને પાર્શ્વનાથ, નેમિનાથ અને ઋષભદેવ તેમજ ગણધરો અને આચાર્યોની પરંપરાની સાથે જ, જૈન મુનિઓના આચાર વિચારનું પણ કલ્પસૂત્રમાં સરસ વર્ણન છે. દિગમ્બર સમાજમાં દશ ધર્મોની આરાધનાનું વિધાન છે. આત્મોત્થાન માટે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે પણ અત્યંત ઉપયોગી અને મહત્ત્વનું છે. જો એક પછી એક ધર્મને આપણે આપણાં જીવનમાં સ્થાન આપવાની શરૂઆત કરીએ તો મોક્ષ આપણાથી દૂર રહેશે નહીં. દશ ધર્મોમાં સૌથી પહેલો ધર્મ 'ક્ષમા' છે, અને શ્વેતામ્બર સમાજમાં પણ, આ પર્વનો મુખ્ય ઉદ્દેશ 'ક્ષમાપના' માનવામાં આવે છે. પ્રતિક્રમણ દ્વારા આત્મવિશુદ્ધિ ઘણી સારી રીતે થાય છે. આ પર્વની આરાધના, આપણે બધા પવિત્ર હૃદયથી કરીએ. તેની જ શોધમાં તીર્થંકર આદિ મહાપુરુષોએ પોતાની સંપૂર્ણ શક્તિ લગાવી હતી. બાહ્ય સુખસાધનોને છોડીને તેઓ ત્યાગી અને નિર્ગ્રન્થ થયા હતા. વર્ષો સુધી તેમણે કઠોર તપ કર્યું. અનુકૂળ અને પ્રતિકૂળ, બધી જ પરિસ્થિતિઓમાં સમત્વ રાખવાનો તેમણે અભ્યાસ કર્યો. મૌન અને ધ્યાનમાં રહીને, તેમણે બધાં જ કર્મબંધનોને કાપી નાખ્યા હતાં અને ત્યારબાદ, તેમને જે નિર્મળ અને દિવ્ય અનુભૂતિ થઇ તેને, જગતના જીવોના કલ્યાણ માટે, પોતાના ઉપદેશોમાં તેમણે પ્રકટ કરી.

આમ તો ધર્મસાધના કોઈ પણ સમયે કરવામાં આવે તો તેનાથી આત્મોન્નતિ થાય છે જ. પરંતુ જગતના જીવો બાહ્ય પ્રવૃત્તિઓમાં એટલા બધા અભ્યાસી થઇ ગયા છે કે તે પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઇને, સત્યધર્મની પ્રવૃત્તિમાં વધારે સમય આપી શકતા નથી. તેથી કેટલાક એવા દિવસો નક્કી કરવામાં આવ્યા છે કે ઓછામાં ઓછું તે દિવસોમાં તો તેઓ અધિકાધિક ધર્મારાધન કરે. જૈનધર્મમાં અનેક પર્વો છે જેમાં ધર્માચરણ કરીને, આત્મિક શાન્તિ પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ તે બધા પર્વોમાં પર્યુષણ 'પર્વાધિરાજ' માનવામાં આવેલ છે. આખા વરસમાં થયેલાં પાપોની આલોચના અને બીજાઓની સાથે કરેલ અનુચિત વ્યવહાર માટે ક્ષમાપના કરીને આત્મવિશુદ્ધિ કરવી તે આ પર્વનું પ્રધાન કર્તવ્ય અને સન્દેશ છે. જે દિવસે આપણે આખાયે વર્ષનાં પાપો અને કટુતાનું પરિશોધન કરી શકીએ, ખરી રીતે તે પર્વ કે દિવસનું જીવનમાં સૌથી મહત્ત્વપૂર્ણ સ્થાન હોય તે સ્વાભાવિક અને યોગ્ય છે. આખા વર્ષમાં આ એક જ દિવસ એવો છે કે જે દિવસે દરેક જૈન પ્રતિક્રમણ અને ક્ષમાપના દ્વારા આત્માને નિર્મળ બનાવવાનો પ્રયત્ન કરે છે. તેથી જ તેને સાંવત્સરિક પર્વ કહેવામાં આવે છે. શ્વેતામ્બર સમાજમાં ભાદ્રપદ શુક્લ ચતુર્થીને સાંવત્સરિક પર્વ માનવામાં આવે છે અને આત્મવિશુદ્ધિની તૈયારી કરવા માટે, આઠ દિવસ પહેલેથી જ આત્માને ધર્મમય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેથી તેને અષ્ટાહ્નિક પર્વ પણ કહેવામાં આવે છે.

અનુ. ડૉ. બાલકૃષ્ણ ધ્રુવ.

## માનવ છીએ ખરા ?

આપણે ખરેખરા માનવ છીએ ખરા ? છાતી પર હાથ મૂકીને જો સાચું બોલશું તો આપણે કબૂલવું પડશે કે આપણે માનવદેહ લઇને ફરીએ છીએ પરંતુ આપણામાં હજીય પશુતા પડેલી છે. શિયાળની લુચ્ચાઈ, ઉંદરનો લોભ કે કાગડાની કુદૃષ્ટિ માણસનાં લોહીમાં બેઠાં છે.

મનુષ્યનો આકાર તો લઇને બેઠા છીએ, પરંતુ મનુષ્યત્વ ક્યાં છે ? માટે જ કહું છું કે મનુષ્યમાં મનુષ્યત્વ પ્રગટાવવું હોય તો, માનવીમાં આવૃત થયેલી ધર્મભાવના પ્રગટાવો.

ધર્મના પ્રકાશ વડે જ નિર્માલ્ય નર નરવીર બનશે, સત્તા કે પૈસા વડે નહિ.

શ્રી ચિત્રભાનું (દિવ્યદીપ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમા : એક વિશેષ શક્તિ

લે: વિનોબાજી

**कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ।**

**મા**નવશક્તિઓનું નારીના રૂપમાં ભગવાન વર્ણન કરી રહ્યા છે. ધૃતિ પછી સાતમી શક્તિ છે ક્ષમા. ક્ષમાનો એક વિશેષ શક્તિરૂપે ઉલ્લેખ છે અને એનું સ્વતંત્ર મૂલ્ય મનાયું છે. કોઈ આપણું અપમાન કરે, નિંદા કરે, આપણને ઇજા પહોંચાડે, તકલીફ આપે એ સહન કરવું, માફ કરવું એને ક્ષમા કહે છે. આ સહન કરવું, માફ કરવું તે જ્યારે નિરુપાયે નહિ પણ સહર્ષ સામે ઊઠીને કરવામાં આવે છે ત્યારે તે એક શક્તિ બની જાય છે. ક્ષમા આપણો સ્વભાવ બની જવી જોઇએ. એ એટલી સહજ થઇ જાય કે ક્ષમા કરી એવો આભાસ સુદ્ધાં આપણને ન થાય.

ક્ષમા અર્થાત્ પૃથ્વી. પૃથ્વી સહજ ભાવે આપણા સૌનો ભાર ઉપાડે છે. આપણે એને કષ્ટ આપીએ છીએ તેનો તેને ખ્યાલ સુદ્ધાં નથી આવતો. આપણે એને ખોદીએ છીએ તો યે તે તો બદલામાં હર્યોભર્યો મોલ જ આપે છે. એમ એના સ્વભાવમાં જ ક્ષમા છે ક્ષમાનો યે જો આપણા માથા પર ભાર રહે તો તે શક્તિ નથી બનતી.

જ્ઞાનદેવ મહારાજે એક પ્રાર્થનામાં કહ્યું છે કેઃ **शांति क्षमा, ऋद्धि-समृद्धि हि पाहतां मज उपाधि-** કોઇ પર દયા, ક્ષમા કરવી એ પણ એક ઋદ્ધિ-સમૃદ્ધિ છે અને એ પણ મને ઉપાધિ જેવી લાગે છે. કોઇએ અપરાધ કર્યો તો તેનો બદલો લેવાની, તેને શિક્ષા કરવાની વૃત્તિ થાય છે. અને ચિત્ત પર એ વાતનો ભાર જણાય છે. એવી જ રીતે મારો અપરાધ કર્યો હોય એને ક્ષમા કરવાની વૃત્તિનો યે ચિત્ત પર ભાર રહે છે. એમ બને તો ક્ષમામાંથી કોઇ શક્તિ નિર્માણ નથી થતી. કવિઓએ કહ્યું છે કે ચંદનવૃક્ષને કુહાડીથી કાડીએ છીએ તો યે કુહાડી સુદ્ધાંને તે સુગંધિત કરી મૂકે છે, અર્થાત્ કુહાડીને માત્ર ક્ષમા આપે છે એટલું જ નહિ, પણ તેને પોતાનો ગુણ પણ અર્પે છે. એવી જ રીતે સ્પર્શમણિને લોઢાનો પ્રહાર કરવા છતાં ય લોઢાનું તે સોનું બનાવી દે છે. મતલબ કે ક્ષમા એમનો સ્વભાવ બની ગઇ છે.

એકદમ આ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. તે માટે તો સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ. પ્રયત્નપૂર્વક ક્ષમાનો ગુણ વિકસાવતા રહેવાની સાધકને આવશ્યકતા છે. અંદર ક્રોધાદિક વિકારો પડ્યા હોય તેને કાબૂમાં રાખીને ક્ષમા આપીએ તો તે સારું જ છે. પરંતુ ક્ષમાનું તે પૂર્ણ સ્વરૂપ નથી. સહજભાવે ક્ષમા કરાઇ હોય ત્યારે જ તેની શક્તિ પ્રગટ થાય છે. આપણે ક્ષમા કરી છે એવો ભાસ પણ ન થાય અને ક્ષમા સિવાય બીજું કંઇ આચરણ આપણે માટે શક્ય જ ન હોય ત્યારે તે આપણો સ્વભાવ બની ગઇ છે એમ કહેવાય.

વસિષ્ઠ અને વિશ્વામિત્રનો પ્રસંગ જાણીતો છે. વિશ્વામિત્ર એમ તો બહુ મોટા તપસ્વી હતા, પણ વસિષ્ઠ માટે એમના મનમાં મત્સર પેદા થયો. તેમણે વસિષ્ઠના પુત્રને મારી નાખ્યો તો યે વસિષ્ઠે કંઇ ગુસ્સો કર્યો નહિ. આથી તો વિશ્વામિત્ર વધુ ધૂંઆપૂંઆ થઇ ગયા અને એમણે વસિષ્ઠને ય મારી નાખવાનું નક્કી કર્યું. એક દિવસ વસિષ્ઠ અને અરુંધતી બેઠાં હતાં. ઉજ્જ્વળ ચાંદની હતી. પતિ-પત્નીનો વાર્તાલાપ ચાલતો હતો. વિશ્વામિત્ર છુપાઇને તે સાંભળી રહ્યા હતા. તેઓ વસિષ્ઠને મારવા આવ્યા હતા. અરુંધતીએ વસિષ્ઠને કહ્યું કે ચાંદની કેટલી સુંદર છે! વસિષ્ઠ બોલ્યા : 'હા, બહુ સુંદર છે, વિશ્વામિત્રની તપસ્યા જેવી મનોહર છે! આ સાંભળતાં જ વિશ્વામિત્ર પીગળી ગયા. એમનાથી રહેવાયું નહિ અને એકદમ બહાર આવી વસિષ્ઠના ચરણોમાં માથું ઝૂકાવી દીધું. તેમને બેઠા કરતાં વસિષ્ઠે કહ્યું : **ब्रह्मर्षे! उत्तिष्ठ**-બ્રહ્મર્ષિ ઊઠો.' ત્યાં સુધી વસિષ્ઠે વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ નહોતા કહ્યા. જ્યારે વિશ્વામિત્રે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમ્રતાપૂર્વક પ્રણામ કર્યાં ત્યારે તે સંજ્ઞા વસિષ્ઠે એમને આપી. એમ વસિષ્ઠ ઋષિ ક્ષમા માટે મશહૂર થઇ ગયા. એમની ક્ષમાની વિશેષતા છે. એમણે અપરાધ સહન કરી લીધો એટલું જ નહિ, પણ અપરાધીના ગુણનું જ સ્મરણ કરતા રહ્યા, દોષ જોયા જ નહિ. પોતાના પર એણે અપકાર કર્યો છે તે યાદ પણ ન કર્યો. આ જે સહજ ક્ષમા છે તે ખૂબ મહાન શક્તિ છે.

ક્ષમાનો બીજો અર્થ 'યક્ષપ્રશ્ન'માં આવે છે. ધર્મરાજાને પૂછવામાં આવ્યું કે ક્ષમા એટલે શું ? એમણે જવાબ આપ્યો : ક્ષમા દ્વંદ્વસહિષ્ણુતા-દ્વંદ્વસહિષ્ણુતાને ક્ષમા કહે છે. ઠંડું-ગરમ, માન-અપમાન વગેરે દ્વંદ્વ કેટલાક ભૌતિક હેય છે, કેટલાક સામાજિક. ગીતામાં યોગી, સંન્યાસી, ગુણાતીત પુરુષ એમ દરેકના વર્ણનમાં દ્વંદ્વસહિષ્ણુતા વ્યાપક વસ્તુ છે. માન-અપમાન, સુખ-દુઃખ બધું સહન કરવું પડે છે.

દુઃખ તો માણસ સહન કરે જ છે. પણ સુખ સહન કરવાની વાત સામાન્ય રીતે નથી બોલાતી. પરંતુ સુખમાં યે માણસે સંભાળ રાખવી પડે છે. ચઢાણ અને ઉતરાણ બંને વખતે ગાડાવાળાએ સાવધાન રહેવાનું હોય છે. માત્ર જ્યારે સમતોલ રસ્તો હોય ત્યારે જ તે નિશ્ચિંત રહે છે. સુખ-દુઃખથી પર એવી જે મધ્ય-ભૂમિકા છે તે સરળ માર્ગ છે. સુખાવસ્થા એટલે ઉત-રાણ. બળદો બેકાબૂ દોડ્યા કરશે, તો ગાડું પડશે ખાડામાં. સુખમાં મોહ પમાય છે. તો ઇંદ્રિયો આપણને તાણી લઇ જાય છે. દુઃખ ચડાણ જેવું છે. બળદો આગળ વધવા ઇચ્છતા નથી. ઇન્દ્રિયો આગળ જવાની હિંમત જ નથી કરતી. કોઇ કોઇ વાર કર્તવ્યપરાયણ માણસને દુઃખ તરફ જવું પડે છે ત્યારે ઇંદ્રિયોને બળ-પૂર્વક આગળ ધકેલવી પડે છે. એટલે સુખ અને દુઃખ બંનેમાં ખતરો છે જ. એટલે જેમ દુઃખમાં સાવધાની રાખવાની છે એમ સુખમાં પણ સાવધાનીની જરૂર છે.

આપણો કોઇ મિત્ર દુઃખમાં હોય તો આપણે તેની મદદે પહોંચી જઇએ છીએ. એના પ્રત્યે સહાનુભૂતિ દાખવીએ છીએ, અને એનું દુઃખ દૂર કરવા કોશિશ કરીએ છીએ. એવી જ રીતે જો કોઇ મિત્ર સુખમાં પડ્યો હોય, ખૂબ એશઆરામમાં ગરકાવ હોય, ભોગમાં રચ્યોપચ્યો હોય તો આપણને તેની દયા આવવી જોઇએ, તેની પાસે જવું જોઇએ અને તેને સમજાવવો જોઇએ કે તારું પતન થઈ રહ્યું છે તે ઠીક નથી. દુઃખ સારુ જે વૃત્તિ રાખીએ છીએ તે જ સુખ સારુ યે રાખવી જોઇએ અને દુનિયામાં બંને સહન કરી લેવાં જોઇએ. એમ અહીં ક્ષમાનો દ્વંદ્વસહિષ્ણુતા એવો વ્યાપક અર્થ થાય છે.

ક્ષમાના વિધાયક સ્વરૂપના વિવિધ ટપ્પાઓ ગણાવી શકાય. કોઇએ અપરાધ કર્યો તો તેના પર ગુસ્સે ન થવું, તેને શિક્ષા ન કરવી એ પહેલી અવસ્થા છે. બીજી અવસ્થા છે એ અપરાધ ભૂલી જવાની. આપણા પર અપકાર કરનારમાં પણ કંઇક ગુણ પડ્યા હોય એ ગ્રહણ કરવા એ ત્રીજી અવસ્થા છે. ચોથી અવસ્થા અપમાન કરનાર પર પણ ઉપકાર કરવાનો મોકો જતો ન કરવો. આ બધું જતું ન કરવા છતાં ય ચિત્ત પર એનો કશો યે ભાર ન અનુભવવો અને સ્વભાવ મુજબ જ સહજ-ભાવે ક્ષમાનું આચરણ થઇ રહ્યું હોય એ પાંચમી અવસ્થા છે.

ક્ષમાની ઉત્તરોત્તર વિકાસશીલ એવી આ ભૂમિકાઓ છે. એનાથી સામાજિક કાર્ય માટે બહુ વિશાળ ક્ષેત્ર ખૂલી જાય છે. આજકાલ આપણે જેને સત્યાગ્રહ કહીએ છીએ એ પણ સૂક્ષ્મ અર્થમાં ક્ષમાનું જ સ્વરૂપ છે. ઇશુને પૂછવામાં આવ્યું કે અમે એક વાર ક્ષમા કરીએ એની સામી વ્યક્તિ પર કંઇ અસર ન થાય તો શું કરવું ? એમણે કહ્યું કે સાત વખત ક્ષમા કરો. ફરી પૂછવામાં આવ્યું કે સાત વાર ક્ષમા કર્યાં છતાં યે કાંઇ પરિણામ ન આવે તો ? ઇશુએ કહ્યું કે તો સાતસો ને સાત વાર ક્ષમા કરો. મતલબ કે ક્ષમા જ ક્ષમા કરતા જાઓ.

મહાભારતમાં એવી વાત આવે છે કે શિશુપાલના સો અપરાધ તો કૃષ્ણે સહન કરી લીધા પણ જ્યારે એનાથી યે તે આગળ વધ્યો ત્યારે તેને સજા કરી. આ ક્ષત્રિયોનો દાખલો છે. સો વાર સહન કરવું એ તેમને માટે ગૌરવની વાત ગણાય. ક્ષમાથી ક્ષાત્રવૃત્તિ વિશેષ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગૌરવાંક્તિ બને છે એમ બતાવવા આ દાખલો છે. ક્ષમા એક એકાંકી ગુણ છે. એમ માનીને કહેવાયું છે કે: **न श्रेयः सततं तेजो, न नित्यं श्रेयसी क्षमा**– હંમેશાં તેજસ્વીતા કલ્યાણકારી નહિ, હંમેશાં ક્ષમા કરવી યે સારી નહિ. આ એક સામાન્ય અર્થનું વચન છે. તેજ અને ક્ષમાને એકમેકના પૂરક અને કંઈક અંશે વિરોધી પણ માનવામાં આવ્યાં છે.

પરંતુ ક્ષમા એ જ જ્યાં સહજવૃત્તિ હોય ત્યાં એકસો વાર તો ક્ષમા કરી, હવે વધુ નહિ–એમ બની જ ન શકે. ક્ષમાને જ્યાં એક શક્તિરૂપે જોવાય છે ત્યાં દુર્બળતા નથી બનતી. જેણે સો વાર ક્ષમા કરીને એકસો એકમી વાર સજા કરી તેણે ક્ષમાને એક શક્તિ નથી માની. તેને મન ક્ષમા તો હજી શસ્ત્ર જ છે. જો ક્ષમાને શક્તિ માને તો કેટલી વખત ક્ષમા કરી એની ગણતરી ન હોય. ક્ષમાને જ જો શસ્ત્ર માન્યું હોય તો એક વખતની ક્ષમાથી કંઈ પરિણામ ન આવે ત્યારે એનાથી વધુ વ્યાપક અને ઊંડી ક્ષમાનું આચરણ થાય. સૌમ્યમાંથી સૌમ્યતર અને સૌમ્યતમની એ પ્રક્રિયા હોય.

જેમ કે તલવારથી કામ ન થયું તો પિસ્તોલ કાઢી અને પિસ્તોલથી ન ચાલ્યું તો સ્ટેનગન કાઢી. શસ્ત્ર પર એની શ્રદ્ધા છે એટલે તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ શસ્ત્રનો ઉપયોગ તે કરતો રહે છે. એવી રીતે જેની ક્ષમા પર શ્રદ્ધા છે એ ક્ષમા જ કરતો રહેશે. ક્ષમાની તીક્ષ્ણતા એની સૌમ્યતામાં જ હશે. એમ એક શક્તિરૂપે તે ક્ષમા તરફ જોશે. ક્ષાત્રવૃત્તિનો જમાનો હવે પૂરો થઇ રહ્યો છે. આજે વિજ્ઞાનયુગમાં ક્ષાત્રવૃત્તિનો સવાલ રહ્યો નથી. આકાશમાંથી બોંબ ફેંકશે. ઘેર બેઠાં બેઠાં રોકેટો મોકલાશે. એમાં ક્ષાત્રવૃત્તિ આવી ક્યાં? એમાં તો યોજનાપૂર્વક સંહાર કરવાની વાત છે. એને હું હિંસા નથી કહેતો. એ હિંસા નથી, સંહાર જ છે. આજે હવે એવા ભયાનક શસ્ત્રોનો મુકાબલો કરનાર કોઇ શસ્ત્ર હોય તો તે 'ક્ષમા' થઇ શકે છે.

**ક્ષમામાં ક્ષમ્** ધાતુ છે. ગુજરાતીમાં, 'ખમવું,' કહે છે. ક્ષમા કરવી એટલે સહન કરવું–ખમવું. 'ખમવું' એ શબ્દ ક્ષમ્ ધાતુ પરથી જ બન્યો છે પૃથ્વીની માફક સહન કરવું છે, એટલું જ નહિ, બલકે જે પ્રહાર કરે છે એને આપણા તરફથી કંઇ ને કંઇ આપવું છે. એવી રીતે જો ક્ષમાનો પ્રયોગ થાય છે તો તે એક સૂક્ષ્મતમ અને સૌમ્યતમ સત્યાગ્રહનું સ્વરૂપ થાય છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે: **क्षमाशस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति** જેના હાથમાં ક્ષમાનું શસ્ત્ર છે એને દુર્જન શું કરી શકવાનો? લોકો આ વાત માને છે. મોટા–મોટા લોકો માને છે. તેઓ પ્રામાણિક પણ છે, પરંતુ સાથેસાથ તેઓ એમ માને છે કે વ્યક્તિગત ક્ષેત્રમાં ક્ષમા ઠીક છે પરંતુ સામાજિક ક્ષેત્રમાં એ કામ ન આવે. એમ તો એક નવું દ્વૈત ઊભું થઇ જાય છે કે વ્યક્તિગત ક્ષેત્રમાં જે ગુણ કામનો હોય તે સામાજિક ક્ષેત્રમાં નકામો બની જાય. આ તો નૈતિક ક્ષેત્રમાં દ્વૈત પેદા કરનાર એક નવો સંપ્રદાય બની ગયો. એ મને માન્ય નથી. હું માનું છું કે જે નીતિ વ્યક્તિના જીવનમાં લાગુ પડે છે અને તેને લાભદાયી નીવડે છે તે જ નીતિ સમાજ જીવનમાં યે લાગુ થાય છે અને ત્યાં યે આપણને લાભ જ કરે છે. વ્યક્તિગત ધર્મ અને સમાજ ધર્મ વચ્ચે વિરોધ ન સંભવે.

('જનસંદેશ'માંથી સાભાર)

**જેને ગીત ગાવું છે તેને ગીત મળી રહે છે**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાભાવ

લેખક : શાહ ચત્રભુજ જેચંદ

હિંસા-અહિંસા અને ક્ષમાને પરસ્પર ગાઢ સંબંધ છે, હિંસાનું નિવારણ અને અહિંસાનું પરિણામ ક્ષમાભાવ છે. હિંસાના પરિણામમાંથી બચવા, તેનું નિવારણ કરવા હિંસામય કૃત્યની ક્ષમા માગવી અને હિંસા કરનાર ઉપર પણ ક્ષમાભાવ ધારણ કરવો એ અહિંસાનો ઉત્કૃષ્ટ પ્રેમમય પરિણામ છે.

સામાન્ય રીતે માણસ હાલતાં-ચાલતાં, જાણતાં-અજાણતાં હિંસા અથવા બીજાનાં નુકશાન, અપમાન, નિંદા વિગેરે નહિ કરવાં, કરવા જેવાં કૃત્યો કરે છે. મનુષ્ય અને બીજા મોટા પશુ-પંખીઓ વિગેરે પ્રાણીઓની હિંસા અથવા બીજી રીતે શારીરિક નુકશાન કરવા સિવાય પણ નાના મોટા ઘણા જીવ જંતુઓની હિંસા સીધા અથવા આડકતરી રીતે થયા કરે છે. હાલનું જીવન યાંત્રિક સાધનોથી ચાલતા મોટા નાના ઉદ્યોગધંધા, ભોગવિલાસ, ખાનપાન, મુસાફરી અને જંતુનાશક દવાના ઉપયોગ વિગેરે કારણે સીધી રીતે હિંસા કરવાનો કોઈ ઇરાદો નહિ છતાં એટલું હિંસામય થયું છે, થતું જાય છે કે કેટલા અસંખ્યાતા અનંતા જીવોની દરરોજ હિંસા થતી હશે તે કલ્પનામાં આવવું મુશ્કેલ છે. તે સંબંધી ભાગ્યે જ કોઇ વિચારે છે. એ તો જીવન વ્યવહારનો જાણે દરરોજનો ક્રમ થઈ ગયો છે. જેનામાં ધર્મભાવના જાગૃત હોય તે આત્મ નિરીક્ષણ કરી વિચારે તો હાલની જીવન પદ્ધતી જ ભયંકર રીતે થતી હિંસામય દોષિત લાગશે. હાલનો જીવન વ્યવસાય જ એવો થઇ ગયો છે કે તે જાણવા છતાં તેવા હિંસામય જીવન વ્યવહારમાંથી ઘણાખરા છૂટી શકે તેમ નથી. હિંસામય જીવનથી છૂટાય નહિ તો તેના પાપબંધમાંથી પણ છૂટાય નહિ અને તેના દુઃખમય પરિણામ એક અથવા બીજા ભવમાં ભોગવવા પડે. તે પ્રમાણે સામાન્ય રીતે હિંસામય જીવન પ્રવૃત્તિમાંથી છૂટાય નહિ તો તે કારણે થતાં પાપ દોષ કેમ ઓછા લાગે અથવા હળવા થાય તે વિચારવાનું રહ્યું. જૈન ધર્મ તેનો બહુ સરસ ઉપાય બતાવે છે. અને તે જાણતાં અજાણતાં જે કોઈ જીવોને હિંસાથી અથવા બીજી રીતે નુકશાન દુઃખ ઉપજાવ્યાં હોય તે બાબત તેમની ક્ષમા માંગવી અને તે માટે કોઇ ને કોઇ પ્રાયશ્ચિત કરવું. જૈન ધર્મમાં પ્રતિક્રમણથી જે આવશ્યક ક્રિયા કહી છે તેનો મુખ્ય હેતુ એ છે કે અઢાર પાપસ્થાનક સૂત્રમાં વર્ણવેલ છે તેવાં આ સંસારના ચોરાસી લાખ જીવયોનિના જીવો પ્રત્યે જે કાંઈ પાપ કાર્યો જાણતાં અજાણતાં કર્યાં કરાવ્યાં અનુમોદ્યાં હોય તે સંબંધી ક્ષમા માગવી પ્રાયશ્ચિત કરવું અને પાપના દોષમાંથી મુક્ત અથવા હળવા થવું. પ્રતિક્રમણમાં વંદિત્તુ સૂત્રના પાઠનો સ્વાધ્યાય કરવાનો હોય છે. તેમાં જુદા જુદા વ્રત નિયમ વિરૂદ્ધ પાપમય પ્રવૃત્તિના વર્ણન પછી ઘણી ગાથામાં "પડિક્કમે દેસિઅં સવ્વં" તથા "તં નિંદે તંચ ગરિહામિ" પદ આવે છે અને છેવટ સૌના ભાવ પૂર્વક જીભે ચડતી સુપ્રસિદ્ધ ક્ષમાપનાની ગાથા "ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમતુ મે" આવે છે તે આખા વંદિત્તુ સૂત્રનો સાર છે. તે મુજબ પાપમય કૃત્યો થયાં હોય તેનું પ્રાયશ્ચિત કરવું તેમાંથી પાછા હઠવું, જે કોઇ જીવની જે કોઇ રીતે વિરાધના અપરાધ થયા હોય તેની ક્ષમા માગવી અને પોતા પ્રત્યે બીજાએ તેવાં પાપ અપરાધ કર્યાં હોય તેને ક્ષમા આપવી આવું પ્રતિક્રમણ દરરોજ બની શકે નહિ તો પાક્ષિક અથવા ચૌમાસિક અથવા છેવટ સાંવત્સરિક પ્રતિક્રમણ તે દરેક શ્રાવક શ્રાવિકાએ અવશ્ય કરવું જ જોઇએ. અને ઘણાખરા જૈનો પર્યુષણમાં તેમ કરે પણ છે. ધર્મ ભાવનાયુક્ત મનુષ્યોએ પાપકર્મમાંથી મુક્ત થવા અથવા પાપકર્મનો ભાર ઓછો કરવા જૈન ધર્માચારની એ વિશિષ્ટ પદ્ધતિ છે. આ બાબત જૈનોને વિશેષ સમજાવવું પડે તેમ નથી. ખરૂં વિચારવાનું એ છે કે ધર્મક્રિયાની એક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રણાલિકા તરીકે પ્રતિક્રમણ કરવામાં આવે તે અથવા બીજી સુયોગ્ય રીતે જીવન સાચો ક્ષમાભાવ ધારણ કરવાનો છે. અંતરમાં સાચા પ્રાયશ્ચિત અને ક્ષમા ધારણ સિવાય પ્રતિક્રમણની બધી ક્રિયા નિષ્ફળ જડવત્ ગતાનુગતિક થઇ જાય. હાલમાં મોટા ભાગે તેવું જ ચાલે છે અને પ્રતિક્રમણની ગંભીરતા બહુ ઓછાને સમજાય છે તેથી પ્રતિક્રમણની ચાલતી ક્રિયા દરમ્યાન સંવત્સરી જેવા દિવસે પણ ઠઠ્ઠા મશ્કરી વિગેરે ચાલે છે. પ્રતિક્રમણ કરનારે એ પ્રતિક્રમણના સૂત્રો અને ખાસ કરીને ઇરિયા વહિયં, ગુરૂ વંદણા, સાત લાખ, અઢાર પાપ સ્થાનક અને વંદિત્તુ સુત્ર તથા પંચાચારના નાણંમિ સૂત્રનો અર્થપૂર્વક અભ્યાસ કર્યો હોય તો બાળક કે મોટા ગમે તે હોય તે કોઇની ઠઠ્ઠા મશ્કરી તો કરે જ નહિ. એ પ્રતિક્રમણ સૂત્રોના અર્થપૂર્વક અભ્યાસ તો દરેક જૈને કરવો જ જોઇએ તો જ પ્રતિક્રમણ ક્રિયાના હાર્દ ભાવના સમજાય તે ઉપરાંત બને તેમણે નવ તત્ત્વ અને કર્મગ્રંથના શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઇએ. તો જૈન દર્શન તત્ત્વજ્ઞાન આધારે આત્મા અને કર્મ-પુદ્દગલનું સ્વરૂપ અને જીવાત્માના અંતિમ ધ્યેય મોક્ષનું સ્વરૂપ અને અનંતકાળ દુઃખમય સંસાર ભ્રમણમાંથી મુક્ત થઇ શાશ્વત સુખની પ્રાપ્તિનો માર્ગ સમજાય. તે માટે દરેક ગામના સંઘ અથવા ધર્મનિષ્ઠ શ્રીમંત ગૃહસ્થોએ યોગ્ય ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પુસ્તકો વિગેરે માટે મદદ સગવડ કરવી જોઇએ. જીવન-નિર્વાહ વ્યવહારના સાધન તરીકે આધુનિક વ્યવહારિક અભ્યાસ માટે દરેક બાળક દીઠ દર વરસે સેંકડો અને હજારો રૂપીઆના ખર્ચ થાય છે તેના દશમા ભાગે પણ ધાર્મિક અભ્યાસ પાછળ ખર્ચવામાં આવે તો પરિસ્થિતિ ઘણી સુધરી જાય, અને ધર્મ દૃષ્ટિએ ચાલતી ઘણી પ્રવૃત્તિઓ અને ઘણાનું જીવન સાર્થક થાય.

ક્ષમા ભાવના ગંભીર વિચારણા કરવા સાથે આ પ્રાસંગિક વાત કરી છે. હવે દરેક ધર્મપરાયણ મનુષ્યે જીવનમાં સાચો ક્ષમાભાવ ધારણ કરવા વિચારવાનું છે. અન્ય જીવો પ્રત્યે કરેલ પાપકર્મો માટે ક્ષમા માગવી એ જૈન જનતા સહેલાઇથી સમજી શકે છે. અન્ય ધર્મોમાં પણ આવી ક્ષમા માગવાની આપવાની પ્રક્રિયા એક અથવા બીજી રીતે છે. પણ જે ક્ષમા માગવી તે પ્રાયશ્ચિતપૂર્વક ફરી ફરીને તેવાં પાપકર્મ અપરાધ વિરાધના નહિ કરવાની દૃષ્ટિ રાખીને માગવાની છે. નવાં પાપકર્મ અપરાધ એકી સાથે બંધ થાય નહિ તો પણ ધીમે ધીમે તે બંધ કરવાની દ્રષ્ટિ રાખીને ક્ષમા માગવાની છે. તો જ પાપકર્મમાંથી ધીમે ધીમે મુક્ત થવાય અને પાપોદયના માઠા પરિણામ ભોગવવા પડે નહિ. હાલની જીવન પદ્ધતિ એવી હિંસામય છે કે તે બાબત સતત જાગૃતિ રાખવાની જરૂર છે, પાપભીરૂ થવાની જરૂર છે અને હિંસામય પાપકૃત્યો થઇ જાય તેનો પશ્ચાતાપપૂર્વક હૃદયમાં ડંખ ધારણ કરવાની જરૂર છે. એકલી હિંસાથી નહિ પણ અઢાર પાપ સ્થાનક સૂત્રના વર્ણન મુજબ જે જુદી જુદી રીતે પાપ બંધાય છે તેનો સર્વાંગી ખ્યાલ રાખીને ક્ષમા અને પ્રાયશ્ચિત માગવાના છે. આ કાળમાં સીધી હિંસા ઉપરાંત ક્રોધ, માન, સત્તા, ધન, લોભ, અસત્ય, કપટ, ભાવ, ચોરી, પરિગ્રહ, રાગદ્વેષ, ઇર્ષ્યા, કોઇના વિષે ખોટા આરોપ, આળ મૂકવા, ચાડીચુગળી કરવા, નિંદા કરવી, કોઇના દોષ પ્રગટ કરવા વિગેરે રીતે પાપકર્મ વધારે બંધાય છે. આ દુનિયામાં જે અશાંતિ કલેષ દુઃખ વિગેરે વધારે જોવામાં આવે છે તે સીધી હિંસા ઉપરાંત ઘણું ખરૂં આવાં પાપમય કૃત્યોનું પરિણામ છે. તે જેમ બને તેમ ઓછાં થાય તેમાં સર્વનું કલ્યાણ છે.

પાપના દુઃખદ પરિણામમાંથી મુક્ત થવા પાપકર્મોની ક્ષમા માગવી તેમાં પોતાનું જ હિત છે અને તે સહેલાઇથી સમજી શકાય અને આચરી શકાય તેવું છે. ક્ષમાભાવનું વધારે સમજવા જેવું અને જે આચરણમાં વધારે મુશ્કેલ છે તે રહસ્ય ક્ષમા માગવા ઉપરાંત ક્ષમા આપવામાં છે તે ઉપર હવે વિચાર કરીએ. કોઇ પ્રાણી આપણી ગમે તેટલી હિંસા કરે, આપણને ગમે તેટલા દુઃખ આપે, નુકશાન અપમાન કરે તો પણ તેના પ્રત્યે ક્ષમા ધારણ કરવી, તેના પ્રત્યે ક્રોધ રોષ કરવો નહિ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેનું ખરાબ ઇચ્છવું નહિ પણ ભલું ઇચ્છવું તે ક્ષમા ભાવનો પ્રેમમય પરિણામ છે. દરેક મનુષ્ય હિંસાની સામે પ્રતિહિંસા કરે, ગાળ આપનારને સામે ગાળ આપે, નુકશાન અપમાન કરનારનું સામું નુકશાન કરે, વેરનો બદલો વેર ગણે તો આ દુનિયાનો જીવન વ્યવહાર એટલો હિંસક દુઃખમય કલેશમય થઇ જાય કે સુખ શાંતિપૂર્વક કોઇ જીવી શકે નહિ. પણ સંસ્કારી મનુષ્ય-સમાજમાં રહેલ અજાણે પણ ઉંડાણમાં ધર્મભાવનાનો એક એવો ગુણ પ્રભાવ છે કે સામાન્ય રીતે તેવું બહુ ઓછું થાય છે અને મનુષ્ય સમાજ કાંઇક સુખ શાંતિપૂર્વક જીવી શકે છે. દરેક ધર્મમાં હિંસાની સામે હિંસા નહિ કરવાનો, ગાળ આપનારને સામી ગાળ નહિ આપવી નુકશાન અપમાન કરનારનું સામે નુકશાન અપમાન નહિ કરવાનો ઉપદેશ છે. જૈન, બુદ્ધ તેમજ બીજા ધર્મોમાં તેમજ ક્રિશ્ચિયન ધર્મમાં ગમે તેવા હિંસાદિક કષ્ટો ઉપસર્ગોના પ્રસંગે ક્ષમા ધારણ કરવાનો, તે સહન કરી લેવાનો ખાસ ઉપદેશ છે. તમાચો મારનારને સામો બીજો ગાલ ધરી વધારે તમાચા મારી તેનો ક્રોધ શાંત કરવા દેવાનો ઉપદેશ છે. હિંસાદિક કરનારનું પણ કેમ ભલું થાય તેની કરૂણામય વિચારણાનો ઉપદેશ છે. તે ધર્મભાવના અંતરમાં રહેલ આત્માના ઉત્કૃષ્ટ ક્ષમાભાવનો પ્રેમમય પરિણામ છે. પણ સામાન્ય રીતે ક્ષમાભાવ ધારણ કરવાનું કહેવું જેટલું સહેલું ચિત્તાકર્ષક છે તેટલું તેનું પાલન મુશ્કેલ છે. તે હિંસાદિક પ્રસંગે ઘણાખરાના વર્તન ઉપરથી જોઇ શકાય છે. મોટા ભાગે જેવાની સાથે તેવા થવાની વૃત્તિનું પાલન થય છે અને તે રીતે હિંસાની સામે હિંસા વિગેરેનો બચાવ થાય છે. પણ આત્મહિત દષ્ટિએ વિચારતાં કોઈપણ હિંસાદિ કાર્યનો બચાવ થઇ શકે નહિ, તેવી જ રીતે પ્રતિહિંસાનો પણ બચાવ થઇ શકે નહિ. ઉલટું પ્રતિહિંસા વિગેરે વધારે ખરાબ છે. કારણ તેથી અરસ્પરસ વૈરભાવ બંધાય છે, વધે છે અને કેટલાક ભવો સુધી તે અરસ્પરસ ચાલુ રહે છે, વૈરના દુઃખદ પરિણામ વિપાક અનુભવાય છે, અને ભવ ભ્રમણનો અંત આવતો નથી. આ બાબત સમરાદિત્ય કેવલી ચારિત્રના કથાનક તથા બીજા ઘણા દષ્ટાંતોથી સમજાય છે. તેથી આપણા પ્રત્યે કોઇ હિંસાદિક કૃત્યો કરે ત્યારે પ્રતિહિંસા નહિ કરતા, જેવાની સામે તેવા નહિ થતાં, તે બધું બને તેમ સમભાવે સહન કરી લેવામાં, હિંસા કરનારના ક્રોધ રોષ દ્વેષ ઠાલવવા દઇ તેને શાંત થવામાં, ક્ષમાભાવ પ્રેમભાવ ધારણ કરવામાં પોતાનું તેમજ ઘણીવાર સામાના આત્માનું પણ શ્રેય સધાય છે. અગ્નિ જવાળાનું શમન અગ્નિ પેદા કરે તેવા ઇંધન પદાર્થથી થઈ શકે નહિ. અગ્નિ શાંત કરવા જળસિંચન કરવા બદલે તેમાં ઇંધન પૂરવામાં આવે તો અગ્નિ વધતો જ જાય. તે પ્રમાણે આખું જગત્ ચાલે તો આખી દુનિયાની પ્રાણી સૃષ્ટિ ભસ્મીભૂત થઇ જાય, કોઇ બચે જ નહિ. તે પ્રમાણે હિંસા ક્રોધ રૂપી અગ્નિને સામી હિંસા ક્રોધથી શાંત કરી શકાય નહિ. તેને ક્ષમા અને પ્રેમભાવ રૂપી જળ સિંચનથી જ શાંત કરી શકાય. તે પ્રમાણે હિંસા અપરાધ કરનાર ઉપર ક્ષમાભાવ પ્રેમભાવ ધારણ કરવાથી ઘણાનો હિંસક ભાવ ક્રોધાગ્નિ શાંત થઇ જાય છે, ઘણાને પોતાની ભૂલ સમજાય છે અને પ્રાયશ્ચિત પૂર્વક ઘણાના આત્માનો ઉદ્ધાર થાય છે. તેમ છતાં કોઇ અભવ્ય દુર્ભવ્ય દુષ્ટ આત્મા પોતાના હિંસક વેરભાવ છોડે નહિ તો પણ સામેથી ક્ષમા ધારણ કરી વૈર અગ્નિમાં પ્રતિકારરૂપ નવું ઇંધન પૂરવામાં આવે નહિ તો અગ્નિ વધવાને બદલે આપોઆપ બળીને શાંત થઇ જાય છે, તેમ હિંસક ક્રોધાગ્નિ અંતે શાંત થાય છે. ભગવાન મહાવીર ઉપર ઘણા મરણાંતિક ઉપસર્ગો આવ્યા તે દરેક પ્રસંગે ભગવાને અપૂર્વ ક્ષમાભાવ ધારણ કર્યો હતો. ચંડકૌશિક જેવા કાતીલ વિષધર સર્પના ડંખનો પ્રતિકાર કરવાને બદલે તેને પ્રતિબોધ આપી ઉદ્ધાર કર્યો; સંગમ જેવા અભવ્યદેવે અનેક ઉપસર્ગો કરવા છતાં ભગવાનને ધર્મધ્યાનથી ચલિત કરવામાં તે નિષ્ફળ ગયો ત્યારે તે અભવ્ય દેવના આત્માનો ઉપદેશથી કોઈ રીતે ઉદ્ધાર થઈ શકે તેમ નથી અને તેણે વિનાકારણ પોતાનો દુઃખમય સંસાર વધારેલ છે તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણી ભગવાનને તેના ઉપર કરૂણાનાં આંસું આવ્યાં; કાનમાં ખીલા ઠોકનાર ગોવાળીયા ઉપર અને જે ભગવાને ગોશાળાને એક વખત બીજાની તેજોલેશ્યા સામે શીત લેશ્યા મૂકી મૃત્યુના મુખમાંથી બચાવ્યો હતો તેજ ગોશાળાએ ભગવાન ઉપર દ્વેષભાવથી તેજોલેશ્યા મૂકી ત્યારે પણ તેના ઉપર ભગવાને અપૂર્વ ક્ષમાભાવ પ્રેમ-ભાવ ધારણ કરેલા. જૈન ધર્મના કથા સાહિત્યમાં ક્ષમા-ભાવનાં અનેક ઉત્તમ દૃષ્ટાંતો છે. મહાઘાતક અને મહાપાપી અર્જુનમાલી અને દ્રઢપ્રહાર જેવાએ ધર્મો-પદેશના સંયોગ મળતા હિંસાનો માર્ગ છોડયો અને પ્રાયશ્ચિત માટે ધર્મધ્યાન ઉપર આરૂઢ થયા ત્યારે લોકોના અનેકવિધ પ્રહારો સામે અપૂર્વ ક્ષમા ધારણ કરી કર્મ વિજેતા થઇ સિદ્ધિપદ પામ્યા. મેતાર્ય મુનિને મોદક વહોરાવનાર સોનીના ધ્યાન બહાર ક્રૌંચ પક્ષી સોનાના જવલા ચણી ગયો ત્યારે પોતે નિર્દોષ છતાં પક્ષીનો જીવ બચાવવા ચોરીનો આરોપ પોતા ઉપર આવતા સોનીના હાથે મરણાંતિક ઉપસર્ગ ક્ષમાભાવપૂર્વક સહન કરી મૃત્યુ પામી મેતાર્ય મુનિએ મુક્તિપદ મેળવ્યું, પક્ષીનો જીવ બચાવ્યો. અને અકસ્માત્ પક્ષીએ જવલા વિષ્ટામાં બહાર કાઢતાં સોનીને પોતાની ગંભીર ભૂલ સમજાણી અને મૃત્યુ પામેલ મુનિરાજના જ એ ઘરે મુહપત્તિ લઇ પ્રાયશ્ચિતપૂર્વક સંયમ સ્વીકારી પોતાનું આત્મશ્રેય સાધ્યું. ક્ષમાભાવના ત્રિવિધ ઉપકારનું આ ઉત્તમ દૃષ્ટાંત છે. પાલક જેવા પાપી રાજાની ધર્મ વિરૂદ્ધ માગણીનો અસ્વીકાર કરી ખંધકસૂરિના પાંચસો શિષ્યોએ ઘાણીમાં તલ માફક પીલાવું પસંદ કર્યું, અને ક્ષમાભાવપૂર્વક આત્મ ધ્યાન ધ્યાવી મોક્ષ પ્રાપ્ત કર્યું. પોતાના જ સાસરાના હાથે માથે અગ્નિ મૂકાતા ગજસુ-કુમાર મુનિએ બળતા બળતા પણ ક્ષમાભાવ અને આત્મ ધ્યાન બળે મોક્ષ સાધના કરી. એવા ક્ષમાભાવ-પૂર્વક આત્મ ધ્યાનબળે મોક્ષ સાધનારાં ઘણાં દૃષ્ટાંતો જૈનધર્મ કથા સાહિત્યમાં મળે છે. ભગવાન મહાવીરે પોતાના જ જીવન ચરિત્રથી ક્ષમાભાવનું અત્યંત ઉજ્જવળ અપૂર્વ દૃષ્ટાંત પૂરું પાડેલ છે. તેથી **क्षमा वीरस्य भूषणम्** નું વિશેષણ તેમણે પ્રાપ્ત કર્યું છે અને આપણને ક્ષમાભાવ દ્વારા આત્મશ્રેય સાધનાનો માર્ગ બતાવેલ છે.

ધર્મપ્રાપ્તિના અને સંસારથી કર્મમુક્ત થવાના અનેક યોગો માર્ગો છે. તેમાં અહિંસા સાથે ક્ષમાભાવ, કરૂણામય પ્રેમભાવ, તથા પ્રાયશ્ચિત અને આત્મ સંશોધન-પૂર્વક ધર્મધ્યાનનું મહત્ત્વ ઘણું છે. ધર્મધ્યાન માટે આ પર્યુષણના દિવસોમાં અને ખાસ કરીને સંવત્સરીના ક્ષમાપના પ્રસંગે આપણે જે કોઇ જીવાત્માના જાણતા અજાણતા હિંસા અપરાધ વિરાધના કર્યાં હોય તે બદલ તે સૌની પ્રાયશ્ચિતપૂર્વક ક્ષમા યાચીએ તેમજ જે કોઇ જીવે આપણને હિંસાવઅપરાધ વિરાધના કર્યાં હોય તે સૌને અંતઃરણપૂર્વક ક્ષમા આપીએ. તે રીતે આપણા જીવનમાંથી વૈરવિરોધ કર્મનો ભાર હળવો કરીએ અને આત્મ સાધનામાં આગળ વધીએ.

## ધર્મી—અધર્મી

જ્ઞાનની વાતો કરનારનું, પ્રભુનું નામ લેનારનું, પોતાની જાતને ધર્મિષ્ઠ તરીકે ઓળખાવનારનું એ કર્તવ્ય બની રહે છે કે પોતે કયાંથી આવ્યો છે, કયાં જવાનો છે ને ત્યાં જવા માટેનો ઉત્તમ માર્ગ કયો છે તેનો સતત વિચાર કરે ને જાગૃતિ સેવે.

ધર્મી અને અધર્મીમાં આટલું જ અંતર છે. ધર્મી પૂર્વજન્મ અને પુનર્જન્મને માને છે જ્યારે અધર્મી એક જ જન્મ માને છે.

ધર્મી પ્રારંભમાં અનંત જુએ છે. અધર્મી અનંતમાં અંત માને છે.

**શ્રી ચિત્રભાનુ** (દિવ્યદીપ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાભારતમાં તીર્થંકર ભગવાન

લે. : ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

ભારતીય સાહિત્ય અને વૈદિક ધર્મના સર્વસંગ્રહાત્મક અપૂર્વ ગ્રન્થ મહાભારતમાં વેદો, ઉપનિષદ, સાંખ્ય, યોગ વગેરેનું રહસ્ય બહુ સરળ અને રસમય રીતે નિરૂપાયેલું છે, તે વાત સર્વવિદિત છે. તેવી જ રીતે એમાં જૈન ધર્મના કેટલાક મહત્ત્વના સિદ્ધાંતો પણ સરળ રીતે નિરૂપાયેલા છે. સાથે જ જૈન તીર્થંકર ભગવાનનો અત્યંત આદરપૂર્વક ઉલ્લેખ કરીને, જ્યાં જે કંઈ સારું હોય તે આત્મસાત્ કરવાની ઉચ્ચ પ્રણાલીનું તેજસ્વી ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું છે.

મહાભારત, શાન્તિપર્વ, (ભંડારકર ઓ. ઇ, ની વાચના) અ. ૩૧૬ માં નારદ ઋષિ વેદવ્યાસના પુત્ર શુકદેવને તત્ત્વજ્ઞાન સમજાવી ઉપદેશ કરે છે, એવો પ્રસંગ છે. એમાં શરૂઆતમાં ભગવાન સનત્કુમારનો ઉલ્લેખ કરી વિદ્યા, સત્ય અને ત્યાગથી સુખ, તથા આસક્તિથી દુઃખ થાય છે તે બતાવી, કામ, ક્રોધ, મોહ, આસક્તિ અને પ્રમાદથી બચવાનું જણાવ્યું; તથા **સંયમપૂર્વક અપરિગ્રહી રહી અહિંસા** પાળવાથી શ્રેયપ્રાપ્તિ થાય છે એવું દેવર્ષિએ કહ્યું. પછી આગળ ચાલતાં પરાવરનું દર્શન કરનારી જ્ઞાનશક્તિવાળો સંયમી, મોહ કે અશુભથી લેપાતો નથી વગેરે વર્ણવીને **'ભગવાન તીર્થવિત્ અર્થાત્ તીર્થંકર ભગવાને કહેલો' કર્મનો નિયમ ઉપદેશ્યો.** તીર્થંકર ભગવાને કર્મબંધનોમાંથી છૂટવા માટે ઉપદેશેલા આ નિયમમાં કર્મના નિયમ, કર્મબંધ અને તેમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા વિશે હૃદયંગમ નિરૂપણ કરેલું છે, તે જાણવું બહુ રસપ્રદ થઈ પડશે.

**अनादिनिधनं जन्तुमात्मनि स्थितिमव्ययम् ।**
**अकर्तारममूर्तं च भगवानाह तीर्थवित् ॥**
**यो जन्तुः स्वकृतैस्तैस्तैः कर्मभिर्नित्यदुःखितः ।**
**स दुःखप्रतिघातार्थं हन्ति जन्तूननेकधा ॥**
**ततः कर्म समादत्त पुनरन्यन्नवं बहु ।**
**तप्यतेऽथ पुनस्तेन भुक्त्वा पथ्यमिवातुरः ॥**
**स त्वं निवृत्तबन्धस्तु निवृत्तश्चापि कर्मतः ।**
**सर्ववित् सर्वजित् सिद्धो भव भावविवर्जितः ॥**
**संयमेन नवं बंधं निवार्य तपसो बलात् ।**
**संप्राप्ता बहवः सिद्धिमव्याबाधां सुखोदयाम् ॥**

શાંતિ પર્વ અ. ૩૧૬

'પ્રાણીઓનાં શરીરમાં રહેલો આત્મા આદિ અંતથી રહિત, અવ્યય, અકર્તા અને અમૂર્ત છે, એમ ભગવાન **તીર્થવિતે કહ્યું છે.** પોતે કરેલાં કર્મથી કાયમ દુઃખી રહેતું પ્રાણી એના પ્રતિઘાતક માટે અનેક પ્રાણીઓને હણે છે. તેનાથી બીજાં અનેક (હિંસક) કર્મો એકઠાં કરે છે, અને જેમ રોગી અપથ્યાહારથી વધુ રોગિષ્ઠ થાય છે એમ ફરીથી (હિંસક કર્મવિપાકથી) દુઃખી થાય છે, કાયમ મોહમાં ફસાઈને, જેમ વલોણાથી દહીં મથવાની ક્રિયા થાય છે (વલોણાને બાંધવામાં, મથવામાં, અને પાછું છોડવામાં આવે છે,) એમ એ કર્મ ઉદય વડે 'સુખ' એવી સંજ્ઞાવાળાં દુઃખોમાં બંધાય છે, મથાય છે અને છૂટો થાય છે એમ સંસારમાં ચક્રની જેમ ફરીને બહુ વેદના પામે છે (હે શુકદેવ!) તું એ (કર્મ) બન્ધમાંથી નિવૃત્ત થા, (નવાં) કર્મથીયે નિવૃત્ત થા, સર્વવિત્ તથા સર્વજિત્ થા. અને (સંસારના) ભાવોને ત્યજીને સિદ્ધ થા. સંયમથી નવાં અને તપના બળથી બીજા (કર્મ) બંધોને દૂર કરી અનેક પુરુષો નિર્બાધ અને સુખોદયી સિદ્ધિને પામ્યા છે.

આ ઉપદેશમાં કર્મબંધથી નિવૃત્ત થવાની, નવાં કર્મથી નિવૃત્ત થવાની અને સર્વવિત્ તથા સર્વજિત્ અર્થાત્ સર્વજ્ઞ અને જિન થઈને સિદ્ધ થવાની શિક્ષા આપવામાં આવી છે, તે જૈન ધર્મના સિદ્ધાંત સાથે આબેહૂબ મળતી આવે છે.

**જૈન દર્શનમાં સમાસ** પામતી મુદ્દાની દરેક બાબતનું જ્ઞાન જેમાં સમાયેલું છે, અને જે ગ્રન્થના પ્રણેતા જૈન સંપ્રદાયના બધા ફિરકાઓને પહેલેથી આજ સુધી એક

(અનુસંધાન પાના ૧૯૨ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# तपसा निर्जरा च.

લે : મનસુખલાલ તા. મહેતા.

તત્ત્વાર્થ સૂત્રમાં तपसा निर्जरा च અર્થાત્ તપથી નિર્જરા થાય છે એમ કહ્યું છે. વારંવાર આત્માને કેળવતાં જેટલે જેટલે અંશે રાગદ્વેષ વગેરે વિકૃતિઓના સંસ્કારો આત્મા ઉપરથી ખરવા માંડે–જરવા માંડે તેટલે તેટલે અંશે નિર્મળ થયેલ આત્માની પરિસ્થિતિનું નામ નિર્જરા છે. નિર્જરા તપને આધીન છે. વિદ્યમાન કર્મ તપના પ્રભાવથી ક્રમે ક્રમે નાશ પામે છે. જ્યારે કર્મોનો સંપૂર્ણપણે ક્ષય થાય છે ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે. એટલે મોક્ષનું કારણ નિર્જરા છે અને તપથી નિર્જરા થાય છે.

રાગદ્વેષાદિને લઇને આત્મા પર જે કર્મની અસર થાય છે એને રોકવી તેનું નામ સંવર છે. કર્મના ત્રણ પ્રકારો હોય છે. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ. સંવરથી ક્રિયમાણની શુદ્ધિ અને પ્રારબ્ધ કર્મને સમભાવે વેદના કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. પરન્તુ સંચિત કર્મોના ક્ષય માટે નિર્જરાની આવશ્યકતા છે. કર્મને ભોગવીને કર્મનો ક્ષય થઇ શકે છે, પણ કર્મ ભોગવતી વખતે દુઃખ કે સુખના સંસ્કારો જન્મે છે તે કર્મ તદ્દન નિર્મૂળ થયું ન ગણાય; કારણ કે તેમાં વૃત્તિ પર જે સંસ્કારો રહે છે તે અનુકૂળ નિમિત્ત મળતાં પુનઃ જાગૃત થાય છે.

નિર્જરાના બે ભેદો બતાવ્યા છે. (૧) સકામ નિર્જરા (૨) અકામ નિર્જરા. ગમે તેવી પ્રતિકૂળ અગર અનુકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો પણ તે વખતે એ સ્વકૃત કર્મોનું જ પરિણામ છે એવી દૃઢ શ્રદ્ધા અને આવી સમજુતિ પૂર્વક સ્વેચ્છાએ કર્મફળ ભોગવવા માટેની તૈયારી તેમજ સહિષ્ણુતાપૂર્વક એને વેદી લેવાની ક્રિયા એ સકામ નિર્જરા છે. કર્મ મુક્તિ માટેનો આ રાજમાર્ગ છે.

સકામ નિર્જરાના બે ભેદો છે. (૧) સવિપાક નિર્જરા (૨) અવિપાક નિર્જરા. કર્મના ફળભોગ પછી એ કર્મનો સ્વાભાવિક ક્ષય થાય છે તેને સવિપાક નિર્જરા કહેવાય છે. પરન્તુ કર્મનો ઉદય આવે ત્યાં સુધી રાહ ન જોતાં તપશ્ચર્યા દ્વારા પણ કર્મનો ક્ષય કરી શકાય છે જેને અવિપાક નિર્જરા કહેવામાં આવે છે.

તપશ્ચર્યા એ કર્મને બાળવા માટે એક અદ્દ્ભુત રસાયણ છે. જરૂરી એવું આધ્યાત્મિક બળ કેળવવા માટે વાસનાઓને ક્ષીણ કરવા એ જરૂરનું છે અને તે અર્થે શરીર, ઇંદ્રિયો અને મનને તાપણીમાં તપાવવા પડે છે. આવી બધી ક્રિયાને 'તપ' કહેવાય છે. તાવ કે હરકોઇ રોગથી પીડાતો મનુષ્ય, જો તેનું દુઃખ–રોગ સામે કશી ફરિયાદ કર્યા સિવાય તથા તે માટે કશી ચિન્તા કર્યા સિવાય, સહન કરે છે તો તે પણ મોટું તપ થાય છે, એમ જે સમજે છે તેને તપનું સહન શક્તિરૂપ મોટું ફળ મળે છે.[1]

તપનો અર્થ સમજાવતાં શાસ્ત્રોમાં કહ્યું છે કે इच्छानिरोधस्तपः અર્થાત્ ઇચ્છાને રોકવી તેનું નામ તપ. શુભ અશુભ ઇચ્છા મટતાં ઉપયોગ શુદ્ધ થાય ત્યાંજ નિર્જરા થાય છે. તપના મુખ્ય બે વિભાગો છે. બાહ્ય તપ અને આભ્યંતર તપ. જે તપમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા રહેલી હોય તેમજ બાહ્ય દ્રવ્યની અપેક્ષાવાળું હોવાથી બીજાઓ વડે દેખી શકાય તેને બાહ્ય તપ કહેવાય છે. અનશન, અવમોદર્ય (ઊણોદરી), વૃત્તિ પરિસંખ્યાન (વૃત્તિ સંક્ષેપ), રસ પરિત્યાગ, વિવિક્ત–શય્યાસન (સંલીનતા) અને કાયકલેશ–આ બાહ્ય તપ છે. જેમાં માનસિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે બાહ્ય દ્રવ્યની અપેક્ષા ન રાખતું હોવાથી બીજા વડે દેખી ન શકાય તેને આભ્યંતર તપ કહેવાય છે. ટૂંકામાં

१ एतद्वै परमं तपो यद्व्याहितस्तप्यते । परमं हैव लोकं जयति य एवं वेद ॥

બૃહદારણ્યક ઉપનિષદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાહ્ય તપ તે શારીરિક તપ છે અને આભ્યંતર તપ એ માનસિક તપ છે, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન-આ આભ્યંતર તપના પ્રકારો છે. બાહ્ય તપ એ સ્થૂળ અને લૌકિક જણાવા છતાં તેનું મહત્ત્વ આભ્યંતર તપની પુષ્ટિમાં ઉપયોગી થવાની દૃષ્ટિએ જ મનાયેલું છે. બાહ્ય દેખાતી ઇંદ્રિય દમન અને દેહદમનની તપશ્ચર્યા શાસ્ત્રોએ આંતરશુદ્ધિ અને આંતર વિકાસની અપેક્ષાએ જરૂરની માની છે. શરીર, મન અને આત્મા એ ત્રણેમાં ભિન્નતા અને ભેદ સ્પષ્ટ હોવા છતાં એ ત્રણે એક બીજા સાથે એવા જોડાયેલાં છે કે વ્યવહાર દૃષ્ટિએ તો એ ત્રણે અભિન્ન છે એમ માનીને જ સાધના કરવી પડે છે.

જૈનશાસ્ત્રોએ તપની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે: 'જેનાથી રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એ શરીરની સાતે ધાતુઓ તથા અશુભ કર્મો તપે-બળીને નાશ પામે તેને તપ જાણવું. જે પ્રવૃત્તિથી કર્માવરણો તથા વાસનાઓ બળીને ભસ્મીભૂત થાય તેને તપ કહેવામાં આવે છે. તપ શબ્દ તપ્ ધાતુ ઉપરથી બનેલો છે. તપ્ એટલે તપાવવું. એટલે શરીરને તેમજ ઉપલક્ષથી કર્મોને તપાવે, બાળી નાખે તે તપ કહેવાય.

નિર્જરાથી આત્મ શુદ્ધિ કરવા અર્થે તપ કરવાનો છે. તેને બદલે બીજા કોઇ આશયથી તપ કરવામાં આવે તો તેનું ફળ ઘણું ઓછું થઇ જાય છે. તપ, કર્મની નિર્જરા માટે કરવામાં આવે છે, પણ નિર્જરાનો આધાર ભાવ ઉપર છે. શરીર ઉપાશ્રયમાં બેઠેલું હોય અને મન સાંસારિક કાર્યોમાં અશુભ અને સાવદ્ય ભાવોમાં રમતું હોય તો તેમનું કોઇ નક્કર ફળ પ્રાપ્ત થઇ શકતું નથી. અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે: 'જે સમભાવથી વર્તે છે તેનાં જ તપ-નિયમ, સંયમ વગેરે સફળ છે. સમભાવ વિના તપ-નિયમાદિ સફળ થતાં નથી. જો તપ કર્યું અને બીજાને કષ્ટ આપ્યું, સંયમ લીધો અને બીજાઓ પર હકુમત ચલાવી તો એ સમભાવ-રહિત સંયમ છે.'

બાહ્ય તપમાં ઉપવાસ શ્રેષ્ઠ તપ છે, કારણ કે તેમાં આહાર સંબંધી સર્વ પ્રકારની ઉપાધિથી આત્મા તેટલો વખત સર્વથા નિવૃત્ત થાય છે અને ધર્મધ્યાનમાં કે આત્મ રમણતામાં લાગી જાય છે. કલિકાળ સર્વજ્ઞ શ્રી. હેમચંદ્રાચાર્યજીએ કહ્યું છે કે: 'ક્રોધ, માન, માયા, લોભ એ કષાય તથા પાંચ ઇંદ્રિયોના વિષયોના ત્યાગ સહિત જો આહારનો ત્યાગ કરે તો જ તેને ઉપવાસ કહેવાય. પણ જો માત્ર આહારનો ત્યાગ કર્યો હોય અને ચાર કષાય તથા પાંચ વિષય, એ નવ દોષમાંથી એકપણ દોષ અંતરમાં રહ્યો હોય, તો મહાપુરૂષો તેને ઉપવાસ નહિ પણ લાંઘણ કહે છે.'[૨]

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ કહ્યું છે કે: 'જે તપમાં કષાયનો રોધ, બ્રહ્મચર્યનું પાલન અને વીતરાગ દેવનું ધ્યાન થતું હોય તે જ તપ શુદ્ધ જાણવું. બાકી સર્વ તો માત્ર લાંઘણ સમજવી.'[૩]

**उप समिपे यो वासो जीवात्मपरमात्मन: ।** અર્થાત્ જીવાત્મા અને પરમાત્માનો સમીપવાસ એ ઉપવાસ. પરમાત્માની સમક્ષ જીવન એજ ઉપવાસ. માત્ર ભૂખ્યા રહેવું અને ફાવે તેમ વર્તવું તે ઉપવાસ નહિ પણ અપવાસ અર્થાત્ ખરાબ વાસ, ખરાબ જીવન. (અપ, ઉપસર્ગનો અર્થ નીચેનું, ઊતરતું, હીન થાય છે એ અર્થમાં).

પૂ. ન્યા. ન્યા. થી ન્યાયવિજયજી મહારાજે તેમના 'અધ્યાત્મતત્ત્વાલોક'માં ઉપવાસ વિષે લખતાં જણાવ્યું છે કે: 'તત્ત્વજ્ઞો ઉપવાસ શબ્દથી મહાન આદર્શની સમીપમાં વાસ કરવો એવો અર્થ જણાવે છે. કષાયવૃત્તિ અને વિષય પ્રવૃત્તિનો ત્યાગ કર્યા વગર ઉપવાસ સિદ્ધ થતો નથી.'[૪]

---

૨. कषायविषयाहारत्यागो यत्र विधीयते । उपवास: स विज्ञेय: शेषं लंघनकं विदु: ॥
૩. यत्र रोध: कषायाणां ब्रह्मध्यानं जिनस्य च । ज्ञातव्यं तत् तप: शुद्धं अवशिष्टं तु लंघनम् ॥
૪. समीपवासं परमात्मभूते वदन्ति धीरा उपवास शब्दात् ।
कषायवृत्तेर्विषयानुषक्ते स्त्यागं विना सिध्यति नोपवास: ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ઉપરથી તપાચરણની સાથોસાથ સંયમની કેટલી જરૂરિયાત છે તે સમજી શકાશે. તપ શા માટે કરવું જોઇએ ? કઇ રીતે કરવું જોઇએ ? તપ કરવા પાછળ કેવું ધ્યેય હોવું જોઇએ ? તે સંબંધમાં દશવૈકાલિક સૂત્રમાં કહેવામાં આવ્યું છે કેઃ–

(अ) આ લોકના સુખ માટે કે ધન, સ્ત્રી, પુત્ર વગેરે ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ માટે તપ ન કરવું જોઇએ. તપથી માગીએ તે મળી શકે પરંતુ તપ પાસેથી આવી વસ્તુઓની માગણી કરવાથી તપને લાંછન લાગે છે, અને તપનું સારું ફળ ઓછું થઈ જાય છે.

(ब) પરલોકમાં પૌદ્ગલિક ઇચ્છિત સુખ મળે તે હેતુથી તપ ન કરવો. તપથી આવી ઋદ્ધિ સિદ્ધિ મળે પણ તેથી આત્મા આર્તરૌદ્ર ધ્યાનમાં પડી જાય છે અને પરિણામે મહા દુઃખમાં પડે છે. મોક્ષના મહાન ફળને આપવાની શક્તિવાળો તપ તુચ્છ ફળની ખાતર વેડફાઇ જાય છે.

(क) લોકોમાં કીર્તિ વધે, પ્રશંસા, બોલબાલા થાય, માન મળે તેવા ઇરાદાથી કે પૂજા સત્કારની અપેક્ષા રાખી તપ ન કરવું.

(ड) કર્મની નિર્જરાના આશય સિવાય બીજો કોઇપણ આશય તપ કરવાની પાછળ ન હોવો જોઇએ.

અગ્નિના તાપમાં સુવર્ણ જેમ શુદ્ધ થાય છે, તેમ કર્મરૂપી રજથી મલિન થયેલા આત્માને શુદ્ધ કરવા તપ એક અમોઘ સાધન છે અને તેથી જ તપ એક મહાન સાધના છે. પરન્તુ વિષય કષાયાદિ દોષો દૂર કર્યા સિવાય, વૃત્તિઓ પર વિજય મેળવ્યા વિના, આત્મસ્વરૂપમાં રમણતા કર્યા સિવાય તપથી કોઇ ખાસ લાભ થઇ શકતો નથી. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે કેઃ–

દુર્બલ નગ્ન માસ ઉપવાસી, જોઇ માયા રંગ;
તો તે ગર્ભ અનંતા લેશે, બોલે બીજું અંગ.

અર્થાત્ માસક્ષમણને પારણે માસક્ષમણના ઉપવાસો કરી પારણાને દિવસે માત્ર સુકાં પાંદડાં અથવા અડદના મુઠીભર બાકુલા ખાઇને કરોડ વરસ સુધી તપસ્યા કરી, નગ્ન દિગંબરપણે જંગલમાં વિચરી શરીરને હાડપિંજર બનાવી દે; પણ જો તેના હૃદયમાં માયાનો અંશ રહી જાય તો તેણે અનંતા ભવો લેવા પડશે. આજ અર્થમાં શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં નિઃશલ્યો વ્રતી અર્થાત્ જે શલ્ય વિનાનો હોય તેને જ વ્રતી થવાનો અધિકાર છે એવું કહ્યું છે.

પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કેઃ 'તપાદિની સાથે શ્રદ્ધા, ભક્તિ, નમ્રતા ન હોય, તો તપ એ મિથ્યા કષ્ટ છે. તે દંભ પણ હોય. એવા તપસ્વી કરતાં સુખપૂર્વક ખાનારા પ્રભુભક્ત હજારગણા સારા છે.'[5]

દશ વૈકાલિક સૂત્રમાં કહ્યું છે કેઃ 'જે તપ કરે છે પણ કષાયનો નિરોધ નથી કરતો તે બાલ તપસ્વી છે. ગજસ્નાનની માફક તેનું તપ કર્મોની નિર્જરાને માટે નહિ પણ અધિક કર્મબંધનું કારણ બને છે.'[6]

સૂત્રકૃત્તાંગ સૂત્રમાં કહ્યું છે કેઃ 'મોટા કુળમાં ઉત્પન્ન થયેલા હોઇને જેઓએ દીક્ષા લીધેલી હોય અને જેઓ મહા તપસ્વી હોય તેવાઓનું તપ પણ જો કીર્તિની ઇચ્છાથી થયેલું હોય તો તે શુદ્ધ નથી. પોતાની પ્રશંસા કરવા કરાવવા માટે પોતાના તપની બીજાને જાણ કરે નહિ તો જ તે ખરું તપ છે.'[7]

માણસ પોતાની વૃત્તિના સ્વરૂપને સમજ્યા વિના માત્ર વસ્તુનો ત્યાગ કરી દે તો તેથી તેના આત્માનું કલ્યાણ થતું નથી. મહાન તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીએ સાચું જ કહ્યું છે કેઃ

૫. 'નવજીવન' તા. ૧૨–૧૦–૧૯૨૪

૬. जस्स विय दुप्पणिहिया, होंति कसाया तवं चरंतस्स। सो बाल तवस्सी विव, गयण्हाण परिस्समं कुणइ ॥

७. तेसिं पि न तवो सुद्धो निक्खन्ता जे महाकुला जं नेवन्ने वियाणन्ति न सिलोगं पवज्जए.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
લહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.

વૃત્તિ શી વસ્તુ છે? તે કયાંથી ઉત્પન્ન થાય છે? તેનો ક્ષય, ક્ષયોપશમ તથા ઉપશમ કેમ થાય? તેનું યથાર્થ સ્વરૂપ પરમ જ્ઞાનીના સમાગમે જાણ્યા વિના વ્રત કરવાથી પરમાર્થ માર્ગની પ્રાપ્તિ થતી નથી, પણ લૌકિક માન તથા પૌદ્‌ગલિક સુખથી માત્ર સંસારની વૃદ્ધિ જ થાય છે.

દાન, શીલ, તપ અને ભાવના એમ ધર્મના ચાર પ્રકાર કહ્યાં છે. દાન અને શીલ પછી તપ મૂકવાનું કારણ એ છે કે દાન શીલના શુદ્ધ આચરણ પછી જ માણસ તપ કરવાને લાયક બને છે. તેને માટે કહેવામાં આવ્યું છે કે:—

**शान्तो दान्तो निरारंभ उपशान्तो जितेन्द्रियः ।**
**एतदाराधको ज्ञेयो विपरीतो विराधकः ॥**

અર્થાત્ ક્ષમાવાન, ઇંદ્રિયોને દમનાર, પાપ કર્મનો નાશ કરનાર, સમતાવાળો, જિતેન્દ્રિય ખરેખરો આરાધક છે અને તે તપના ખરા ફળને પામે છે, તેથી વિપરીત વર્તનારો વિરાધક છે.

તપના ઘણા પ્રકારો છે, પણ પોતાની શક્તિ અને વિવેકપૂર્વક તપની આરાધના કરવી જોઇએ. આ સંબંધમાં કહેવામાં આવ્યું છે કે :–

**सो अ तवो कायव्वो जेण मणो मंगुलं न चिंतेइ ।**
**जेण न इंद्रियहाणी, जेण जोगा न हायंति ॥**

અર્થાત્ જે તપ કરવાથી મનમાં અશુભ વિચારો આવે નહિ, મનમાં સમાધિ રહે અને ઇંદ્રિયોની હાનિ થાય નહિ, અથવા ઇન્દ્રિયો પોતાનું કાર્ય કરી શકે તેમજ યોગોની હાનિ થાય નહિ એવી રીતે તપ કરવો.

( અનુસંધાન પાના ૧૮૮નું ચાલું )

સરખા માન્ય છે, તે 'તત્ત્વાર્થસૂત્ર' અ. ૬, સૂત્ર ૧૧ થી ૨૬; અને સંપુર્ણ ૯ મો અધ્યાય ઉપરના શ્લોકો સાથે સરખાવવાથી આનો ખ્યાલ આવશે. નમૂના તરીકે 'તત્ત્વાર્થ સૂત્ર' અ. ૯ માંના ૧ થી ૩ સૂત્ર અહીં ઉદ્દધૃત કર્યાં છે.

**आस्रवनिरोधः संवरः । १**

આસ્રવ ( કર્મબંધ ) નો નિરોધ કરવો તે સંવર.

**स गुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रैः । २**

એ સંવર ગુપ્તિ, સમિતિ, યતિધર્મ, અનુપ્રેક્ષા, પરિષહ, જય વડે અને ચારિત્ર વડે થાય છે.

**तपसा निर्जरा च । ३**

તપ વડે સંવર અને નિર્જરા થાય છે.

પર્યુષણપર્વના મંગલ અવસરે જ્ઞાન અને સંયમનું આરાધન કરનારી આ ઉચ્ચ ભારતીય પ્રણાલીનું સર્વના હૃદયમાં દૃઢ સ્થાપન થાઓ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન તત્ત્વ વિચારણા

લે : રતિલાલ મફાભાઇ-માંડળ.

આ અખિલ વિશ્વની રચના મનુષ્યાકારે હોઇ વર્તમાન જગત મધ્યભાગે આવેલું છે. અને સ્વર્ગ નરકાદિ લોકો ઉપર નીચે આવેલા છે. ઉપર નીચેથી જોતાં આ વિશ્વની લંબાઇ ૧૪ રાજલોક પ્રમાણ છે. રાજલોક એટલે પરિમિત લંબાઇ પહોળાઇમાં સમાતો પ્રદેશ.

એ ૧૪ રાજલોકની બહારનો અનંત પ્રદેશ ચારે બાજુ પથરાયેલો છે. તેને નથી કોઇ સીમા, નથી હદ, કે નથી કોઈ છેડો. આ બધો પ્રદેશ, 'અલોક' 'કહેવાય છે. અલોકમાં નથી કોઈ જીવ કે જડ પરમાણુ. કેવળ આકાશતત્વ સિવાય ત્યાં બીજું કોઇ એકેય તત્ત્વ (દ્રવ્ય) વિદ્યમાન નથી.

જૈન શાસ્ત્રોમાં જીવ, જડ પુદ્‌ગલ ( રૂપી દ્રવ્ય ), ધર્મ, અધર્મ, કાળ અને આકાશ એ ૬ દ્રવ્યો માનેલા છે. પ્રથમના પાંચ દ્રવ્યો એ ૧૪ રાજલોકમાં જ ફક્ત વ્યાપ્ત છે જે બધો પ્રદેશ 'લોક' કહેવાય છે અને આકાશ તત્ત્વ 'લોક' અને 'અલોક' બન્નેમાં વ્યાપ્ત છે.

'જડ પુદ્‌ગલ' તત્ત્વ મૂર્ત ( આકારવાળું ) અને રૂપી છે બાકી બીજાં બધાં તત્ત્વો અમૂર્ત (નિરાકાર ) અને અરૂપી (અદૃશ્ય) છે.

જીવ ફક્ત 'ચૈતન્ય' તત્ત્વ છે અને બાકીના બધા અજીવ 'જડ' તત્ત્વ છે. વૈજ્ઞાનિક પરિભાષામાં પ્રકાશને ગતિમાં સહાયક તત્ત્વ 'ઇથર' મનાવ્યું છે તેમ જૈન શાસ્ત્રોમાં 'ધર્મ' નામનું તત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. જે જીવ યા પુદ્‌ગલને ગતિમાં સહાય કરે છે. એના વિના જીવ કે પુદ્‌ગલ ગતિ કરી શકતા નથી. તેવી જ રીતે 'અધર્મ' નામનું તત્ત્વ સ્થિર થવામાં સહાય કરે છે. આમ એ તત્ત્વોની સહાય વિના જીવ કે પુદ્‌ગલ નથી ગતિ કરી શકતા કે નથી સ્થિર બની શકતા. એ ધર્મ–અધર્મ દ્રવ્યને ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય કહેવામાં આવે છે. અસ્તિકાય એટલે સમૂહ. કાળ સિવાયના સર્વ દ્રવ્યો પ્રદેશસમૂહાત્મક હોઇ અસ્તિકાય કહેવાય છે. 'કાળ' ક્ષણેક્ષણે બદલાતા વિશ્વના પરિણામરૂપ ફેરફારને કહેવામાં આવે છે.

પુદ્‌ગલદ્રવ્ય જડ છે રૂપી છે ( દૃશ્ય થઇ શકે છે ) મૂર્ત છે ( સાકાર છે ) તેનું બીજું નામ પરમાણુ અથવા પરમાણુંસમૂહ છે, 'જીવ દ્રવ્ય' ફક્ત ચૈતન્ય સંજ્ઞાવાળું છે જેનું બીજું નામ 'આત્મા' છે. 'આકાશ' તત્ત્વ જડ હોવા છતાં અરૂપી છે અને એ લોકાલોકમાં વ્યાપ્ત છે.

જૈન દર્શને સ્વીકારેલા છ દ્રવ્યોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ આત્મામાં કોઇ પરિણામ પ્રગટાવી શકતાં નથી. આત્માને પરિણામ પ્રગટાવનારૂં તત્ત્વ એક માત્ર પરમાણુ–પુદ્‌ગલાસ્તિકાય છે.

આત્મા મૂળે તો સચ્ચિદાનંદમય-જ્યોતિસ્વરૂપ છે. જ્ઞાન અને ચારિત્ર એનો સ્વભાવ છે. જ્ઞાન એટલે જાણવું અને ચારિત્ર એટલે સ્થિરતા–નિષ્પ્રકંપતા. પણ કર્મ સંયોગે આત્મા સંસારી જીવ કહેવાય છે. જીવનો કર્મ સાથેનો સંયોગ અનાદિ છે જેમ સુવર્ણ અને માટીનો સંયોગ અનાદિ છે તેમ. છતાં જેમ સુવર્ણ અને માટી ભિન્ન થઇ શકે છે, તેમ જીવ અને કર્મનો સંબંધ પણ જૂદો થઇ શકે છે. કર્મ એટલે અમુક પ્રકારના પરમાણુઓનો સંયોગ, એને કારણે જ જીવનું ભવભ્રમણ નિરંતર ચાલ્યા કરે છે પણ જ્યારે એ એમાંથી મુક્ત થાય છે ત્યારે એ પોતાના મૂળ સ્વભાવને પ્રાપ્ત કરી અનંત કાળ સુધી અનિર્વચનીય આનંદ અને સુખ શાંતિનો ઉપયોગ કરે છે, જે સ્થિતિને નિર્વાણ પદ યા મોક્ષ કહેવામાં આવે છે.

જીવને ક્ષણે ક્ષણે શુભ અશુભ ભાવોની સ્ફુરણા થયા કરે છે જેથી એ પરમાણુરૂપ કર્મોને ખેંચી એથી લેપાય છે. એ કર્મોમાંથી મુક્ત થવાના પ્રયત્ન માટે જ આ માનવદેહનો ઉપયોગ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇંદ્રિયો અને મન-વચન-કાયાથી ભોગવાતા બધા પૌદ્ગલિક ભાવો લાલસાઓ-વાસનાઓ પર જય મેળવી જ્યારે જીવ કેવળ આત્મભાવમાંજ રમે એ ક્રિયાને 'સ્વભાવ' ગુણ કહેવાય છે. અને તેથી વિપરીત એટલે પૌદ્ગલિક સુખની ઇચ્છા, લાલસાથી જીવ આત્મભાવ તજી પૌદ્ગલિકભાવમાં રમે એ ક્રિયાને આત્માનો 'વિભાવ' ગુણ કહેવાય છે.

આત્મા જ્યારે 'વિભાવ' દશામાં હોય છે ત્યારે એ અનંત કર્મ બાંધે છે. એ કર્મ બંધનની ક્રિયાને 'આશ્રવ' કહેવામાં આવે છે.

આત્મા જ્યારે 'વિભાવ' દશામાંથી અટકે ત્યારે કર્મ બંધન અટકે. આ ક્રિયાને 'સંવર' કહેવામાં આવે છે. અને આત્મા જ્યારે 'સ્વભાવ' દશામાં હોય ત્યારે અનંત કર્મની વર્ગણા [ સમૂહ ] ખરી પડે આ ક્રિયાને 'નિર્જરા' કહેવાય છે.

અજ્ઞાન દશામાં ઉદયમાં આવેલા કર્મોને વેદનાપૂર્વક ભોગવી લીધાથી પણ તે કર્મો ફળ આપી ખરી પડે છે. આ પણ નિર્જરા કહેવાય છે, પણ તે 'અકામ' નિર્જરા છે; કારણ કે જીવ તે વેળા આશ્રવભાવને કારણે અનંત કર્મો બાંધતો હોઈ તે ક્રિયાને 'અકામ-નિજરા' કહી છે. સકામ નિર્જરા એજ સાચી નિર્જરા છે કારણ કે એ એક તરફી કર્મો ભોગવી લે છે. પણ નવાં નથી બાંધતો. સકામ એટલે જ્ઞાનપૂર્વક સમજીને કરેલી. અને અકામ એટલે અજ્ઞાનતાથી, હાયવોય કરીને ભોગવેલી ક્રિયા.

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહલાલસા, ક્રોધ, અહંકાર, કપટ, લોભ, રાગ, દ્વેષ, કલેશ, આક્ષેપ, નિંદા, માયાપૂર્વકનું અસત્યાચરણ ( દંભ ) જડમાં આત્મબુદ્ધિ વ. પાપ કાર્યોથી પાપ કર્મ બંધાય છે. અને તેથી વિપરીતપણે અહિંસા સત્યાદિધર્માચરણો તથા દાન, સેવા, તપ, ભક્તિ તથા સંયમાદિથી પુણ્ય કર્મો બંધાય છે. બંન્ને જાતના કર્મો આશ્રવ છે. પણ પુણ્યકર્મો શુભ આશ્રવ છે અને પાપકર્મો અશુભ આશ્રવ છે.

પણ જ્યારે દેહાધ્યાસ મોળો પડે છે આત્મ પ્રતીતિ દૃઢ બને છે એટલે કે આત્મજાગૃતિ તીવ્ર બને છે, જેના બીજા નામો સમ્યગ્દૃષ્ટિ, સમ્યકત્વ-ઈશ્વરદર્શન, આત્મદર્શન તત્વ શ્રદ્ધા તથા શુદ્ધ ભક્તિ વ. છે. આવા ગુણો જ્યારે પ્રગટ થાય છે ત્યારે જ આત્મભાનપૂર્વક કરેલાં કાર્યો સકામ નિર્જરાનું કારણ થઈ શકે છે. આત્મજાગૃતિ વિનાના નિષ્કામ ભાવે-અનાસક્ત ભાવે કરેલા કર્મોપણ પાપ કે પુણ્યરૂપ બંધનું જ કારણ થઈ પડે છે. પણ જ્યારે ભગવાન પાર્શ્વનાથની વિચારધારાની જેમ

**नाहं पुण्यं न पापं च, राजपुत्रो न क्षत्रियः
नरो नास्ति न मे जातिः नाहं त्यागव्रती मुनिः।
नाहं देही न मे रूपं, न चाकारो न वृतयः
केवलं ह्यात्मरूपोऽहं द्रष्टा ज्ञाता च केवलम्. ॥**

હું પુણ્ય નથી પાપ નથી, રાજપુત્ર કે ક્ષત્રિયકુમાર પણ નથી. હું માણસ પણ નથી, મારે જાતિ પણ નથી, તેમજ હું ત્યાગવૃતિનો ધારણ કરનારો મુનિ પણ નથી, વળી હું દેહ નથી મારે રૂપ નથી. મારો આકાર નથી. તેમજ હું વૃતિઓ પણ નથી પણ હું કેવળ દૃષ્ટા જ્ઞાનીરૂપ આત્મા જ છું.

વેદાંત દર્શનમાં પણ **चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम्.** [ ચિદાનંદરૂપી એવો હું આત્મા જ છુ. ] આજ સ્થિતિ સ્વરૂપનું વર્ણન છે.

આમ જ્યારે સાધક દેહ દષ્ટિનો નહીં પણ-આત્મ પ્રતીતિનો દૃઢ અનુભવ કરે છે ત્યારપછી જ એના બધાં કર્મો બંધનું કારણ ન બનતાં મોક્ષનું કારણ બને છે. આમ આત્મ પ્રતીતિ-આત્મ નિષ્ટા વિના આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાતી નથી, જેથી જૈન શાસ્ત્રોમાં અધ્યાત્મનો પાયો સમ્યગ્દર્શન-આત્મદર્શન છે. એ સ્થિતિ પ્રાપ્ત થયા પહેલાં અધ્યાત્મની યાત્રા શરૂ થતી જ નથી. ત્યાં સુધી તો ઘાંચીના બળદની જેમ સંસારની ઘાણીમાં આ જીવને ભ્રમણ કરતાં જ રહેવું પડે છે.

આ કારણે **दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** દર્શન, જ્ઞાન, ચારિત્ર્યની પ્રાપ્તિ એ મોક્ષનો માર્ગ છે એમ



For Private And Personal Use Only

છતાં દર્શન તત્ત્વ પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે, દર્શન (આત્મભાન) પ્રગટયા વિના શુદ્ધ જ્ઞાન ચારિત્ર્ય સંભવે જ નહીં. દર્શન વિનાનું જ્ઞાન શુષ્ક જ્ઞાન છે અને ચારિત્ર્ય એ 'કર્મ જડતા' છે.

જૈન દ્રષ્ટિએ જ્ઞાનદર્શન ચારિત્ર્યનો વિશાળ અર્થ છે.

**જ્ઞાન** એટલે ભૌતિક વિશ્વનું 'જ્ઞાન'. વિજ્ઞાનની શાખાઓનું જ્ઞાન થવું એ પુરતું નથી. પણ જેથી આત્મા-અનાત્માનો ભેદ સમજાય. સત્યાસત્યનો નિર્ણય કરી શકાય એવી વિવેક બુદ્ધિ પ્રાપ્ત થાય, સાથે દેહાત્મ બુદ્ધિ ટળે એ સ્થિતિને જ્ઞાનદશા કહેવામાં આવે છે.

**દર્શન**—હું દેહ નથી પણ આત્મા છું એવી દઢ પ્રતીતિ થવી અર્થાત્ આત્મદર્શન—ઇશ્વરદર્શન, પ્રાપ્ત થવાની સ્થિતિ પ્રગટ થવી એને દર્શન દશા કહેવામાં આવે છે.

**ચારિત્ર્ય**–આવું જ્ઞાન અને દઢ પ્રતીતિ થયા બાદ આત્મ સ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન થાય અને છેવટે આત્મ સ્થિરતા, આત્મનિષ્ઠા આત્માની નિષ્પ્રકંપ દશા પ્રગટે એને ચારિત્ર દશા કહેવામાં આવે છે. આ સ્થિતિ અહિંસાની–સત્યાદિ ગુણોની પરાકાષ્ટા છે. જે પુરુષ આવી દશા પ્રાપ્ત કરે છે. એ વીતરાગ કહેવાય છે, એમાં ધર્મસંસ્થાપક ધર્મદાતા તીર્થંકર શ્રેષ્ઠ છે, જે સાકાર પરમાત્મા કહેવાય છે. પણ જ્યારે સંપૂર્ણ ચારિત્ર એટલે અદૈહિક સ્થિતિ પ્રાપ્ત થાય છે, ત્યારે એ નિરાકાર દશા પ્રાપ્ત કરે છે, જે પછી એ નિરાકાર ઇશ્વર કહેવાય છે.

આ સ્થિતિ–દશા પ્રાપ્ત કરવાની જીવમાત્રની યોગ્યતા માનવામાં આવી છે. એથી એ સ્થિતિ પ્રાપ્ત કરવાની સાધના માટે શાસ્ત્રોએ નીચે પ્રમાણે ક્રમિક પગથિયાં બતાવ્યાં છે, જે આ પ્રમાણે છે.

વિશ્વના આ બધા દુઃખો–પ્રપંચોનું આદિ કારણ મિથ્યાત્વ છે. જેને વેદાંત 'માયા' અને બૌદ્ધ દર્શન 'અજ્ઞાન' કહે છે. મિથ્યાત્વ એટલે સમ્યગ્ દ્રષ્ટિથી વિપરીત બુદ્ધિ–અનાત્મ બુદ્ધિ, જડ પુદ્‌ગલોના સુખની લાલસા અને તૃષ્ણા. આ પ્રકારના મિથ્યાત્વથી પરભાવ સુખરૂપ લાગે છે. જેથી પૌદ્‌ગલિક સુખોમાં તૃષ્ણા–મૂર્ચ્છા થાય છે. આ મૂર્ચ્છાને કારણે જીવ મુંઝાઈ અનેક પાપકર્મો કરતો અનંતા કર્મોની વર્ગણા (સમૂહ) એકત્ર કરે છે. ને સંસાર વધારી મૂકે છે. એથી તૃષ્ણાનું પ્રાબલ્ય તથા સર્વદુઃખોનું આદિકારણ એજ છે, એમ વિચારી વસ્તુ માત્ર પ્રત્યે તુચ્છ ભાવે જોવાની દૃષ્ટિ કેળવવી તેમજ દેહાધ્યાસ મોળો પાડવા અને ઉચ્છૃંખલ ઇંદ્રિયોના વેગનું દમન કરવા શક્તિમુજબ તપશ્ચર્યાઓ કરવી ને એ રીતે સંયમની સાધનાનો અભ્યાસ પાડવો, એ અભ્યાસ વધતા રાગ મોળો પડે છે, ને વૈરાગ્યભાવ પ્રગટવા લાગે છે. વૈરાગ્યથી ત્યાગ, ત્યાગથી અવિરતિ (વાસનાજય અને ત્યાગભાવ) ને અવિરતિથી ભક્તિ (આત્મા તરફનું વલણ) અને ભક્તિથી આત્મ જાગૃતિ પ્રાપ્ત થાય છે.

આત્મજાગૃતિ થયા બાદ તેની તપ ધ્યાન ભક્તિ આદિ બધીજ ક્રિયાઓ આત્માને સંપૂર્ણ રીતે પ્રગટાવવા તરફ હોઇ કર્મોની સકામ નિર્જરા થતી જાય છે, ને છેવટે કર્મમળ ક્ષય થતાં એ આત્મનિષ્ઠ–વીતરાગ બને છે.

ત્યારબાદ એ દૈહિક પ્રારબ્ધ કર્મો ભોગવી મન વચન કાયાના યોગો પણ બંધ કરી સંપૂર્ણ ચારિત્ર (આત્મ સ્થિરતા એટલે અદૈહિક સ્થિતિ) પ્રાપ્ત કરે છે ત્યારે એ અનંત-જ્ઞાન અનંત દર્શન–અનંત ચારિત્ર અને અનંત વીર્યરૂપ નિરાકાર પરમાત્મપદ પ્રાપ્ત કરી અનંતકાળ સુધી અનંત સુખશાંતિનો અનુભવ કરતો થકો તેજમાં તેજ રૂપ બની સર્વ જીવ–અજીવ માત્રના ભાવોનો દ્રષ્ટા બની અનિર્વચનીય સ્થિતિ પ્રાપ્ત કરે છે. જેને જૈન શાસ્ત્રોમાં નિરાકાર ઇશ્વર કહેવામાં આવે છે. એ પદને નિર્વાણ–મોક્ષપદ તરીકે વર્ણવામાં આવ્યું છે.

આ વિશ્વ કદી ઉત્પન્ન થતું નથી, કદી પ્રલય પણ પામતું નથી. છતાં તેની ચડતી પડતી થયા કરે છે. કયારેક પ્રલયકાળ જેવી દશા પણ આવે છે. પણ બીજ-રૂપ પ્રાણી–મનુષ્ય કે જીવ–જગત નાશ પામતું નથી. ફરી ધીમેધીમે દરેકની પ્રગતિ થતી રહે છે ને પૂર્ણ–

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રગતિ થયા બાદ ફરી અવનતિ શરૂ થાય છે. આ ચડતી પડતીના કાળક્રમને ઉત્સર્પિણી–અવસર્પિણી કહેવામાં આવે છે. એ સમય મર્યાદામાં ૨૪ તીર્થંકરો સમયે સમયે જન્મ લેછે. આ અવસર્પિણી કાળના છેલ્લા ૨૪માં તીર્થંકર મહાવીર સ્વામી છે એ વર્ધમાન–ત્રિશલાનંદન–નિર્ગ્રંથ–જ્ઞાતપુત્ર આદિ નામોથી પણ પ્રસિદ્ધ છે. એ જિન, બુદ્ધ, સિદ્ધ, કેવળી, વીતરાગ તેમજ અર્હત્ પણ કહેવાય છે. વિશ્વ વિશ્વનિયમ મુજબ જ ચાલ્યા કરે છે એમાં કદી કશી પણ અવ્યવસ્થા થતી જ નથી. એ વ્યવસ્થા ઉપર નજર રાખનાર કોઇ કાબૂ રાખનાર પણ નથી; એ સ્વયં વિશ્વનિયમાનુસારજ ચાલ્યા કરે છે. આ વિશ્વનિયમને વેદમાં 'ઋત' કહેવામાં આવ્યો છે. આ વિશ્વ એ 'ઋત'ના જ નિયમને વશવર્તિને ચાલ્યા કરે છે. એમ ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે. મહાત્મા ગાંધીજી કહે છે કે આ વિશ્વ ઇશ્વરી નિયમથી ચાલે છે. એ ઈશ્વરી કાનૂન એ પોતે જ ઈશ્વર છે, ઇશ્વર અને તેનો કાનુન એક બીજાથી જુદા નથી; તીર્થંકર જેવા પણ એ નિયમને વશ હોય છે. ઋતના આ નિયમમાંથી જ કર્મનો મહા સિદ્ધાંત વિકસી આવ્યો છે. એમ મહાન તત્ત્વચિંતક ડૉ. રાધાકૃષ્ણન 'વેદની વિચારધારા'માં જણાવે છે.

જૈન દર્શન, જીવન શુદ્ધિ પર ખૂબ ભાર મૂકે છે. એથી સાધ્ય જેટલો જ સાધનનો પણ એમાં આગ્રહ ( જીવન શુદ્ધિપર ) સેવાયો છે. ત્યાગ, તપ અને સંયમ એ ધર્મનું ખાસ વિશિષ્ટ લક્ષણ છે. વૈરાગ્ય એ જૈન ધર્મનો પ્રધાન સૂર છે. એથી શૃંગાર સાથે એને કદી બનતું નથી. કારણ કે શૃંગાર વૈરાગ્યનો દુશ્મન મનાયો છે. પણ ભક્તિને પોષક વૈરાગ્યને પોષક એવા શૃંગારના અતિ વિશુદ્ધ સ્વરૂપને એ આવકારે છે.

અહિંસા એ જૈન ધર્મના જીવન મંત્ર છે. બ્રહ્મચર્ય એની સાધના છે સ્યાદ્વાદ એની ગૌરવ પતાકા છે અને વીતરાગતા એનું પરમ ધ્યેય છે. પુરૂષાર્થ–સંકલ્પોનું બળ, કર્મ સિદ્ધાંતની ગહનતા, સામ્યધર્મની ઉદારતા અને ન્યાયની સમતુલા એ જૈન ધર્મની યશકલગી છે.

લોકભાષાની પ્રેરણા અને રાષ્ટ્રભાષાનો જન્મ આપનાર પણ આજ દર્શન છે. અને નારી જાતિને અતિ ઉચ્ચ સ્થાને અને તે પણ સ્વતંત્રપણે–પ્રતિષ્ઠિત કરવામાં જગતના કોઇ પણ સંપ્રદાયને ફાળે જતું નથી એવું અદ્ભૂત ગૌરવ પણ એક માત્ર જૈન દર્શનેજ પ્રાપ્ત કર્યું છે.

નિરામિષાહારનો પ્રથમ પ્રચાર પણ એ જ દર્શને કર્યો છે. આમ એ યુગમાં મહાવીરે નવાં મૂલ્યાંકનો સ્થાપી જગતના ધર્મ ઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેર્યું હતું, જેની છાયા આજપણ સર્વત્ર વ્યાપેલી છે,

મહાવીરે પોતાના વ્યક્તિત્વને ભૂંસી નાખીને પણ જે અમર સત્યો એક યા બીજી રીતે એમણે જગપ્રચારિત બનાવ્યા છે એથી એ ખરેખર Light of the world 'વિશ્વપ્રકાશ' કહેવાને યોગ્ય ઠરે છે. એમણે જગતને શીખવેલા સત્યો કયા હતા એ વિષે હવે આપણે બીજી કોઇ વખત વિસ્તારથી વિચારશું.

## મુક્તક

સ્વર્ગેથી ઉતરી પડી હરશિરે, ત્યાંથી પૃથિવીપરે,
જ્યાં કીડા સમ માનવી ખદબદી મેલાં કરે વ્હેણને;
ત્યાંથી પાવન વિશ્વને કરી પછી ક્ષારાબ્ધિને જૈ મળે,
પ્રાણીના શુભ કાજ ક્ષુદ્ર બનતાં ગંગા ન હાનિ ગણે.

મુકુંદરાય પારાશર્ય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનો અને ભક્તિ

લેખક : ખીમચંદ ચાં. શાહ

ભારતમાં જે ધર્મોમાં ઇશ્વરનું અસ્તિત્વ સ્વીકારાયું છે અને તેને સમસ્ત બ્રહ્માંડનો સર્જનહાર, ધારણહાર તથા પ્રલયકાર માનવામાં આવ્યો છે, તે ધર્મોમાં માનવ-જીવનનું ધ્યેય ઇશ્વરપ્રાપ્તિ–ઇશ્વરસાક્ષાત્કાર ગણાયું છે. આ ઇશ્વરપ્રાપ્તિ માટે સામાન્ય રીતે ત્રણ માર્ગોનો ઉપદેશ આપવામાં આવ્યો છે; (૧) જ્ઞાન માર્ગ (૨) કર્મમાર્ગ અને (૩) ભક્તિમાર્ગ. ઉપનિષદોમાં જ્ઞાનમાર્ગ છે અને બ્રાહ્મણગ્રંથોમાં તથા પૂર્વમીમાંસામાં કર્મમાર્ગ–ક્રિયાકાંડને મહત્ત્વ આપવામાં આવ્યું છે. હવે જ્ઞાનપ્રાપ્તિ અમુક પ્રકારના બુદ્ધિશાળી માણસો જ કરી શકે છે અને કર્મમાર્ગ, યજ્ઞયાગાદિ ખૂબ ખર્ચાળ હોવાથી, માત્ર ધન-વાનો માટે જ શકય છે. એટલે આ બંને માર્ગોમાંથી એક પણ માર્ગ સામાન્ય જનતાને ઉપયોગી થઇ શકે તેવો નથી. આ પરિસ્થિતિમાં એક ત્રીજા માર્ગનો–ભકિતમાર્ગનો ઉદ્‌ભવ થયો. આ માર્ગમાં જ્ઞાન અથવા યજ્ઞયાગાદિ કર્મની આવશ્યકતા નથી.

ભકિત એટલે પોતાના ઇષ્ટ પ્રત્યે અનન્ય નિષ્ઠાપૂર્વકનો અનુરાગ. આ અનુરાગમાં ભાવની વિશુદ્ધિ હોવી જોઇએ. જે અનુરાગમાં ભાવની નિર્મળતા નથી હોતી, તેને ભકિત કહી શકાય નહીં. સંસારી અનુરાગમાં વાસના હોય છે એટલે તેને ભકિત કહી શકાય નહીં. આ ભકિતમાર્ગમાં ભકત કોઈ પણ એક દેવને ઉપાસ્ય પદે સ્થાપે છે અને તેની અનન્ય ભાવે ઉપાસના કરે છે. ઉપાસ્ય દેવની ઉપાસના કરી કૃપા મેળવવાથી તે દેવ ભકતનાં સર્વ કાર્ય કરી આપે છે, ભકત ગમે તેવો પાપી હોય તોપણ તેનો ઉદ્ધાર કરે છે–આવી શ્રદ્ધા આ માર્ગના પાયામાં છે. 'કર્મ પ્રમાણે ગતિ'નો સિદ્ધાંત આ માર્ગમાં શિથિલ કરી નાંખવામાં આવ્યો છે. ગમે તેવાં કર્મો કર્યાં હોય છતાં ભકત ઉપાસ્યની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીને પોતાનો ઉદ્ધાર કરી શકે છે તેમ ભકિતમાર્ગીઓ દૃઢપણે માને છે. ભગવદ્‌-ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે કે—

"मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥

અધ્યા. ૯ શ્લો. ૩૨

જે પાપયોનિ જીવો હોય, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો તે પણ મારો આશ્રય લીધા પછી ઉત્તમ ગતિને પામે છે."

આ માર્ગમાં જ્ઞાની–અજ્ઞાની, ઉચ્ચ–નીચ, બ્રાહ્મણ-શૂદ્ર, પુરુષ–સ્ત્રી, ધનિક–નિર્ધન એવા કોઇપણ જાતના ભેદભાવ નથી. કોઇપણ આ માર્ગનો આશ્રય લઇ શકે છે. સર્વના માટે આ માર્ગ ખુલ્લો છે. એટલે આ માર્ગનો જનતામાં સારી રીતે પ્રચાર છે. હિંદુઓમાં કૃષ્ણભકિત સારી રીતે લોકપ્રિય છે અને તેમનો પવિત્ર ગ્રંથ ભાગવત છે. ભાગવતમાં ભક્તિના જુદાજુદા પ્રકારો ઉદાહરણો દ્વારા પ્રાસાદિક વાણીમાં સમજાવવામાં આવ્યા છે, અને લોકોનું મનરંજન કરી તેમને ઈશ્વર તરફ વાળવા સરસ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ગ્રંથ ખૂબ લોકપ્રિય છે અને તેનું પારાયણ સ્થળે સ્થળે થતું જોવામાં આવે છે.

જૈન ધર્મ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ કે સંહાર કરનારા કોઇપણ સર્વોપરી ઈશ્વરમાં માનતો નથી. તેની માન્યતા પ્રમાણે જે શ્રેષ્ઠ હોય તે ઇશ્વર અથવા પરમાત્મા. જૈનો વૈયકિતક આત્માના અસ્તિત્વમાં માને છે. દરેક આત્મા શુદ્ધ, બુદ્ધ અને ચૈતન્યમય છે, તે અમર, અખંડ અને અવિનાશી પણ છે. પરંતુ તેના ઉપર કર્મરૂપી મળનું આવરણ આવી જવાથી તેને પોતાનાં કર્મ અનુસાર જુદી જુદી યોનિયોમાં અવતાર લેવો પડે છે, જન્મ-મરણના ફેરા કરવા પડે છે, સંસારમાં ભટકવું પડે છે, દુઃખી થવું પડે છે. આ કારણથી જૈન ધર્મનું ધ્યેય કર્મરૂપી આવરણ દૂર કરી આત્માને ફરી પાછો તેના મૂળ સ્વરૂપમાં લઇ જવો તે છે આને તે આત્માનો મોક્ષ–મુકિત કહે છે. મુકત આત્મા સ્વસ્વરૂપમાં પૂર્ણ બને છે અને ત્યારે તેને પરમાત્મા પણ કહેવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માનો મોક્ષ કરવા માટે જૈન ધર્મમાં જ્ઞાન અને ક્રિયા એમ બંનેને એકસાથે સાધન તરીકે મહત્ત્વ આપવામાં આવ્યું છે. **ज्ञानक्रियाभ्याम् मोक्षः** એ તેનો ઉપદેશ છે. ક્રિયા વિનાનું એકલું જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વિનાની એકલી ક્રિયા આંધળી છે, તેમ તે માને છે. આ ધર્મ પુરુષાર્થી છે દરેક આત્માએ પોતાનો ઉધ્ધાર પોતાની જાતે જ પોતાના પ્રયત્નથી કરવાનો છે **पुरिसा तुममेव तुमं मित्तं किं बहिया मित्तमिच्छसि**–હે પુરુષ, તું જ તારો મિત્ર છે; બહારના મિત્રોની શા માટે ઇચ્છા રાખે છે? એવો આ ધર્મનો ઉપદેશ છે. બહારનો કોઇ દેવ કે સાધુ પુરુષ તમારી ઉપર કૃપા કરીને તમારાં કર્મોનો નાશ કરી નાંખે અને તમારો ઉધ્ધાર કરી આપે એવી શકયતામાં આ ધર્મ માનતો નથી. એટલે આ ધર્મનાં ઉપર બતાવેલા પ્રકારની ભકિતને સ્થાન નથી. આમ છતાં પણ જૈનોએ અમુક અર્થમાં ભકિતને અપનાવી છે.

દરેક મનુષ્યમાં પ્રીતિનું તત્ત્વ તો સ્વભાવથી જ રહેલું છે. એટલે તેનામાં ભકિતનાં બીજ તો પડેલાં જ છે. આથી આત્મા જ્યારે ઉદ્ધાર પામવા ઇચ્છે છે ત્યારે તેનો પ્રથમ પ્રયત્ન ભકિતના રૂપમાં શરૂ થાય છે. ભક્તિ આત્માને મુકિત તરફ દોરી જવા માટે એક સરળ આચારી શકાય તેવો યોગ્ય માર્ગ મનાય છે. ખાસ કરીને ગૃહસ્થીઓ માટે તો આ માર્ગ વિશેષરૂપે આચરણ કરવા યોગ્ય ગણાય છે. જો ભકિતમાં ફલાસકિત ન હોય, તે નિષ્કામ હોય, અને તે પૂર્ણ રીતે વિશુદ્ધ ભાવનામય હોય તો અંતે તે ભક્તને શુભોપયોગ તરફ લઇ જાય છે અને તે મુક્તિનું સાક્ષાત્ કારણ બને છે.

બીજા ધર્મો છે તેવી રીતે જૈન ધર્મ વ્યક્તિનો ઉપાસક નથી. પણ વ્યકિતમાં રહેલા ગુણોનો તો તે ઉપાસક છે જ. વ્યકિતની મહત્તા તેનામાં રહેલા ગુણોના કારણે જ છે તેમ તે માને છે. જૈન વ્યક્તિની ભક્તિ કરે છે પણ તે, તે વ્યકિત તેને સહાય કરે તેટલા માટે નહીં, પણ તે વ્યકિતમાં રહેલા ગુણો ભકિત કરવાથી પોતાનામાં પણ પ્રગટે તેટલા ખાતર જ. જૈન ગુણવાન વ્યકિતને પોતાનો આદર્શ માને છે. અને તે વ્યક્તિએ જે માર્ગ સેવીને તે ગુણો પ્રાપ્ત કર્યા હોય તે માર્ગ પોતે અપનાવીને પોતાનામાં તે ગુણો પ્રગટાવવાની ઇચ્છા રાખે છે. જૈન ગુણોનો ભક્ત છે, વ્યક્તિનો નહીં તે ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. આ સંબંધમાં નીચેના ઉલ્લેખો મહત્ત્વના છે.

હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે—

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम् ।**
**ज्ञातारं विश्वतत्त्वानां वंदे तद्गुणलब्धये ॥**

મોક્ષમાર્ગના નેતા, કર્મરૂપી પર્વતોના ભેત્તા અને સર્વે તત્ત્વોના જ્ઞાતાને તેના ગુણોની પ્રાપ્તિ કરવા માટે વંદું છું. અહીં કોઇ ખાસ વ્યકિતને વંદન નથી. પરંતુ અમુક ગુણોને ધારણ કરનારી વ્યક્તિને તે ગુણો પોતાનામાં પ્રગટે તે હેતુથી, વંદન કરવામાં આવેલ છે. હરિભદ્રસૂરિએ પણ લોકતત્ત્વનિર્ણયમાં કહ્યું છે કે—

**यस्य निखिलाश्च दोषा न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते।**
**ब्रह्मा वा विष्णुर्वा महेश्वरो वा नमस्तस्मै ॥**

જેનામાં સર્વ દોષો રહેલા ન હોય અને સર્વે ગુણો વિદ્યમાન હોય તેવા બ્રહ્મા, વિષ્ણુ કે શંકર જે હોય તેમને મારા નમસ્કાર છે. અહીં કોઇ ખાસ વ્યક્તિ કે દેવ નિર્દિષ્ટ નથી. ગુણો ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે. હેમચંદ્રાચાર્યે પણ આજ હકીકત ઉપર ભાર મૂકયો છે.

**भवबीजांकुरजनना रागाद्या: क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥**

સંસારરૂપ બીજનાં અંકુરોને ઉત્પન્ન કરનાર રાગ ઇત્યાદિ દોષો જેમનાં ક્ષય પામ્યા છે તે ભલે બ્રહ્મા, વિષ્ણુ, શંકર કે જિન ગમે તે હોય તેમને મારા નમસ્કાર છે.

આવા જ ભાવના ઉલ્લેખો અન્ય જૈન સ્તોત્રોમાંથી પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. આ ઉપરથી જોઇ શકાય છે કે ભક્તિનું પાત્ર ભલે કોઇ દેવ કે તીર્થંકર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય પરંતુ તે દેવ કે તીર્થંકર હોવાના કારણે નહીં, પણ તેમનામાં રહેલા ગુણોના કારણે તે ઉપાસ્ય બનેલ છે.

જૈનોના ઉપાસ્ય દેવ તીર્થંકરો છે. હવે પ્રશ્ન એ થાય છે કે કોઇપણ તીર્થંકરની તેમનામાં રહેલા ગુણોના કારણે ઉપાસના કરીએ, તેમની તરફ ભક્તિ દાખવીએ તો તેનાથી આપણને કેવા પ્રકારનો લાભ થાય? તીર્થંકર ભગવાન તો વીતરાગ છે. તેમને કોઇ પ્રત્યે રાગ નથી તેમજ દ્વેષ પણ નથી.

**पन्नगे च सुरेन्द्रे च कौशिके पादसंस्पृशि ।**
**निर्विशेषमनस्काय श्रीवीरस्वामिने नमः ॥**

પોતાના ચરણને દ્વેષ બુદ્ધિથી દંશ દેનાર કૌશિક સર્પ તરફ જેમને દ્વેષ નથી તથા પોતાના ચરણને અનુરાગ બુદ્ધિથી સ્પર્શ કરી વંદન કરનાર કૌશિક ઇંદ્ર તરફ જેમને રાગ નથી–અર્થાત્ બંને તરફ જેમને સમભાવ છે તે વીર પરમાત્માને મારા નમન છે.

હવે જો તીર્થંકર ભગવાન રાગદ્વેષથી પર હોય તો તેમની ભક્તિ શા માટે કરવી? તે જો કોઇપણ રીતથી સહાયક થવાના ન હોય, તો તેમની ભક્તિ કરવાથી શો લાભ? અલબત, જૈન સિદ્ધાંત પ્રમાણે તીર્થંકર ભગવાન રાગદ્વેષથી રહિત અર્થાત્ વીતરાગી વિશુદ્ધાત્મા હોવાથી નથી કોઇપણ વસ્તુના કર્તા કે નથી ભોકતા. આમ છતાં તેમને નિમિત્તજન્ય કર્તા ગણવામાં આવે છે. નિમિત્તજન્ય કર્તા પોતે કાંઇ કરતો નથી છતાં તેના નિમિત્તથી ભકતને ઇષ્ટ વસ્તુ મળી રહે છે. આ શ્રદ્ધા જૈનભકિતના પાયામાં છે. હવે આપણે આ બાબત જોઇએ. આચાર્ય સમંતભદ્ર સ્વયંભૂસ્તોત્રમાં વાસુપૂજ્ય તીર્થંકરનું સ્તવન કરતાં કહે છે કે

**न पूजयार्थ स्त्वयि वीतरागे**
**न निंदया नाथ विवांतवैरे ।**
**तथापि ते पुण्यगुणस्मृतिर्न :**
**पुनाति चित्तं दुरितांजनेभ्य : ॥**

હે નાથ! આપ તો વીતરાગ છો એટલે આપની પૂજા કરવાનો કોઇ અર્થ નથી. વળી આપે તો વૈરનું વમન કરી દીધેલું છે એટલે આપની નિંદા કરવાનો પણ કોઇ અર્થ નથી. (અર્થાત્ આપ પૂજા કરનારાઓ તરફ પ્રસન્ન અને નિંદા કરનારાઓ તરફ અપ્રસન્ન થાઓ તેવી કોઇ શકયતા નથી.) તો પણ આપના પુણ્ય ગુણોનું સ્મરણ અમારા ચિત્તને પાપરૂપી મળોથી પવિત્ર બનાવે છે." તાત્પર્ય કે તીર્થંકર ભગવાન સ્વયં કાંઇપણ કરતા નથી તો પણ તેમના પુણ્ય ગુણોની સ્મૃતિથી આપણા આત્મામાં જે શુભોપયોગ ઉત્પન્ન થાય છે તેનાથી પાપનો ક્ષય થાય છે અને પુણ્યનો ઉદય થાય છે માનતુંગાચાર્ય પણ ભકતામરસ્તોત્રમાં આદિનાથને સંબોધીને કહે છે કે

**" त्वत्संस्तवेन भवसंततिसंनिबद्धं**
**पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।**
**आक्रांतलोकमलिनीलमशेषमाशु**
**सूर्यांशुभिन्नमिव शार्वरमंधकारम् ॥**

જેમ લોકમાં વ્યાપી રહેલો ભ્રમર જેવો શ્યામ રાત્રિનો અંધકાર સૂર્યનાં કિરણો ઉગતાં નાશ પાસે છે, તેમ દેહધારીઓ સાથે જન્મોજન્મના સંબંધથી બંધાયેલું પાપ તારા સ્તવનથી ક્ષણમાત્રમાં નાશ પામી જાય છે." અહીં તીર્થંકર પ્રસન્ન થઇને પાપનો નાશ કરે છે તેમ કહેવામાં નથી આવ્યું. પણ તેમના સ્તવનથી આપણા હૃદયમાં એવા શુભ ભાવો પ્રગટે છે કે તેનાથી પાપનો ક્ષણમાત્રમાં નાશ થઇ જાય છે, એમ સુચવવામાં આવ્યું છે. આવા જ ઉલ્લેખો બીજા સ્તોત્રોમાંથી પણ મળી આવે છે.

હવે તીર્થંકર ભગવાનના ગુણોના સ્મરણથી અથવા તેમના સ્તવનથી ભાવ કેવી રીતે પવિત્ર બને? આ મહત્ત્વના પ્રશ્નનો ઉત્તર પણ જૈન સિદ્ધાંત પ્રમાણે મળી શકે છે. શુભ અને અશુભ એમ બે પ્રકારનાં કર્મો છે. આ બંનેનો આસ્રવ મન, વચન અને કાયાની ક્રિયાથી થાય છે. જ્યારે આ ક્રિયા શુભ હોય છે ત્યારે શુભ કર્મ બને છે અને જ્યારે ક્રિયા અશુભ હોય છે ત્યારે અશુભ કર્મ બને છે. તીર્થંકર ભગવાનમાં અનુરાગ કરવો તે એક શુભ ક્રિયા છે એટલે આ ક્રિયાથી પાપ કર્મોનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાશ અને પુણ્ય કર્મોનો ઉદય થાય છે. વસુનંદિએ શ્રાવકાચારમાં કહ્યું છે કે

**अरहंतभत्तियाइसु सुवोहओगेण आसवइ पुण्णं ।**
**विवरीए दु पावं णिद्दिट्ठं जिणवरिंदे हि ॥**

અરિહંત ભક્તિ વગેરેમાં શુભ ઉપયોગ હોવાથી પુણ્યનો આસ્રવ થાય છે. તેનાથી વિપરીતમાં પાપનો આસ્રવ થાય છે, એમ જિનવરોએ નિર્દેશેલું છે.

ઇષ્ટની ભક્તિ કરવાથી આપોઆપ લાભ મળી શકે છે તે બાબતમાં એકલવ્યનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. માટીની બનાવેલી દ્રોણાચાર્યની મૂર્તિ પાસે ઊભા રહીને અત્યંત ભક્તિપૂર્વક પ્રયત્ન કરવાથી એકલવ્ય પોતાની મેળે જ જગતનો અદ્વિતીય ધનુર્ધારી બન્યો. માટીની મૂર્તિ તો માત્ર નિમિત્ત હતી, તે કાંઇ કરી શકે તેવી શકયતા જ ન હતી. પરંતુ એટલું તો ચોક્કસ છે કે એ માટીના દ્રોણાચાર્ય તરફ એ ખરા દ્રોણાચાર્ય હોય તેવી એકનિષ્ઠા તેણે રાખી અને તે દ્વારા તે એવો ધનુર્ધર બન્યો કે જેની કુશળતા જોઇને દ્રોણાચાર્ય તથા અર્જુન દંગ થઇ ગયા.

એટલે જે કોઇ તીર્થંકરની પવિત્ર મૂર્તિને હૃદયમાં સ્થાન આપીને, તેમના પુણ્ય ગુણોનું સ્મરણ કરીને તથા તેમણે જે પુરુષાર્થથી કર્મબંધોનો નાશ કર્યો હતો તેને ચિંતવીને નિષ્કામ વૃત્તિથી ભક્તિ કરે, તો તેના પણ કર્મબંધો પોતાની મેળેજ નાશ પામે છે મન જ્યારે ઉપાસ્ય તરફ આકર્ષાય છે ત્યારે તે તેમના માર્ગનું અનુસરણ કરવાની પોતાની ફરજ માને છે. તે ખરાબ પ્રવૃત્તિઓથી પાછું હઠે છે અને સારી પ્રવૃત્તિઓને અપનાવે છે. અદયાથી દયા તરફ, અક્ષમાથી ક્ષમા તરફ અને ટૂંકામાં અધર્મથી ધર્મ તરફ તે આગળ વધે છે, અને ભક્તને મુક્તિ તરફ દોરી જાય છે.

આ રીતે જૈન ભક્તિ પુરુષાર્થી છે. તેમાં ઉપાસ્ય દેવનું આલંબન લઇ સ્વયં આત્મશુદ્ધિ સાધવાનો અને મોક્ષમાર્ગમાં આગળ વધવાનો પુરુષાર્થ છે. જૈનભક્તિમાં જૈનેતરોની જેમ **दासोऽहम्** (હું દાસ છું) એવી દીન વૃત્તિ દાખવવી પડતી નથી, તેમજ ભગવદ્‌ગીતામાં કહ્યું છે તેમ—

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥**

અધ્યા. ૧૮ શ્લો. ૬૬

બધાં કર્તવ્યોને છોડીને મારા એકલાને જ શરણે આવ. હું તને બધાં પાપમાંથી મુક્ત કરીશ. શોક કર નહીં" એમ ઉપાસ્યને શરણે જવાની કે ઉપાસ્યની શરણાગતિ સ્વીકારવાની વાત નથી. જૈનભક્તિ અને જૈનેતર ભક્તિ વચ્ચેનો આ મહત્ત્વનો ભેદ ખાસ ધ્યાન ખેંચે તેવો છે.

સફળતા બીજાનું વિસર્જન કરવામાં નહિ, પોતાનું સર્જન કરવામાં છે.

સમ્યગ્‌દર્શન એ આત્માની રૂચિ છે, સમ્યક્‌જ્ઞાન એ આત્માની સમજણ છે, અને સમ્યક્‌ચારિત્ર એ આત્માનો અનુભવ રસ છે.

ચિત્રભાનુ (દિવ્યદીપ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મલ્લવાદી : મહાન તાર્કિક શિરોમણિ

લેખક : મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ

ન્યાય એ એક પ્રાચીન શાસ્ત્ર છે. સર્વ દર્શનકારોએ પોતે સ્વીકારેલાં તત્ત્વોને અને વિચારોને સિદ્ધ કરવા માટે જે પદ્ધતિ અપનાવી અને સમય જતાં જે પદ્ધતિ વિકસીને વ્યવસ્થિત બની એ ન્યાયશાસ્ત્ર રૂપે પરિણમી.

જૈન ન્યાયના જે પ્રાચીન મહાન લેખકો થઇ ગયા છે, અને જેમના ગ્રંથો તથા જેમના સંબંધી થોડી ઘણી માહિતી અત્યારે આપણી પાસે છે, તે સૌમાં પ્રથમ ક્રમે સિદ્ધસેન દિવાકર આવે છે. તેઓ ઇસ્વીસનની શરૂઆતના સૈકામાં થઇ ગયા હોય તેમ જણાય છે. જૈન ન્યાયના વિષય ઉપર સંસ્કૃતમાં લખેલો તેમનો ગ્રંથ 'ન્યાયાવતાર' આધારભૂત ગણાય છે. તેમણે તેમાં ખાસ કરીને પ્રમાણની અને અમુક અંશે નયની ચર્ચા કરી છે. પ્રાકૃતમાં તેમણે રચેલો સન્મતિતર્ક આકર ગ્રંથ ગણાય છે. તેમાં નયોની વિસ્તૃત વિચારણા છે.

બૌદ્ધ લેખકોએ પણ આજ સમયમાં ન્યાયની શરૂઆત કરી. મૈત્રેય, અસંગ, વસુબંધુ, વગેરે બૌદ્ધ લેખકોનાં લખાણોમાં બૌદ્ધ ન્યાયના પ્રારંભના બીજ જોવા મળે છે. આ લેખકો ઇ. સ. ના ત્રીજા ચોથા સૈકામાં થઇ ગયા મનાય છે.

બૌદ્ધ ન્યાયનો ખરો પુરસ્કર્તા વસુબંધુનો શિષ્ય દિઙ્નાગ છે. તે પ્રખર બુદ્ધિશાળી હતો અને ભારતના નૈયાયિકોમાં તેનું સ્થાન મોખરે છે. તેણે ઘણા ગ્રંથો લખ્યા છે. તેમાં 'પ્રમાણસમુચ્ચય'એ ખાસ કરીને બૌદ્ધ ન્યાયના ઉપર આધારભૂત ગ્રંથ છે. પોતાના જુદા જુદા ગ્રંથોમાં પ્રમાણ ઉપર પોતે જે જે વિચારો દર્શાવ્યા હતા તે સઘળા એકત્ર કરીને તેણે 'પ્રમાણસમુચ્ચય' રચ્યો છે તેમ તે આ ગ્રંથના પ્રારંભમાં કહે છે. આ મૂળ ગ્રંથ સંસ્કૃતમાં હતો તે લુપ્ત થયો છે, આજે મળતો નથી. પરંતુ તેનો તિબેટી અનુવાદ મળે છે, જે ઉપરથી આપણને તે ગ્રંથના સ્વરૂપનો ખ્યાલ આવી શકે છે.

દિઙ્નાગ મહાન તાર્કિક અને વાદી હતો. તેને 'બૌદ્ધન્યાયનો પિતા' એવું ઉપનામ આપવામાં આવે છે, અને તે યથાર્થ છે. તેણે પોતાના વિરોધીઓના મતો ઉપર ઉગ્રપણે પ્રહારો કર્યા છે અને તેથી વિરોધીઓએ પણ તેના મતો ઉપર તેટલા જ ઉગ્રપણે સામા પ્રહારો કર્યા છે. દિઙ્નાગના મૃત્યુ પછી પણ આ બૌદ્ધિક યુદ્ધ બંધ નથી રહ્યું. તેની પછી આવનારા લેખકોએ પણ જ્યાં જ્યાં તક મળે ત્યાં ત્યાં તેના મતોનું ખંડન મંડન કર્યા જ કર્યું છે.

દિઙ્નાગની પછી તેના જ જેવા તર્કશિરોમણિ જૈન આચાર્ય મલ્લ થયા, જે મહાન વાદિશ્રેષ્ઠ હોવાથી મલ્લવાદી તરીકે પ્રસિદ્ધ છે. તેમણે **द्वादशारं नयचक्रम्** અથવા ટૂંકામાં **नयचक्रम्** નામનો નય ઉપર પ્રમાણભૂત ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો છે.

'દ્વાદશાર નયચક્ર'નો મુખ્ય વિષય નયોના નિરૂપણ-દ્વારા એકાંતવાદી સર્વ દર્શનોનું નિરસન અને જૈન દર્શનસંમત અનેકાંતવાદની સ્થાપના એ છે. અનેકાત્મક વસ્તુના એક દેશનું અવધારણ કરનારી દૃષ્ટિને 'નય' કહેવામાં આવે છે. આવા નયો અનંત છે. છતાં જૈન આચાર્યોએ તે બધા નયોનો સંક્ષેપ સાત નયોમાં કર્યો છે, જેવા કે (૧) નૈગમ (૨) સંગ્રહ (૩) વ્યવહાર (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ (૬) સમભિરૂઢ અને (૭) એવંભૂત.

---

પરમ પૂજ્ય સ્વર્ગસ્થ મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજના અંતેવાસી પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી મહારાજે જાપાનની રીસ્હો યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. યેન્શો કાનાકુરાને તેમના સ્મિરણમાં જન્મદિને અર્પણ કરવામાં આવનારા અભિનંદન ગ્રંથ માટે અંગ્રેજીમાં તૈયાર કરી જાપાનમાં પ્રોફેસર ડૉ. યુકિયો સાકામોટોને મોકલેલા લેખનો ગુજરાતી અનુવાદ. સવિસ્તર માહિતી માટે જૂઓ તેઓશ્રી સંપાદિત અને શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી થોડા સમય પછી પ્રસિદ્ધ થનાર **द्वादशारं नयचक्रम् विभाग : १** — તંત્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ નયવાદ જૈન દર્શનનો તદ્દન સ્વતંત્ર અને અત્યંત મહત્ત્વનો વિશિષ્ટ વિષય છે અને જૈન સાહિત્યમાં એ વિષે પુષ્કળ ગ્રંથો રચાયેલા છે.

આ. મલ્લવાદી નયચક્રમાં ખાસ કરીને નયોનું નિરૂપણ કરે છે. છતાં તેમણે નિરૂપેલા નયોનાં નામો પરંપરાગત નયો કરતાં ભિન્ન છે. તેમના નયો નીચે પ્રમાણે બાર છે :–

| | | |
|---|---|---|
| (૧) વિધિ | (૫) ઉભય | (૯) નિયમ |
| (૨) વિધિવિધિ | (૬) ઉભયવિધિ | (૧૦) નિયમવિધિ |
| (૩) વિધ્યુભય | (૭) ઉભયોભય | (૧૧) નિયમોભય |
| (૪) વિધિનિયમ | (૮) ઉભયનિયમ | (૧૨) નિયમનિયમ |

આ બાર નયોનો ઉપર આપેલા પરંપરાગત સાત નયો સાથે સંબંધ તો છે જ. પહેલા વિધિનયનો અંતર્ભાવ વ્યવહાર નયમાં, બીજા, ત્રીજા અને ચોથા નયોનો સંગ્રહનયમાં, પાંચમા અને છઠ્ઠા નયોનો નૈગમ નયમાં, સાતમા નયનો ઋજુસૂત્ર નયમાં, આઠમા તથા નવમા નયોનો શબ્દ નયમાં, દશમાં નયનો સમભિરૂઢ નયમાં અને અગિયારમા તથા બારમા નયોનો અંતર્ભાવ એવંભૂત નયમાં થાય છે.

આ. મલ્લવાદીએ એક નવીન પ્રકારની નિરૂપણ શૈલીનો ઉપયોગ કર્યો છે, તેમના ગ્રંથનું નામ 'દ્વાદશાર નયચક્ર' છે અને તે બરાબર સાર્થક છે. જેમ ચક્રમાં બાર અરા (આરાઓ) હોય છે તેમ આમાં પણ અરાત્મક બાર પ્રકરણો છે, એકેક અરમાં એકેક નયનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને તેમાં તે તે નય સાથે સંબંધ ધરાવતા દાર્શનિક વિચારોને સમાવી લેવામાં આવ્યા છે. ચક્ર આકારે નયોની યોજના કરવાથી એ પણ સૂચિત થાય છે કે આ નયોનું ખંડન–મંડનનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે અને એમના વાદવિવાદોનો કોઈ અંત જ નથી. પરંતુ વાદોમાં પરમેશ્વર જેવા અનેકાંતવાદ–સ્યાદ્વાદનો આશ્રય જો લેવામાં આવે તો આ બધા નયોના ઝગડાઓનો તરત જ અંત આવી જાય.

'નયચક્ર'ની એક ખાસ વિશિષ્ટતા એ છે કે વિધિવાદ, દ્વૈતવાદ, અદ્વૈતવાદ, ઇશ્વરવાદ આદિ કોઇ વાદોનું તેમાં સીધું ખંડન નથી. ભિન્નભિન્ન નયો જ એકબીજાનું ખંડન કરે છે. પૂર્વપૂર્વ નયના મતનું ખંડન કરવા ઉત્તરોત્તર નય ઉપસ્થિત થાય છે. આ શૈલીથી તે સમયના તમામ દાર્શનિક વિચારોનો વ્યવસ્થિત ચિંતનક્રમ તથા ખંડન-મંડન ક્રમ તટસ્થ દૃષ્ટિથી ગોઠવીને બધા નયવાદોનો સમાવેશ આ. મલ્લવાદીએ નયચક્રમાં બહુ જ સુંદર પદ્ધતિથી કર્યો છે. નયવાદો કેવી રીતે અનેકાંતવાદનો આશ્રય લે છે એ પણ અનેક સ્થળે જણાવ્યું છે, અને તે તે દરેક નયનું બીજ જૈન આગમ ગ્રંથોમાં કયા કયા વાક્યમાં રહેલું છે એ પણ દરેક નયના અંતે તેમણે દર્શાવ્યું છે. આ રીતે અનેકાંત દૃષ્ટિથી જૈન દર્શનની સર્વનય સમૂહાત્મકતા સિદ્ધ કરવામાં આ. મલ્લવાદીએ પોતાની અપ્રતિમ પ્રતિભાનો પરિચય કરાવ્યો છે.

નયચક્ર દાર્શનિક સંશોધન માટે ખૂબ ઉપયોગી ગ્રંથ છે, કારણ કે તેમાં સમકાલીન દાર્શનિક વાદો તથા તેના ઐતિહાસિક વિકાસની માહિતી આપવામાં આવેલી છે. આ બાબત આપણે ટૂંકામાં તપાસીએ.

આ ગ્રંથમાં જુદાજુદા બૌદ્ધવાદોની ચર્ચા કરવામાં આવી છે. પહેલા અરમાં દિઙ્નાગે પ્રમાણસમુચ્ચય અને વસુબંધુએ વિધિવાદમાં જણાવેલા પ્રત્યક્ષ પ્રમાણના લક્ષણનું વિસ્તારથી ખંડન છે. અને એ પ્રસંગમાં અભિધર્મપિટક, પ્રકરણપાદ વગેરે બૌદ્ધ આગમ ગ્રંથોમાંથી પાઠો ઉધ્ધૃત કરેલા છે. વસુબંધુએ રચેલા અભિધર્મકોશભાષ્યના એક પાઠની આ. મલ્લવાદીએ વિસ્તારથી સમીક્ષા કરેલી છે. તે ઉપરાંત હસ્તવાલ પ્રકરણ, આર્યદેવ રચિત ચતુઃશતક વગેરે બૌદ્ધ ગ્રંથોમાંથી પણ પાઠો ઉધ્ધૃત કરેલા છે. આઠમા અરમાં દિઙ્નાગના અપોહવાદનું વિસ્તારથી ખંડન છે. દશમા અરમાં રૂપાદિ સમુદાયવાદનું, અગિયારમાં અરમાં ક્ષણિકવાદનું તથા બારમા અરમાં વિજ્ઞાનવાદ–શૂન્યવાદનું નિરૂપણ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શબ્દાર્થ, વાક્યાર્થ વગેરેની વિચારણામાં ભર્તૃહરિના વાક્યપદીયની ઘણી કારિકાઓ ઉધ્ધૃત કરેલી છે. આઠમા અરમાં અભિજલ્પ શબ્દાર્થની ચર્ચામાં વાક્યપદીયનું વિસ્તારથી ખંડન છે. વસુરાતના મતનું ખંડન પણ આ અરમાં છે.

આ. મલ્લવાદીએ સાંખ્યમતની વિચારણા કરતી વખતે વાર્ષગણ્યતંત્રનો તથા તેના ભાષ્યનો ઘણે સ્થળે ઉપયોગ કરેલો છે એટલે તે સમયે વાર્ષગણ્યપ્રણીત વાર્ષગણ્યતંત્ર સાંખ્ય દર્શનનો અતિ મહત્ત્વનો આધારભૂત ગ્રંથ હશે તેમ જણાય છે. તેમણે ઇશ્વરકૃષ્ણ રચિત સાંખ્ય સપ્તતિની કારિકાઓનો કોઇ ઉપયોગ કર્યો જણાતો નથી. પરંતુ વૃત્તિકાર આ. સિંહસૂરિએ બે કારિકાઓ ઉધ્ધૃત કરેલી છે એટલે એમ જણાય છે કે આ. મલ્લવાદીના સમયમાં ઇશ્વરકૃષ્ણની સાંખ્ય કારિકાઓ કાં તો રચાઇ નહીં હોય અથવા આ. સિંહસૂરિ અને તેની પછીના સમયમાં તે કારિકાઓને જે મહત્ત્વ આપવામાં આવ્યું હતું તેવું કશુંજ મહત્ત્વ આ. મલ્લવાદીના સમયમાં તેનું નહીં હોય.

'ન્યાયસૂત્ર'માંથી ઘણાં સૂત્રો 'દ્વાદશાર નયચક્ર'માં ઉધ્ધૃત કરેલા છે. ન્યાયસૂત્રકાર અક્ષપાદ ગૌતમે ઈશ્વરવાદનું પ્રતિપાદન કરેલું છે અને આ ઇશ્વરવાદ ન્યાયશાસ્ત્રનું ખાસ વિશિષ્ટ લક્ષણ ગણાય છે. માહેશ્વરદર્શન અને ન્યાયદર્શન ગાઢ રીતે સંકળાયેલાં હોય તેમ જણાય છે. જો કે સીધી રીતે આ. મલ્લવાદી ઉદ્યોતકરના નામનો ઉલ્લેખ કરતા નથી, પરંતુ ઇશ્વરવાદમાં એક પાઠ રજુ કરે છે તે તેના ગ્રંથ 'ન્યાયવાર્તિક'માંથી લીધો જણાય છે. તે ઉપરથી તેમણે ઉદ્યોતકરના દાર્શનિક મતોને તપાસી જોયા હોય તેમ જણાય છે.

એમ લાગે છે કે આ. મલ્લવાદીના સમયમાં અનેક અદ્વૈતવાદો પ્રચલિત હતા, જેમાંના કેટલાક પાછળના સમયમાં લુપ્ત થઈ ગયા છે. દ્વાદશાર નયચક્રના બીજા અરમાં પુરુષ, નિયતિ, કાલ, ભાવ, સ્વભાવ વગેરે અદ્વૈતવાદોની ચર્ચા કરવામાં આવી છે, તે સમયમાં આ વાદોને નિરૂપતા આધારભૂત ગ્રંથો હશે પણ અત્યારે તે મળતા નથી એટલે આ વાદો સંબંધી સ્પષ્ટ દર્શન આપણને થતું નથી. આ. સિંહસૂરિની વૃત્તિમાં શબ્દબ્રહ્મવાદનો ઉલ્લેખ છે. આ સંબંધમાં ચોથા અરમાં ૐકાર જ સત્ય છે, ૐકાર બ્રહ્મસ્વરૂપ છે અને ૐકાર એ જ પરમાર્થ છે એવો વિધિનિયમ નયનો મત છે એમ જણાવેલું છે.

કણાદપ્રણીત વૈશેષિકસૂત્રો નયચક્રમાં ઘણાં સ્થળે ઉધ્ધૃત કરેલાં છે. એમ જણાય છે કે આ. મલ્લવાદીએ વૈશેષિકસૂત્રોની ઘણી પ્રાચીન વૃત્તિઓ તપાસી હશે કે જે અત્યારે આપણને ઉપલબ્ધ નથી.

ખાસ કરીને પહેલા અને બીજા અરમાં પૂર્વમીમાંસાની ચર્ચા કરવામાં આવી છે. આ. મલ્લવાદી શાબરભાષ્યથી પરિચિત હોય તેમ જણાય છે. પરંતુ કુમારિલ અને પ્રભાકરનો જરાપણ ઉલ્લેખ તે કરતા નથી.

ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ ઉપયોગી થઈ પડે તેવા ઘણા ઉલ્લેખો નયચક્રમાં છે. દિઙ્નાગ વસુબંધુનો શિષ્ય હતો છતાં તેણે પોતાના ગુરુ વસુબંધુના 'વાદવિધિ' ગ્રંથનું ખંડન કર્યું છે એવો સ્પષ્ટ ઉલ્લેખ નયચક્રવૃત્તિમાં છે. એટલે આ ગુરુશિષ્ય સંબંધનું જે વર્ણન બૌદ્ધ કથા ગ્રંથોમાં આવે છે તેને આનાથી સમર્થન મળે છે અને હવે એ સંબંધ વિષે કોઇપણ જાતની શંકા કરવાનું સ્થાન રહેતું નથી. 'વસુરાત ભર્તૃહરિનો ઉપાધ્યાય હતો' એવો સ્પષ્ટ ઉલ્લેખ આઠમા અરમાં છે. દિઙ્નાગે 'ત્રૈકાલ્ય પરીક્ષા' ગ્રંથની રચના કરતી વખતે ભર્તૃહરિના વાક્યપદીયની ઘણી કારિકાઓનો ઉપયોગ કર્યો છે. એટલે વાક્યપદીયકાર ભર્તૃહરિ વસુરાતની પછી અને દિઙ્નાગની પહેલાં થયો હતો તેમ ચોક્કસ થાય છે. આ ઉપરથી ઇ-ત્સિંગે જેનો ઉલ્લેખ કર્યો છે અને જે ઇ. સ. ૬૫૧માં મૃત્યુ પામ્યો છે તે ભર્તૃહરિ કોઇ અન્ય વ્યક્તિ હશે તેમ માનવું પડે છે.

પતંજલિએ પોતાતા મહાભાષ્યમાં **गुणसन्द्रावो द्रव्यम्** આ પ્રમાણે દ્રવ્યનું લક્ષણ બતાવેલું છે. સાંખ્ય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શનની ચર્ચા કરતી વખતે આજ સૂત્ર નયચક્રવૃત્તિમાં ઉધ્ધૃત કરેલું છે. આ ઉપરથી પતંજલિ સાંખ્યમતાનુયાયી હોય એવું અનુમાન કરી શકાય છે.

ઉપરની હકીકતો ધ્યાનમાં લેતાં સ્પષ્ટ થાય છે કે આ. મલ્લવાદી એક મહાન તાર્કિકશિરોમણિ થઈ ગયા છે. **अनु मल्लवादिनं तार्किकाः** (તાર્કિકો મલ્લવાદીથી ઉતરતા છે) એમ જે હેમચંદ્રાચાર્યે કહ્યું છે તે ખરેખર યથાર્થ છે.

હવે આ. મલ્લવાદીના જીવનની ટૂંકી હકીકતની નોંધ લઈએ. તેમનો જન્મ સૌરાષ્ટ્રમાં વલભી (વળા)માં થયો હતો, અને આ. જિનાનંદ કે જે સંસારીપણામાં તેમના મામા થતા હતા તેમની પાસે તેમણે દીક્ષા લીધી હતી. તેમની પ્રતિભા અદ્વિતીય હતી અને તેઓ એક પ્રખર વાદપટુ વાદી હતા. ભરૂચમાં વાદવિવાદમાં તેમણે બૌદ્ધ આચાર્ય બુદ્ધાનંદને હરાવ્યો હતો. તેઓ શ્વેતાંબર સંપ્રદાયના હતા અને ક્ષમાશ્રમણ પદવીથી વિભૂષિત હતા. તેમણે વાદવિવાદમાં પુષ્કળ પ્રતિસ્પર્ધીઓને હરાવ્યા હતા.

આ. મલ્લવાદીએ શ્રુતદેવતાને આરાધીને 'દ્વાદશાર નયચક્ર' ગ્રંથની રચના કરી હતી તેવી કિંવદંતી છે. નયચક્રનું અધ્યન કરનારા વાદીઓમાં ચક્રવર્તી બને અને સત્ય ધર્મનું-જૈન ધર્મનું પ્રભુત્વ સાચવી રાખે તેવા હેતુથી તેમણે આ ગ્રંથ રચ્યો હતો.

એમ જણાય છે કે ઘણા પ્રાચીન કાળમાં (સિદ્ધસેન દિવાકરે ન્યાયાવતાર અને સંમતિતર્ક રચ્યા તે પહેલાંના સમયમાં) **सप्तशतारनयचक्रम्** નામનો નયનો એક આકર ગ્રંથ પ્રચલિત હતો અને સાતસો નયોનું નિરૂપણ તેમાં કરવામાં આવેલ હતું. આ ગ્રંથ અત્યારે ઉપલબ્ધ નથી. પણ આ. મલ્લવાદીએ તેનો ઘણો ઉપયોગ કર્યો હશે. આ ગ્રંથ વિસ્તૃત હોવાથી સંક્ષેપરુચિ અધ્યેતાઓ માટે તેમણે વિષયને બાર નયોમાં સમાવી **द्वादशारं नयचक्रम्**ની રચના કરી છે.

આ. મલ્લવાદીએ કુમારિલ, પ્રભાકર કે ઈશ્વરકૃષ્ણના ઉલ્લેખો કોઈ સ્થાને કર્યો નથી. એટલે તેઓ આ બધાની પહેલાં અને દિઙ્નાગની પછીના સમયમાં થયા હોવા જોઈએ. 'પ્રભાવક ચરિત્ર'માં આપેલા એક ઉલ્લેખ ઉપરથી 'તેમણે વીર સંવત ૮૮૪ (ઈ. સ. ૩૫૮)માં બુદ્ધાનંદ ઉપર વિજય મેળવ્યો હતો.' તેમ જણાય છે. વળી નયચક્રમાં આગમોમાંથી જે અવતરણો ઉધ્ધૃત કરેલાં છે, તેમાંના કેટલાકના પાઠો વીર સંવત ૯૮૦ (ઈ. સ. ૪૫૪)માં વલભીમાં જે પાઠો આ. દેવર્ધિગણિએ નિર્ણીત કર્યાં છે તેનાથી ભિન્ન છે. એટલે આ પાઠો આ. દેવર્ધિગણિની પહેલાં ચાલતી હોય તેવી કોઈ વાચનાના હોવા જોઈએ. અને આ. મલ્લવાદી તથા વૃત્તિકાર આ. સિંહસૂરિ આ. દેવર્ધિગણિ પહેલાં અથવા તેમની વાચના પ્રમાણભૂત ગણાવા માંડી અને અન્ય વાચનાઓ બંધ પડી તે પહેલાંના સમયમાં થઈ ગયા હોવા જોઈએ. આ ઉપરથી પ્રભાવક ચરિત્રકાર મલ્લવાદીનો જે સમય સૂચવે છે તે અમને સ્વીકાર્ય જણાય છે.

---

# ખાસ વિજ્ઞપ્તિ

**આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.**

卐

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્શાસ્ત્રનું અંતરાત્મા પ્રતિ પ્રોત્સાહન



( હરિગીત છંદ )

નિઃસ્તબ્ધ રાત્રિના વિષે બંસી મધુર જેમ લાગતી,
મોહક સ્વરે સત્શાસ્ત્રવાણી આત્મ અંતર વાગતી.
હે વ્યક્તિ માનવ ! કોણ તું ? તે તે તપાસી લે જરી,
ના દેહ, ના તું અવયવી; ચૈતન્ય મૂર્તિ છે ખરી. ૧

ભીરુ-કાયર ના બને તું, ના નિરાશી થા હવે,
શ્રદ્ધા કરી પરમાત્મ વચને સબળ બનજે આ ભવે.
પુરુષાર્થથી મહાવીર જિનવર વંદનીય ત્રિભુવને
પુરુષાર્થહીન ! તું આ રહ્યો જે તુચ્છભાવે ભવવને. ૨

કાલે કરીશું વૃત્તિ એવી જીવને રખડાવતી,
ત્યાગી પ્રમાદ પ્રયત્નથી સત્સંગ સાધન લાવતી;
સંસારના કુરુક્ષેત્રમાં સમભાવવૃત્તિ સંગ્રહી,
જીવનતણી સુંદર ક્ષણો આનંદમાં જાઓ વહી. ૩

પ્રિયતમ ! સદા તું જાણજે છે મુગટરૂપ જ સૃષ્ટિનું,
માનુષ્યજીવન ત્યાં રહેલું ભાવિ[૧] ઉજ્જવળ દૃષ્ટિનું;
ક્રમશઃ વટાવ્યાં સપ્ત રાજે[૨] અર્ધવાટ રહી હવે,
જો ! જો ! ઊંચું આગળ નિહાળી મુક્ત બનવા પરભવે. ૪

છે સાધનો સમજણ પછી સદસદ્‌વિવેક વિષે રહી,
તત્ત્વો તણી છે સુલભતા આ જૈન સૃષ્ટિમાં લહી;
છે શાંતિનાં આ ધર્મચક્રો આપણું રક્ષણ કરે,
જ્ઞાતવ્ય ને કર્તવ્યને પ્રાપ્તવ્યથી શુભ સંચરે, ૫

કાળે હતી તારા વિષે એ ચેતના જો કર્મની,
વળી કર્મફળની ચેતના ભોગો વિષે, ના ધર્મની;
પણ હા ! હવે એ ચેતના સુવિશુદ્ધ જ્ઞાનતણી થઈ,
સંસ્કારથી સમૃદ્ધ બનતાં શક્તિ અલ્પ હવે ગઈ. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાયુ ઝપાટે જેમ તરણાં ચક્રવત્ ભમતાં રહે,
તું તેમ આશા – વાસનાથી દીનતાને સંગ્રહે;
નિર્વાત સ્થળના દીપ પેઠે હૃદય ચંચળતા તજી,
સામર્થ્ય અદ્ભુત પ્રેરજે તું મુક્તિવધુ માટે સજી ૭

સાચી કુંચી સામ્રાજ્યની તારી કને જો આ રહી,
ઉપયોગ કરતાં શીખ ! કાં એ ભૂલ ન જાઓ વહી,
આત્મિક સ્વભાવ-વિભાવ પરિણુતિ-એ તણીજ પસંદગી,
કર યત્નથી જલ્દી હવે અવશેષ છે આ જીંદગી, ૮

ફત્તેહચંદ ઝ. શાહ

---

૧. ઉચ્ચતર ગુણસ્થાનકની ભવિષ્યમાં પ્રાપ્તિ ૨. સાત રાજલોક ૩. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ

# શ્રી પંચ પરમેષ્ઠિ સ્તુતિરૂપ–મંગલપંચક

ઉપજાતિવૃત્ત

જે તારકે ભાવ દયા ધરીને,
સ્થાપ્યું મહાશાસન તારવાને;
જેને સ્તવે મર્ત્ય સુરેન્દ્રવૃન્દો,
નિત્યે નમું તે અરિહંત દેવોઃ-૧

કર્મો હણી ધ્યાનબળે બધાંયે,
જે મુક્તિમાં આદિ અનન્ત ભાવે;
વિરાજતાં, સૌખ્ય અપૂર્વ પાવે,
તે સિદ્ધદેવો પ્રણમું સદાયે-ઃ૨

અપૂર્વ પાંડિત્ય ધરાવનાર,
કરે સદા શાસનનો વિચાર;
સદ્બ્રહ્મતેજે રવિને જીતે જે,
તે સૂરિજીને નમું ભક્તિભાવેઃ-૩

સૂત્રાર્થ જાણે શ્રુતબોધ આપે,
જે સાધુઓને નિજમાર્ગ લાવે;
સેનાપતિરૂપ જિનેશ ધર્મે,
વંદું ઉપધ્યાયજી પાદપદ્મેઃ-૪

ચારિત્રમાં જે દિનરાત લીન,
સ્વાધ્યાયને સત્તપમાં પ્રવીણ;
પુણ્યોદયે દર્શન થાય જેનાં;
સદા ગ્રહું તે શરણાં મુનિનાંઃ-૫

મુનિ હેમચંદ્રવિજયજી



For Private And Personal Use Only

## ૭૩ વર્ષથી સુપ્રસિદ્ધ અને જૈન માલિકી ધરાવતી:

૧૧૦૦ આયુર્વેદીય ઔષધો નિર્માણ કરનાર ગુજરાતની એકમાત્ર સંસ્થા

# ઝંડુ ફાર્મસી ઝંડુ

નાં કેટલાંક લોકપ્રિય ઔષધો

## સુંદરી સંજીવની

સ્ત્રીઓની અશક્તિ કમર, પીઠ, માથું દુખવું, નબળાઇ તથા સુવાવડના રોગો વગેરેમાં ઉપયોગી છે શક્તિ આપે છે. અને તંદુરસ્ત રાખે છે.

બા. ૧ ના રૂા. ૨–૫૦
૪૫૦ મી. લી. રૂા. ૭–૦૦

## અમીરી જીવન

લીલા આમળામાંથી બનાવેલ આ સ્વાદિષ્ટ ચાટણ છે. જેમાં કેલ્શીયમ, વીટામીન વગેરે તત્વો આવે છે. જે શરીરની ક્ષીણતા, થકાવટ દૂર કરી નવશક્તિ અર્પે છે.

૪૫૦ ગ્રામ રૂા. ૭–૫૦
૧૧૦ ગ્રામ રૂા. ૨–૨૫

ઝાડા તથા મરડા માટે

## એન્ટીડીસેન્ટ્રોલ

અજોડ છે. ગમે તેટલા ઝાડા થતા હોય તુરત કાબુમાં લાવે છે.

૨૪ ગોળીના રૂા. ૧–૨૫ ૨૫૦ ગોળીના રૂા. ૧૦

બાળકો માટે

## શિશુ સંજીવની

બાળકોના તાવ, ઝાડા, દૂધનું પાચન ન થવું, લીવરના રોગ અને અશક્તિ દૂર કરે છે. નિયમિત આપવાથી બાળકો રૃષ્ટપુષ્ટ બને છે.

બા. ૧ ના રૂા. ૦–૫૦
૧૧૦ મી. લી. બા. રૂા. ૧–૨૫

યાદ શક્તિ માટે

## સીરપ શંખ પુષ્પી

મગજથી કાર્ય કરનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો, કારકુનો, ઓફીસરો વગેરે માટે ઉત્તમ છે.

બા. ૧ ના રૂા. ૧–૫૦, ૩૦૦ મી.લી. ૪–૦૦

**દરેક જગ્યાએ દવાવાળાને ત્યાં મળશે.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સંચાલિત

## શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર–પાલીતાણા

પાલીતાણામાં શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર છેલ્લા તેર વર્ષથી મધ્યમ વર્ગની સાધર્મીક જૈન બહેનોને ગૃહ ઉદ્યોગ દ્વારા આર્થિક રાહત અને ઉદ્યોગીક તાલીમ આપી સ્વાશ્રયી બનાવવા કાર્ય કરી રહેલ છે. જેનું સંચાલન શહેરના અગ્રગણ્ય જૈન સદ્‌ગૃસ્થો સેવાભાવે સુંદર રીતે કામ કરી રહ્યા છે. કેન્દ્રમાં જૈન ધર્મના આચાર અને જયણાનો ઉપયોગ રાખી વસ્તુઓ કાળજીપૂર્વક બનાવવામાં આવે છે. જેના વેચાણ માટે મુખ્ય બજારમાં એક વેચાણકેન્દ્ર ખોલ્યું છે. જ્યાંથી સાદા, ખારા, અને માંગરોળી ખાખરા, મગ, અડદ, ચોખાના પાપડ, વડી, ખેરો, સંભાર, મમરી, સેવ વગેરે વ્યાજબી ભાવે વેચવામાં આવે છે.

જૈન સમાજના દાનવીર તેમજ યાત્રાળુ ભાઇ બહેનોને કેન્દ્રની મુલાકાત લેવા અને વસ્તુઓ ખરીદી સીદાતી સાધર્મીક બ્હેનોને ઉત્તેજન આપવા વિનંતિ છે.

કાન્તીલાલ એચ. શાહ
મણીલાલ ફુલચંદ મોદી
માનદ મંત્રીઓ

ડો. ભાઇલાલ એમ. બાવીસી M. B. B. S.
પ્રમુખ–શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર.



ભારતની જનતાની સેવામાં
અમારી ઉત્તમ બનાવટો
લોખંડના ગોળ અને
ચોરસ સળીયા, પટ્ટી,
પાટા. વિ.

રોલીંગમાં ઉપયોગી થાય તેવો ભંગાર જેવો કે ગાડાના તુટેલા જૂના ધરા, પાકો માલ તથા પ્લેટના ટુકડા છ આની ઉપરની જાડાઇના બે પુટ ઉપરની લંબાઈના અમો ખરીદ કરીએ છીએ.
ભાવ તથા માલની વિગત લખો.

## ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ : રૂવાપરી રોડ, ભાવનગર.

ઘર : C/o ૪૧૫૯
ફોન નં. : ૩૨૧૯

[ ગ્રામ : IRONMAN


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અખિચન હે અવિકારી

લેખક : ઝવેરભાઈ બી. શેઠ બી. એ.

'અખિયન હે અવિકારી જીણુંદ તોરી અખિયન હે અવિકારી' આ પંક્તિ પ્રત્યેક તીર્થંકરની મૂર્તિને સંબોધીને ઉચ્ચારવામાં આવી છે. પરંતુ તેમાં ગહન રહસ્ય અને અદ્ભૂત દૃષ્ટિ સમાએલ છે.

ભગવાન મહાવીરના જન્મકલ્યાણકને આપણે સૌ આહ્‌લાદ, ઉમળકા અને ઉત્સાહભેર ઉજવીએ છીએ. તેની ઉજવણી સાચા હૃદયથી ત્યારે જ કરી કહેવાય, જ્યારે ભગવાન મહાવીરની વેધક અને અવિકારી દૃષ્ટિને આપણે આપણી દૃષ્ટિ બનાવીએ.

છેક શિશુવયથી તેઓશ્રી તો મહાદ્રષ્ટા અને નિર્મળ દૃષ્ટિ ધરાવનારા હતા. તેમના જીવનમાં બનેલા અનેકવિધ જીવન મરણના પ્રસંગો તપાસશું તો માલૂમ પડશે કે તેમની દૃષ્ટિ કઇ રીતે અને કેટલી અવિકારી હતી. એ અવિકારી દૃષ્ટિ આપણુને સૌને આ જમાનામાં અનિવાર્ય જરૂરી છે.

મહાવિષધર ચંડકોશિયો નાગ, કનકખલ વનમાં જ્યારે ભગવાન મહાવીરને ડંસ દે છે ત્યારે નાગના આશ્ચર્ય વચ્ચે ભગવાન મહાવીર મૃત્યુને શરણુ થવાને બદલે નિશ્ચલ ભાવે ખડા છે. એટલું જ નહીં પરંતુ જ્યાંથી લોહીની ધારા વહેવી જોઇએ ત્યાંથી દૂધની ધારા વહે છે. તેનું ઊંડું સંશોધન કરતાં એમ જાણવા મળ્યું છે કે અવિકારી નિર્મળ અને તટસ્થ દૃષ્ટિ ધરાવતાં ભગવાન મહાવીરના આત્મબળને પરિણામે ચંડકોશિયા નાગનું વિષ જ દૂધમાં ફેરવાઈ ગએલું, અને ભગવાન મહાવીરનું લોહી દૂધ જેવું શ્વેત થઇને વહેવા લાગેલું.

પોતાને ડંસ દેનાર એ મહાવિષધરને ભગવાન મહાવીર 'બુજઝ, બુજઝ' એમ કહે છે. તેઓ તેની ઉપર નથી ક્રોધ કરતા, નથી આક્રોશ કરતા, નથી તેની ઉપર દ્વેષ કરતા. આવા કપરા સંયોગોમાં પણ તેમણે જાળવેલી મનની સમતુલા ચંડકોશિયાને અસર કરી ગઇ. જીવની અસર જીવને થાય છે. ભગવાન મહાવીરના આત્માના શુભ ભાવોની અસર ચંડકોશિયા નાગના આત્માના શુભ ભાવોને જગાડે છે, અને તેનો ઉદ્ધાર થઇ જાય છે.

આ અશક્ય કે આશ્ચર્યકારક નથી. હજારો માઇલના અંતરેથી રેડિયામાં મોજાંઓ જો સફળતાથી ઝીલી શકાય છે, તો એક આત્માના શુભ-અશુભ ભાવો જરૂર અન્યને અને ખાસ કરીને લાગતાવળગતાને જરૂર અસર કરે. તેને અંગ્રેજીમાં Telepathy કહે છે. વનમાં સિદ્ધ હસ્ત મહાત્માઓની સાથે સિંહ જેવાં હિંસક પશુઓ અહિંસકભાવે રહ્યાના દૃષ્ટાંતો છે. બીજો દાખલો લઇએ ગોશાળાનો. મૂળ તો ગોશાળો ભગવાન મહાવીરનો જ શિષ્ય હતો. પરંતુ તે અભિમાની હતો. તેથી ભગવાન મહાવીરથી છૂટો પડીને પોતે 'જિન' છે એમ કહેતો ફરતો હતો. આ સમયે ભગવાન મહાવીર શ્રાવસ્તીમાં બિરાજમાન હતા. ત્યાં ગોશાળો આવ્યો. તેથી લોકોમાં એવી જાહેરાત થઈ કે અત્યારે શ્રાવસ્તીમાં બે જીનેન્દ્ર વિચરે છે.

તેથી ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું: 'હે પ્રભુ, આ નગરમાં પોતાને 'જિન' તરીકે ઓળખાવનાર આ બીજો કોણ છે?'

'હે ગૌતમ! એ જિન નથી પરંતુ શરવણ ગામનો રહેવાસી મંખલીની સુભદ્રા નામની સ્ત્રીનો પુત્ર છે. ગોબહુલ બ્રાહ્મણની ગૌશાળામાં જન્મેલ હોવાથી ગોશાળો તેનું નામ છે. એ મારી પાસે શિષ્ય થએલો અને મારી પાસેથી જાણી કંઇક બહુશ્રુત થઇને ફોગટ પોતાને 'જિન' તરીકે ઓળખાવે છે.' ભગવાન મહાવીરે કહ્યું.

પ્રભુએ કહેલી આ વાત સર્વત્ર ફેલાઇ ગઇ અને ગોશાળાને પણ તેની જાણ થઇ. એ સમયે આનંદ નામના પ્રભુના શિષ્ય ગોચરી ગયા હતા. તેમને ગોશાળે કહ્યું, "હે આનંદ, એક દૃષ્ટાંત સાંભળ. એક નગરમાંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલાક વણિકો કમાવા માટે અનેકવિધ કરીયાણાથી ભરેલાં ગાડાં લઇને પરદેશ જતાં અટવીમાં અટવાણાં. તેમને તૃષા લાગી હતી. પાણી નહોતું. શોધ કરતાં તેમની નજરે ચાર રાફડા પડ્યા. એક વ્યક્તિએ એક રાફડો તોડ્યો તો તેમાંથી પાણી મળ્યું. સૌએ પીધું અને સાધનો ભરી લીધા. વળી બીજો રાફડો તોડવા લાગ્યા. એક વૃધ્ધે કહ્યું, 'આપણને પાણીની જરૂર હતી તે મળી ગયું, હવે તે બીજો રાફડો ન તોડો.' પણ વૃદ્ધની શીખ એ ન માન્યા, અને રાફડો તોડતાં તેમાંથી સુવર્ણ નિકળ્યું. બધા ખુશ થયા. લોભે લોભ વધે. ત્રીજો રાફડો તોડવા લાગ્યા. વૃધ્ધે પુનઃ ના પાડી પણ કોઇ સમજ્યા નહીં–માન્યા નહીં. ત્રીજા રાફડામાંથી રત્નો નિકળ્યા. ચોથો રાફડો તોડવા લાગ્યા ત્યારે વૃદ્ધ પુરુષે સૌને તે ન તોડવા માટે ખૂબ ખૂબ સમજાવ્યા. પરંતુ તેઓ સમજે શાના? ખબર છે ચોથા રાફડામાંથી શું નિકળ્યું? દૃષ્ટિવિષ સર્પ. તેણે પોતાની વિષ દૃષ્ટિ ફેંકીને સૌને મારી નાખ્યા. બચ્યા માત્ર પેલા વૃદ્ધ પુરુષ. એજ રીતે તારા ગુરુ ભગવાન મહાવીરને આટલી બધી સંપદા મળવા છતાં લોભ શા માટે રાખે છે? જેમ તેમ બોલીને મને શા માટે ગુસ્સે કરે છે? હું મારા તપના પ્રભાવથી તેને બાળી નાખીશ. માટે તું શીઘ્ર ત્યાં જઇને તેને સમજાવ. વૃદ્ધ વણિકની જેમ તારા સ્વામીને હિતનું કહેનાર હોવાથી તને હું બચાવીશ.'

ગોશાળાની આવી વાત સાંભળીને આનંદ મુનિને ભય લાગ્યો. તેમણે પ્રભુને સર્વ હકીકત જણાવી ત્યારે પ્રભુએ સૌને આજ્ઞા કરી કે ગોશાળો આવે છે માટે કોઇએ તેની સાથે વાતચીત ન કરવી અને એક બાજુ સરકી જવું. સૌએ તે પ્રમાણે કર્યું.

એ સમયે ગોશાળો આવ્યો અને કહેવા લાગ્યો. "હે કાશ્યપ! તું એમ શા માટે બોલે છે કે આ મંખલીપુત્ર ગોશાળો છે, સર્વજ્ઞ નથી. મારો નામનો શિષ્ય છે. પરંતુ હું તારો શિષ્ય નથી. તારો શિષ્ય મરણ પામ્યો અને હું તો તેનું શરીર પરીષહ સહન કરવા સમર્થ જાણી તેનું શરીર લઇને રહ્યો છું માટે તું જેમ તેમ બોલ નહીં."

ભગવાન પ્રત્યે આવાં તિરસ્કારનાં વચન બોલતા ગોશાળાને જોઈ સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ એ બે મુનિથી સહન ન થયું. તેમણે ગોશાળાને કહ્યું, "અરે અજ્ઞાની ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પ્રભુને શા માટે તિરસ્કારે છે? એકતો કપટ કર્યું છે તેને ઢાંકવા પ્રભુનો તિરસ્કાર કરે છે? ચોરી અને માથે શિરજોરી? માટે અહીંથી ચાલ્યો જા"

ગોશાળો બંને મુનિઓ પર ગુસ્સે થયો અને તેજોલેશ્યા તેમના ઉપર છોડી. બન્ને મુનિ તેજ સમયે સળગી ગયા અને સ્વર્ગે સિધાવ્યા.

ગોશાળો પ્રભુ તરફ ફર્યો, ત્યારે પ્રભુએ તેને કહ્યું, "હે ગોશાલા! તું તેજ ગોશાળો છે. ફોગટ શા માટે આત્માને ઢાંકે છે? આ રીતે તું બોલીશ તો છૂપો રહી શકીશ નહીં. એક ચોર હતો. સૈનિકો તેની પાછળ પડ્યા અને નજીક આવી ગયા. ત્યારે આ ચોર સંતાવા માટે તણખલાને પોતાની આંગળી આડી ધરે છે; તો તે શું છુપાઇ શકે?"

આ પ્રમાણે પ્રભુએ ગોશાળાને સમજાવ્યો. પરંતુ સમજે તો તે દુરાત્મા ગોશાળો શાનો? તેણે પ્રભુ ઉપર તેજોલેશ્યા છોડી. પ્રભુના આત્મબળ અને નિરૂપક્રમ આયુષ્યને તોડવા કોઇ સમર્થ નહોતું. તેથી તેજોલેશ્યા તેમને ત્રણ પ્રદક્ષિણા કરીને પાછી ફરી અને ગોશાળાના શરીરમાં પ્રવેશ કરી ગઇ. તેથી તેને અસહ્ય દાહ ઉપડ્યો. સાતમે દિવસે ગોશાળો મૃત્યુ પામ્યો. મૃત્યુ સમયે તેને પસ્તાવો થયો. આ તેજોલેશ્યા પૌરાણિક સમયના અગ્ન્યાસ્ત્ર જેવી કોઇ વસ્તુ હોવી જોઇએ. અગર આજના ટાઇમ-બોંબ જેવી કોઇ વસ્તુ હોવી ઘટે તેને નાથી શકાય છે. તેમ ભગવાને તેજોલેશ્યાને નાથી હોવી જોઇએ.

ભગવાનને મારી નાખવા માટે તેજોલેશ્યા ફેંકનાર ગોશાળા પ્રત્યે તો ભગવાને સમદૃષ્ટિ, કરુણાદૃષ્ટિ, અનુકંપાદૃષ્ટિ જ રાખી. તેમણે ન તો તેની સામે કોઇ શસ્ત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉઠાવ્યું, ન તો કટુ શબ્દોમાં તેનો પ્રતિકાર કર્યો. ભગવાનની આવી પરોપકારી–નિર્વિકારી દષ્ટિના પ્રભાવને કારણે જ ગોશાળાને મૃત્યુ સમયે પસ્તાવો થાય છે.

અપકાર પર ઉપકાર કરનાર, પોતાને મારવા માટે તત્પર એવા માણુસોનો પણ ઉદ્ધાર કરનાર, જગતભરને હિંસાના મહાપાપમાંથી ઉગારીને અહિંસા તરફ દોરી જનાર જગદોદ્ધારક ભગવાન મહાવીરની 'અખિયન હે અવિકારી'

સ્ત્રી પુરુષ તરફ અને પુરુષ સ્ત્રી તરફ સરાગદષ્ટિએ જુએ અગર પોતાનો આચાર ભૂલી વિપથગામી બને અગર સંયોગ સાધે તેને જ આપણે વિકાર સમજીએ છીએ. વિકારનો એ મુખ્ય પ્રકાર છે તેમાં બે મત નથી. અને આ યુગમાં માણુસે એ વિકારમાંથી બચવા માટે અથાગ પ્રયત્ન કરવાની જરૂર છે. છાપામાં પ્રસિદ્ધ થતાં દુરાચારના અનેક કિસ્સાઓ એમ કહી જાય છે કે નૈતિકરીતે આપણું અધ:પતન થયું છે અને દિન પ્રતિદિન વધુ પતન થતું જાય છે.

તેમાંથી ઉગરવા માટે ભગવાન મહાવીરની અવિકારી દષ્ટિની જગતની પ્રત્યેક વ્યક્તિને જરૂર છે. તો જ આપણો ઉદ્ધાર છે.

તદુપરાંત, ઉપર કહી તે કામદષ્ટિ, ક્રોધદષ્ટિ, લોભદષ્ટિ, મોહદષ્ટિ, માયાદષ્ટિ, મત્સરદષ્ટિ, વગેરે વિકારદષ્ટિ જ છે. એ પ્રત્યેક વિકારને નિવારીએ ત્યારે જ દષ્ટિ નિર્વિકારી–અવિકારી બને.

આવી અવિકારી અખિયન (આંખો)માંથી અમૃત જ ઝરતું હોય છે. સૌ પ્રત્યે સમદષ્ટિ, સૌ પ્રત્યે સમભાવ, રાગ અને દ્વેષ વિહોણી દૃષ્ટિ એજ અવિકારી દષ્ટિ, એવી 'અવિકારી અખિયન' આપણુને સૌને સવેળા પ્રાપ્ત થાઓ એવી પ્રભુને પ્રાર્થના છે.

'અખિયન હે અવિકારી જીણુંદ તોરી અખિયન હે અવિકારી.' તારા નયનોમાં, તારી આંખોમાં, હે નાથ! હે પ્રભુ! લેશ માત્ર વિકાર નથી. કેટલી અવિકારી, નિર્વિકારી, કેટલી વિશુદ્ધ, પવિત્ર તારી આંખો છે! તારે મન સૌ સમાન, સૌ સરખા! ના કોઈ ઉચ્ચ, ના કોઈ નીચ! ન કોઇ રાય ન કોઇ રંક. જે કોઇ તારી અવિકારી આંખોને ઓળખી પોતાની વિકારી દષ્ટિ તજી દેશે, તારી અવિકારી આંખોની માફક અવિકારી આંખો કેળવશે, તેને તારા ધામમાં સ્થાન પ્રાપ્ત થશે!

મારા નાથ, હે મહાવીર પ્રભુ! તમને કદાચ અમારી દયા આવતી હશે! અમારી આંખોને અવિકારી–વિશુદ્ધ બનાવવાને બદલે અમે દિનપ્રતિદિન વધુ વિકારી બનાવતા જઇએ છીએ. યુગ પલટાએ એવું વિચિત્ર સ્વરૂપ લીધું છે કે તારી અવિકારી આંખોના સાચા દર્શન, યથાસ્વરૂપે દર્શન અમે કરી શકતા નથી. છતી આંખોએ અમે અંધ છીએ! સારાસારની–સારું નરસું પારખવાની અમને શક્તિ મળવા છતાં અમે તેને કુંઠિત કરી નાખી છે. હે નાથ! તું અમારી વહારે ધા! અમે કોઇ ઊંડી ગર્તામાં પડીને છિન્ન ભિન્ન થઇ જઇએ તે પહેલાં અમને ઉગારી લે. આજના વિકારી જગતને અનિવાર્ય જરૂર છે તારી અવિકારી અખિયનની.


# ભાડે આપવાનું છે

ભાવનગર ખારગેટ–હાઊદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે. આ મકાનનો ત્રીજો–ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મની નિર્જરા કરવામાં તપ એ સર્વોત્તમ સાધન છે

શ્રીમતી ભાનુમતીબેન દલાલ.

દરેક ધર્મ સંપ્રદાયની અંદર તપશ્ચર્યા, વ્રત અગર નિયમોને જ્ઞાન અને ભક્તિ જેટલું જ મહત્વ આપવામાં આવ્યું છે. તેથી તપ, જ્ઞાન અને ભક્તિ આ ત્રણેય વસ્તુ કર્મની નિર્જરા કરવામાં મુખ્ય સાધનરૂપ છે. મોક્ષરૂપી સાધ્યને પ્રાપ્ત કરવા સાધકે આ ત્રણમાંથી કોઈપણ એક સાધનની સર્વોપરી મેળવવી જ પડશે. અને તેના દ્વારા ભવભવાંતરથી આપણો આત્મા, બાંધેલા કર્મોની નિર્જરા-ક્ષય કરી શકશે. જે શ્રદ્ધાળુ આત્માએ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે આત્મા જ્ઞાનના બળથી, સમજણથી અને વિવેકપૂર્વક શાસ્ત્રોના સિદ્ધાંતોને જાણે છે, તેના પર સચોટ શ્રદ્ધા રાખે છે. અને પછી તે પોતાના જીવનમાં ઉતારે છે અને તેથી તે કર્મની નિર્જરાને કરે છે. પણ જે વ્યક્તિ પાસે જ્ઞાન નથી તે વ્યક્તિ પ્રભુના વચનો ઉપર શ્રદ્ધા રાખે છે અને શ્રદ્ધાથી પ્રભુની ભક્તિ અને તપશ્ચર્યા દ્વારા તે કર્મોની નિર્જરા કરી શકે છે. આ રીતે ત્રણ સાધનો દ્વારા સાધક પોતાનાં કર્મોને પુરુષાર્થ વડે હળવા બનાવી ઉચ્ચતમ કક્ષાએ પહોંચે છે.

## તપશ્ચર્યા કેવી રીતે કરવી જોઇએ ?

કોઇપણ વ્રત, નિયમ કે તપ કરવો હોય તો તેની પાછળ આપણી શુદ્ધ વિવેકદષ્ટિ અને શુભ ભાવ હોવો જોઇએ. વિવેકપૂર્વક અને શુભ ભાવથી કરેલો તપ જીવનને ઉજમાળ બનાવે છે અને સામાન્ય રીતે અસાધ્યને પણ સાધ્ય બનાવી શકે છે. માટે આ તપના પ્રકારો જૈન શાસ્ત્રમાં બાર કહ્યા છે. છ પ્રકારે બાહ્ય તપ અને છ પ્રકારે અભ્યંતર તપ છે. ઉપવાસ, ઊણોદરી, વૃત્તિ-સંક્ષેપ, રસત્યાગ, કાયક્લેષ અને સંલીનતા એ બાહ્ય તપ છે, જ્યારે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ આ છ પ્રકારનો અભ્યંતર તપ છે. બાહ્યતપ અભ્યંતર તપનું સાધન છે. અભ્યન્તર તપ એ સાધ્ય છે. આ તપ વિવેક ને અન્ય પથ્યોના પાલનપૂર્વક થવો જોઇએ. નહીંતર તપનું સાચું ફળ પ્રાપ્ત થતું નથી. એટલે કે આપણે ઉપવાસ કરીએ પણ આપણે આપણા કષાયોને જો સંયમમાં ન રાખી શકીએ, જેમકે કોઇ ઉપર ક્રોધ થઇ જાય, કોઇ ઉપર દ્વેષ આવી જાય, શારીરિક સ્વસ્થતા કથળી પડે, મન અશાંત બની જાય, તપ કાર્યોનો કોઇ ઉલ્લાસ અંતરમાં ન ટકે, તે પછી તે તપ નથી ગણાતો પછી તો તે લાંઘણ જ ગણાય. જે તપમાં અણાહારી પદની ભાવના છે, જેમાં શુભ ભાવો ટકી રહે છે, જેમાં શરીરની અને મનની સંપૂર્ણ સ્વસ્થતા જળવાઇ રહે છે, અંતરના ભાવો કરેલા તપની વારંવાર અનુમોદના કરી શકે છે, કષાયોને સંયમમાં રાખી શકે છે એવો નાનો નોકારશી જેવો તપ કે મોટો માસક્ષમણ જેવો તપ પણ કર્મની નિર્જરા કરવામાં સહાયક બને છે. એ રીતે તપ કરીએ તોજ આત્મા આરાધક બની શકે છે. આ તપમાં બાહ્યતપમાં ઉપવાસ પ્રથમ છે. શ્રી નાગકેતુ સળંગ ત્રણ ઉપવાસ અથવા અઠ્ઠમ તપ કરીને કેવા મહાન બન્યા ને કેવું આત્મકલ્યાણ સાધ્યું તેનું રોચક દૃષ્ટાંત જોઇએ.

## શ્રી નાગકેતુએ કરેલી અઠ્ઠમ તપની આરાધના

શ્રી નાગકેતુ અઠ્ઠમ તપનો સંસ્કાર પૂર્વ ભવમાંથી સાથે લઇને આવ્યા હતા. પૂર્વભવમાં શ્રી નાગકેતુ એક વણિક પુત્ર હતા. નાનપણથી જ તેમના માતા મૃત્યુ પામ્યા હતા. એટલે પિતાએ બીજી કન્યા સાથે લગ્ન કર્યું. સંસારમાં બનતું આવ્યું છે તેમ, નવી માતાને આ શોક્યનો પુત્ર શલ્યની જેમ ખૂંચવા લાગ્યો. તે પુત્રને જે રીતે દુઃખ આપી શકાય તે રીતે આ નવી મા બાળકને દુઃખ આપવા લાગી. બાળકનો કોઇ પાપનો ભારે ઉદય હતો, પણ તે સમભાવપૂર્વક દુઃખને સહન કરતો હતો. અને તેના બાંધેલા કર્મનો ક્ષય કરતો હતો, જ્યારે નવી માતા પાપ બાંધતી હતી. કર્મને પરાધીન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માઓની કેવી વિચિત્ર અને ગહન દશા ! માતા તરફથી અપાતા અત્યંત ત્રાસની વાત બાળક તેના મિત્રને કરે છે. મિત્ર પણ સન્મિત્ર હોવાથી તેને સાચી સલાહ આપે છે કે તારી મા તને આટલો ત્રાસ આપે છે તેનું કારણ એ છે કે તેં ગત જન્મમાં કંઇપણ તપની આરાધના નથી કરી માટે આમ થાય છે માટે તું કોઇ તપશ્ચર્યા કરી તારા કર્મોને શુદ્ધ કર ! મિત્રો આવા હોવા જોઈએ. પછી નાગકેતુએ પણ પોતાના મિત્રની વાત સાંભળી, માતાના અપાતા દુઃખો તરફ નજર ન કરતા શાંતિથી અને સ્થિરતાથી તપદ્વારા પોતાના કર્મોનો ક્ષય કરવા લાગ્યા અને આત્માને પવિત્ર બનાવવા લાગ્યા. એક વખત તેમને મનમાં એવો ભાવ પેદા થયો કે આવતા પર્યુષણપર્વમાં જરૂર હું અઠ્ઠમનો તપ કરીશ. આવી ઉત્તમ ભાવનાને ભાવતા તે સુવામાટે પોતાની ઘાસની ઝુંપડીમાં ગયા ને એ જ વિચારમાં તે સુઇ ગયા. એની અપરમાતાને દુષ્ટ બુદ્ધિ સુજી કે હંમેશનું કાસળ કાઢવા આ બાળકને મારી નાખવો. એમ વિચારી ઘાસની ઝુંપડીમાં સળગતો દેવતા મૂકી દીધો ને ઝૂંપડી સળગતાની સાથે જ બાળક પણ અઠ્ઠમ તપની ભાવના ભાવતાં ભાવતાં મૃત્યુ પામ્યો.

કોઈપણ પ્રકારના કષાયોના આપણે જ્યારે ગુલામ બની જઇએ છીએ ત્યારે આપણે સહુકોઇ હિતાહિતનું ભાન ભૂલી જઇએ છીએ. બીજાનું ખરાબ કરનાર વ્યક્તિ પોતે ખુશ થાય છે કે મેં કેવું તેનું ખરાબ કર્યું ? પણ તે વિવેકના અભાવથી ભૂલી જાય છે કે ખરેખર એમાં પોતાનું જ અહિત રહેલું છે ! જેનું આપણે ખરાબ કરીએ છીએ તે વ્યક્તિના મનનો ભાવ જો શુદ્ધ હશે તો તે પોતાનું કામ કરી જશે. અને ખરાબ કરનાર વ્યક્તિ પાપથી ભારે થાય છે પણ એ વિચાર તેને કેવી રીતે આવે ?

જ્યારે અઠ્ઠમ તપની ભાવના ભાવતો સુતેલો બાળક ભલે અઠ્ઠમ તપ કર્યો નથી પણ તપની શુદ્ધ ભાવનાના પ્રભાવમાત્રથી મરીને તેનો જૈનકુળમાં એક શ્રેષ્ઠીને ત્યાં જન્મ થયો. તપની ભાવનાથી જ ફકત માનવી કેવું પુણ્ય ઉપાર્જન કરે છે ! તે આ દષ્ટાંત દ્વારા સમજાવે છે કે તપ કરીએ તો કેવો લાભ થાય !

આ બાળક અઠ્ઠમ તપના સંસ્કારો લઇને આવ્યો છે. તે સંસ્કારો પણ તાજાજ છે. એવામાં પર્યુષણપર્વના દિવસો નજીક આવ્યા છે. સહુકોઈ ઘરમાં અઠ્ઠમ તપ કરવાની વાતો કરે છે. આ નાનું બાળક તે સાંભળે છે. તેથી તેને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે અને જ્ઞાનથી તેના પૂર્વ ભવને તે પ્રત્યક્ષ જુએ છે અને પોતે અઠ્ઠમ તપ કરવાની ભાવનાથી સુઇ ગયેલો અને સાવકી માએ ઝુંપડી સળગાવી દીધી હતી. અને તે મૃત્યુ પામ્યો, અને ભાવનાના પ્રભાવે અહીંયા તેનો જન્મ થયેલ છે, એ વાતનું તેને સ્મરણ થયું. આવી શુભ ભાવનાથી તેને આવું સારૂ ફળ પ્રાપ્ત થયું છે તો અઠ્ઠમ તપ કરતાં તેને કેવો લાભ થાય ? આ વિચારથી આ નાનું બાળક પોતાની માતાનું ત્રણ દિવસ સુધી સ્તનપાન કરતું નથી. આથી ફૂલ જેવું કોમળ બાળક કરમાઈ બેશુદ્ધ થઇ જાય છે. કુટુંબીઓ બાળક મૃત્યુ પામ્યું છે એમ માનીને તેને જમીનમાં દાટી દે છે. એકના એક બાળકના મૃત્યુના આઘાતથી પિતા મૃત્યુ પામે છે. રાજાના સેવકો અને રાજા અપુત્રિઆ બનેલા બાપનું ધન લેવા ઘેર આવે છે. ત્યાંતો નાગકેતુના તપના પ્રભાવથી પાતાલવાસી ધરણેન્દ્રદેવનું આસન કંપે છે ધરણેન્દ્ર જ્ઞાનથી જુએ છે, નાગકેતુના સ્થળે આવે છે. અને દાટેલા બાળકને બહાર કાઢીને તેનાપર અમિછાંટણાં નાંખી સજીવન કરે છે અને તેણે કરેલા અઠ્ઠમ તપની સ્તુતિ કરે છે. પછી રાજાને કહે છે કે, "કે રાજન ! આ આત્મા તો મહાન છે અને ભવિષ્યમાં તારી ઉપર મહાન ઉપકાર કરનારો થશે." એવું કહી ધરણેન્દ્રદેવ ચાલ્યા જાય છે.

એકવાર રાજા ઉપર કોપાએલા એક વ્યંતર દેવે એ રાજાની નગરીનો નાશ કરવા નગર જેવડી મોટી શિલા ફેંકે છે. તે વખતે નાગકેતુ ઉંચા જિનમંદિર પર ચઢી હાથ ઉંચો કરી તપના પ્રભાવે તે રોકી રાખે છે, છેવટે તેના તપના બળ આગળ વ્યંતર દેવ શિલા સંહરી લે છે. આ રીતે નાગકેતુએ સમગ્ર નગરીને બચાવી લીધી. એકવાર નાગકેતુ પૂજા કરતા હતા, તે વખતે પુષ્પમાંથી સર્પે તેને ડંસ દીધો. તે સમભાવ પૂર્વક જરાપણ અક-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઊભા ગમર સ્થિર ભાવે કાઉસગ્ગ આસને પરમાત્માના ધ્યાનમાં બેસી ગયા. અને કર્મ ખપાવતા ઘાતીકર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને પછી હજારો જીવોને ઉપદેશ આપ્યો અને તે જ ભવમાં મોક્ષના અધિકારી બન્યાં.

આ નાગકેતુનું દૃષ્ટાંત પર્યુષણ પર્વના વ્યાખ્યાનમાં હરવખત સાંભળીએ છીએ. પરંતુ તેના જેવો તપ કરવાની ભાવના સહુ કોઇ કેળવે તો જ તપના મંગળ ફળની પ્રાપ્તિ થાય. જે કોઇપણ તપ કરવો હોય તે, શલ્યરહિત અને અંતરના ઉલ્લાસપૂર્વક કરવો જોઇએ. તો જ બાંધેલાં કર્મોની આપણે નિર્જરા કરી શકીએ. અને પરંપરાએ મોક્ષના અધિકારી બની શકીએ.

# અહંભાવ

જે અહંભાવ જીવાત્માને સંસારમાં નાખે છે, કાંચન-કામિનીમાં લુબ્ધ કરી મૂકે છે, તે અહંભાવ જ જીવ અને આત્મા વચ્ચે મોટો ભેદ કરી દે છે. એ અહંભાવ જ આપણી અંદર રહ્યો રહ્યો બોલે છે. પાણી ઉપર લાકડીનો ઘા કરીએ ત્યારે પાણીના બે ભાગ પડયા, એવો આભાસ થાય છે; પરંતુ ખરૂં જોતાં જળ એક જ હોઇને, માત્ર લાકડીને લીધે જ તે વિભિન્ન થયેલું દેખાય છે. આપણો અહંભાવ તે લાકડીને ઠેકાણે છે. લાકડી લઇ લો એટલે જળ તો એકનું એક જ છે.

એ દુષ્ટ અહંભાવનું સ્વરૂપ કેવું છે? તે 'હુ' એવું બોલે છે, પણ એ હું શું છે તે વાત એ જાણતો નથી. મારી પાસે આટલું ધન છે, મારી પાસે કેવા મોટા માણસો આવે છે! જો કોઇ ચોર દશ રૂપિયા ચોરી જાયતો પહેલાં તો ચોરની પાસેથી રૂપિયા મારી-ઝૂડીને કઢાવી લે, પછી તેને ખૂબ માર મારે, આટલું કરીને પણ તેનો કેડો છોડે નહિ; પણ પોલીસના હવાલે કરી દે, અને એ દુષ્ટ અહંભાવ એવું કહે છે કે, એ ચોર મારા દશ રૂપિયા ચોરી ગયો છે. આટલી બધી દુષ્ટ અહંભાવની દાંડાઇ હોય છે!

કેટલાક માણસોની બાબતમાં સમાધિ થયા પછી અહંભાવ બિલકુલ જતો રહે છે ખરો, પણ ઘણાખરામાં તો કાંઇક રહી જ જાય છે. ગમે એટલો બ્રહ્મ વિચાર કરો પણ આખરે એ અહંભાવ કોઇક વાર પણ ડોકિયું કર્યા વગર રહેશે જ નહિ. પીપળાનું ઝાડ આજે કાપી નાખો, પણ કાલ સવારે જઇને જોશો તો પાછા બે-ચાર ફણગા ફૂટયા જ હશે.

જો કેમે કરતાં અહંભાવ ન જાય તો 'ચાલ સાળા, તું તારૂં મોઢું બાળ, હું દાસ છું એવા રૂપે જ તને રહેવા દઇશ,' 'હું ભક્ત છું' એવા અહંભાવમાં દોષ નથી. મીઠાઇ ખાવાથી અમ્લરોગ થાય છે, પણ સાકર ખાવાથી તે ન થાય! જ્ઞાનયોગ બહુ મુશ્કેલ છે. દેહાત્મબુદ્ધિ ટાળ્યા વગર જ્ઞાન થતું નથી. જેઓ પોતાને જ્ઞાની કહેવડાવે છે તે તો માત્ર વાતો જ કરનારા છે. કળિયુગના અન્નથી પોષાયેલા આપણા શરીરમાંથી દેહાત્મબુદ્ધિ અહંબુદ્ધિ કદી નિર્મૂળ થતી જ નથી; માટે જ કળિયુગમાં ભક્તિ ઉત્તમ છે. ભક્તિમાર્ગ ઘણો જ સરળ છે.

જીવાત્મા જાતે તો સચ્ચિદાનંદસ્વરૂપ છે, પણ માયા અથવા અહંભાવને લીધે તેને નાના પ્રકારની ઉપાધિ વળગેલી છે અને તેથી જ તે પોતાનું સત્ય સ્વરૂપ ભૂલી ગયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શે ખ ચ લ્લી

અનુવાદક : ગોપાળરાવ વિદ્વાંસ.

ઘણીવાર મનમાં એવો વિચાર થઇ આવે છે કે મેં જનમવામાં જરા ઉતાવળ કરી દીધી ! દુનિયાની રંગભૂમિ ઉપર પચાસ–સાઠ વરસ પહેલાં પ્રવેશ કરવાને બદલે જો આજથી પાંચ-સાત વરસ પહેલાં જ મેં અહીં પગલાં પાડ્યાં હોત તો અનેક બાબતોની મનમુરાદ મોજ હું માણી શકત. સુંદર રંગબેરંગી કાગળમાં વીંટેલ ચોકોલેટ મારા બાળપણમાં કોઇ રાજકુમારે સ્વપ્નામાં પણ જોઇ નહિ હોય ! પરંતુ આજે તો એકાદ મજૂરનો બાળક પણ એના સૌંદર્ય તેમજ ગળપણનો આસ્વાદ ખુશીથી લઈ શકે છે. દોડાદોડ, અરે હાંફી જવાય એટલી ઉતાવળે કોઇ દુકાને પહોંચી જઇ ચાર છ પૈસા ફેંકી રૂઆબભેર વેપારીના હાથમાંથી રંગબેરંગી કાગળમાં વીંટેલ ચોકોલેટ હોંશથી હાથમાં રાખી ફરતાં ફરતાં લહેરથી ખાવાની ઇચ્છા મને આજે પણ થઇ આવે છે. પરંતુ આ દુનિયામાં ઇચ્છા અને એના અમલ વચ્ચે જમીન–આસમાનનું નહિ, પ્રૌઢ વય અને બાળવય જેટલું અંતર હોય છે.

થોડા દિવસ પહેલાં આવી જ એક ઘટના બની. હું એક બુકસેલરની દુકાને ગયો હતો. એણે મારી સામે નવાં નવાં પુસ્તકો હાજર કર્યાં. એના કવર ઉપરનાં એકજ તરેહનાં બાબાં ઢાળ સુંદરીઓનાં ચિત્રોની મારા મન પર કશી અસર નથી થતી એવું જોઇ એણે 'પોકેટ' અને 'પેંગ્વિન' વગેરે સીરીઝ (માળાઓ)નાં કેટલાંએક તાજાં પ્રકાશનો ધર્યાં. આ પુસ્તકો જોઇ જવાનો મને કાયમ શોખ રહે છે. અનેક મનગમતા મિત્રો આ પુસ્તકોમાં મને ભેટી જાય છે, તો કેટલીએક મજાની નવી ઓળખાણો પણ થાય છે. આ પુસ્તકો જોયા પછી એ પૈકી એકાદ તો હું ખરીદુંજ છું. ત્યાર પછીનો મારો આખો દિવસ ખૂબ આનંદમાં પસાર થાય છે. મારો એ આનંદ એ પુસ્તકના વાચનનો નહિ–કેમકે પુષ્કળ કામના દબાણમાં એ પુસ્તક હું મહિનાઓ સુધી ઉઘાડી પણ શકતો નથી પરંતુ એ પુસ્તક મારી પાસે છે, એનો હોય છે. બેંકની પાસબુકમાં થોડી ઘણી પણ સિલિક પડી હોય ત્યારે માણસ જેમ બેફિકર રહે છે, તેવું નવી ચોપડી ખરીદ્યા પછી મને લાગ્યા કરતું હોય છે. આપણા હાથમાં હુકમનું સરપાનું એકાદ પણ છે એ વિચારે માણસ રમતમાં કેવો ખુશખુશાલ રહે છે ?

દુકાનમાં બેઠો બેઠો હું પુસ્તકો ઉથલાવતો હતો એટલામાં ત્યાં એક નાનો ઘરાક આવી ચડ્યો; એને બીજી કે ત્રીજી ચોપડી લેવી હતી. વેપારીએ એને નવી વાચનમાળા બતાવી; મારું ધ્યાન એ પુસ્તકો ભણી ગયું. મેં એ હાથમાં લઇ જોવા માંડયાં. જોતાં જોતાં મારા મગજમાં પહેલો વિચાર એ પસાર થયો 'અરે ભગવાન ! અમારા નાનપણમાં આવાં મજેદાર પુસ્તકો જ હતાં નહિ ! આજે હું આ બાળક જેવડો હોત તો બહુ મજા પડત.'

એ સુંદર પુસ્તક હાથમાં લઇ ખુશખુશાલ બનીને ચાલ્યા જતા એ બાળવિદ્યાર્થીની ઘડીભર મને અદેખાઇ થઇ આવી.

વાંચનમાળાનાં એ બધા પુસ્તકોની અનુક્રમણિકા હું જોઇ ગયો. બે ત્રણ વાર જોઈ ગયા પછી મારું મન કહી રહ્યું: હું હવે પ્રૌઢ થયો છું એ જ સારું છે. આ નવી વાચન માળાનાં પુસ્તકો ગમે તેટલા મજાનાં હોય તો પણ એ મારા જમાનાનાં પુસ્તકોની તોલે કોઇ રીતે આવી નહિ શકે. કેમકે આમાંના કોઇ પણ પુસ્તકમાં મને ગમી ગયેલી પેલી શેખચલ્લીની વાર્તા ક્યાંયે દેખાતી નથી !

હું ભણતો તે વેળા અમારી ચોપડીમાં એ વાર્તા હતી. નાનપણમાં એ વાર્તા મેં કોણ જાણે કેટલીય વાર

નોંધ. મૂળ લેખક ( મરાઠીમાં ) વિ. સ. ખાંડેકર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાંચી હશે. મને એ વાર્તા બહુજ ગમતી. એ વાર્તામાં આવતો શેખચલ્લી બહુ ગરીબ આદમી હોય છે. એક મોટા ટોપલામાં કાચનાં વાસણો લઇ એ વેચવા બેસે છે. બેઠાં બેઠાં એ તંદ્રામાં પડે છે. તંદ્રામાં એને એવો ભાસ થાય છે કે પોતે ખૂબ પૈસાદાર બન્યો છે, વજીરની પુત્રીને પોતે પરણ્યો છે અને કોઇક કારણે એ માનવી ન હોવાથી પોતે એને લાત મારી હડસેલી દે છે. તંદ્રાના આ ભાસ સાથે તે એટલો તદાકાર બની ગયો છે કે પોતાની એ કાલ્પનિક સ્ત્રીને સાચેસાચ એ લાત મારે છે! પણ આ લાત તો એના પગ પાસે પડેલા પેલા ટોપલાને લાગે છે અને એમાં રાખેલાં કાચનાં તમામ વાસણો ફૂટી જાય છે. આમ એ ગરીબ શેખચલ્લી કમાઇને પેટ ભરવાનું પોતાનું સાધન જ ગુમાવી બેસે છે!

વાર્તામાંના શેખચલ્લીને મારા બધા સાથીઓ ખૂબ હસતા; અને માસ્તર પણ આ મૂરખ માનવી જેવાં કાલ્પનિક મનોરાજ્યો કરશો નહિ એવો એ વાર્તામાંથી લેવાનો બોધ ભાર દઇને અમને સમજાવતા. એમનું કહેવું મારે ગળે જરા પણ ઊતરતું નહિ. એ જમાનામાં 'ઝિંદાબાદ' શબ્દ પ્રચલિત નહતો; નહિતર વચલી લાંબી રજામાં "શેખચલ્લી ઝિંદાબાદ"ના પોકારો કર્યા વિના હું કદી રહેત નહિ. આ શેખચલ્લી પ્રત્યે મને આટલી બધી આત્મીયતા લાગવાનું શું કારણ છે તે હું ત્યારે કોઇને સમજાવી શકત નહિ; છતાં મને મનમાં તો કાયમ લાગ્યા જ કરતું કે સાથીઓ અને માસ્તર શેખચલ્લીની જે અવહેલના કરે છે, એમાં તો એના તરફ કેવળ અન્યાય જ થાય છે.

આજે એને પચાસ ઉપર વરસ થયાં છે. છતાં હજુ મારી એ માન્યતા કાયમ જ રહી છે; એટલું જ નહિ પરંતુ વધારે દૃઢ બની છે. આજની કોઇ વાચનમાળામાં એ વાર્તાનો સમાવેશ કરવામાં આવે અને એ પાઠ વિદ્યાર્થીઓને ભણાવવાનો જો મારે વારો આવે તો હું તેમને કહીશ: "બાલમિત્રો! કાચનાં વાસણો ફૂટી જવાને લીધે આ આપણા જાની દોસ્તને ખૂબ નુકસાન થયું છે. તો ઘેરથી નાસ્તા માટે અગર તો વાપરવા માટે તમને જે કાંઇ પૈસા મળ્યા હોય તેમાંથી થોડું બચાવીને એને સહાય કરવી એ તમારી પવિત્ર ફરજ છે. તમે પસંદ કરો તો "શેખચલ્લી સહાયક ફંડ" ને નામે આપણો ફાળો કરીએ અને આ ફાળા માટે આપણે એકાદ નાટક પણ ભજવીએ. એ નાટક સાવ નવી ઢબનું હશે: શેખચલ્લીના જીવન પર એ નાટક રચાયેલું હશે"

ખરેખર, શેખચલ્લીના જીવન પર એક મજેદાર નાટક રચી શકાય. ઝીણી દૃષ્ટિએ વિચારીએ તો એનું જીવન કરુણાન્ત છે. ભાગ્યે જ જોવા મળતું 'હેમલેટ' ના જેવું નહિ, પરંતુ દુનિયામાં રોજબરોજ બન્યા કરતું દરેક સ્થળે નજરે આવતું એ જીવન છે. એ આપણા સરખા દરેકના ખુદ અનુભવનું છે. શેખચલ્લી એ સામાન્ય આદમીનો સાચો પ્રતિનિધિ છે. આપણ દરેક જણમાં એનો થોડોઘણો અંશ રહેલો જ છે. એની કથની સામાન્ય માનવીના જીવનની સાચેસાચી કરૂણાન્ત કથની છે.

સાચી વાત છે કે શેખચલ્લી સાવ ગરીબ હતો. પણ ગરીબાઇ એ માનવીનો ગુનો હોઇ ન શકે. કોઇ ગરીબ માનવીની બાબતમાં એક વાત તો આપણે અવશ્ય કબૂલ કરવી પડશે કે હજુ સુધી એણે કાયદેસર અગર તો ગેરકાયદેસર કોઇ પણ રીતે માણસને લૂંટ્યો નહિ હોય. અર્થાત્ ગરીબાઇ માટે બિચારા શેખચલ્લીને કોઇ દોષ દઇ નહિ શકે.

બનવા જોગ છે કે કેટલાકએક ગરીબ માણસો આળસુ હોઇ શકે. પણ શેખચલ્લીને એની હરોલમાં બેસારી નહિ શકાય. વાસણનો ટોપલો માથે ઊંચકી વેચવાનો ધંધો કરવો એ આળસનું લક્ષણ તો કદી હોઇ જ ન શકે!

વળી શેખચલ્લી ભલે ગરીબ હતો, પરંતુ એનામાં સારી એવી સૌંદર્યદૃષ્ટિ હોવી જ જોઇએ; નહિ તો પોતા પાસે સાવ થોડી મૂડી હોવા છતાં કાચનાં વાસણો ખરીદવામાં એને એ શા માટે રોકે? પણ કાચના ગ્લાસમાંથી લસ્સી પીવામાં કેવું કાવ્ય રહેલું છે એ તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બરાબર જાણતો હશે! વાસણ ખરીદીને વેચવા બેઠો ત્યારે એ ઝોકાં ખાવા લાગ્યો–તંદ્રામાં પડ્યો એ વાત સાચી છે; પણ એમાં એનો વાંક નથી. સભાઓમાં અનેક મોટા કહેવાતા માણસો પણ ઝોકાં ખાતા જ હોય છે. ઉપરાઉપરી જો ધરાકો આવ્યા કરતા હોત તો શેખચલ્લી ઝોકે ચડત ખરો? વળી તંદ્રામાં પડ્યા પછી એણે મનોરાજ્યો સેવવા માંડ્યાં એમાં પણ બહુ નવાઈ પામવા જેવું નથી; આપણે સહુ એવું જ કરતા હોઈએ છીએ. આરામખુરશીમાં, પથારીમાં, રેલ્વેની મુસાફરીમાં, ગમે ત્યાં ફુરસદ મળતાં જ માનવી પોતાનાં મનોરાજ્યોમાં તલ્લીન જ બની જતો હોય છે. એ મનોરાજ્યોમાં કોઈ માનવી પોતે પરીક્ષામાં પહેલે નંબરે પાસ થતો હોય છે, કોઈને લોટરીમાં પૈસા મળતા હોય છે, કોઈ પરણી જાય છે, તો કોઈને મનમાગ્યું બાળક ખોળામાં રમતું દેખાય છે! એક અદનો આદમી આથી બીજી કઈ જાતનાં મનોરાજ્યો સેવી શકે? અર્થાત્ મનોરાજ્યોમાં જ એ મહાલે છે, અને એ જ પળો એને માટે અસાધારણ સુખની પળો બને છે! વિચાર કરતાં જણાશે કે દુનિયામાં મનોરાજ્યો કર્યાં વિના કોણ રહ્યું છે? રામરાજ્ય એ પણ ગાંધીજીનું એક મનોરાજ્ય જ નહોતું શું?

લગભગ બધા માનવીની આવી દશા હોય ત્યાં આપણો શેખચલ્લી મનોરાજ્યોમાં તલ્લીન બની જાય તો એને દોષ શા માટે દેવો? મનોરાજ્યમાં કોઈ વજીરની પુત્રી પોતાની પત્ની થયાનું જો એ અનુભવે તો એ સ્વાભાવિક જ છે. હું તો એમ કહેવાની હિંમત કરીશ કે શેખચલ્લી બહુ વિચારી આદમી હતો. એને સ્થાને જો હું હોત તો કોઈ રાજકુમારી–અને એ પણ સ્વર્ગની અપ્સરા સરખી મનોહર રાજકુમારી ઓરડીને બારણે આવીને ઊભી રહી હોત તોજ મેં એને અંદર પેસવાની પરવાનગી આપી હોત!

તમે એવો સવાલ સહેજે પૂછી શકશો કે જો શેખચલ્લીની ક્યાંયે ભૂલ જ નહોતી તો એનું જીવન શોકાન્ત શા માટે બન્યું? કાચનાં વાસણોના વેપારમાં એની ઝપાટાભેર પ્રગતિ થાય, એ લાખોપતિ બને, વજીરની પુત્રી એના પ્રેમમાં પડે, બંને જણાં એક દ્વંદ્વગીત ગાતાં ગાતાં લતાકુંજમાં ફરવા નીકળે અને એના સફળ જીવનના ફોટાઓ જીવન ચરિત્ર સાથે બધાં છાપાંઓમાં છપાય, એવી જાતનો વાર્તાનો અંત કેમ ન હોય?

બાળપણમાં મારા મનમાં આવો જ સવાલ ઊભો થયો હતો. એનો ઉકેલ શોધવાનો મેં અનેક વરસો પુષ્કળ પ્રયત્ન પણ કર્યો હતો, પણ છેક હમણાં સુધી મને એનો સંતોષકારક જવાબ સાંપડ્યો નહોતો. પરંતુ હમણાં હમણાં હવે મને એમ લાગવા માંડ્યું છે કે શેખચલ્લીનો એ વાર્તામાં બતાવેલો અંત જ યથાર્થ છે. એ કથની વાસ્તવવાદી છે, એ શોકાન્ત નીવડવી જ જોઈએ. શેક્સપિયરનાં કરુણાન્ત નાટકોનું બીજ જેમ એના નાયકના સ્વભાવમાં રહેલું હોય છે, તેવું જ આનું પણ છે. શેખચલ્લીના સ્વભાવમાંથી જ આ કરુણાન્ત કથની સર્જાઈ છે. એક અદનો માનવી સૌંદર્યદૃષ્ટિ રાખે એજ આ દુનિયાનો ગુનો છે. કાચનાં વાસણો વેચવાનું સ્વીકારીને શેખચલ્લીએ એ ગુનો કર્યો. જીવન એ કોઈ કોમળ કાવ્ય નથી પણ કઠોર વહેવાર છે, એ મુદ્દો જ એ ભૂલી ગયો. કાચનાં વાસણોને બદલે જો એણે પિત્તળનાં-કદાચ એલ્યુમિનિયમનાં વાસણો વેચવાનું રાખ્યું હોત, અને પછી પોતાના મનોરાજ્યમાં વિહરતાં વિહરતાં વજીરની પુત્રીને એક નહિ પરંતુ દસ લાતો લગાવી દીધી હોત તોપણ એને કોઈ નુકસાન ન થાત!

માત્ર મને એમ લાગે છે કે શેખચલ્લીને એની સૌંદર્યદૃષ્ટિએ છેહ દીધો નથી; એને છેહ દેનાર તો એનો સુપ્ત અહંકાર છે. જાગ્રત અવસ્થામાં એણે કોઈ ભિખારીની છોકરીને પણ સ્વીકારી હોત; પરંતુ મનોરાજ્યમાં એક વજીરની પુત્રી પોતાને પગે પડવા આવે છે એવો ભાસ થતાં જ એ પોતાની સમતુલા ખોઈ બેઠો; પ્રીતિ એ જીવનમાં સર્વશ્રેષ્ઠ શક્તિ છે એ વાત એ ભૂલી ગયો; જેને એણે પ્રેમથી પોતાની નજીક ખેંચવી જોઈએ એને એણે લાત મારી હડસેલી મૂકી! અહંકારને વશ બની એણે પ્રીતિનું અપમાન કર્યું અને એનું જ પ્રાયશ્ચિત એને ભોગવવું પડ્યું.

( અનુસંધાન પૃ. ૨૧૮ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બોધક પ્રસંગો

(૧)

## અછૂત કોણ?

વૃંદાવનમાં યમુનાતટ ઉપર એક વેળા એક સાધુ મહાત્મા બેઠા હતા. આસપાસ ધૂણી ધખી રહી હતી.

આ સમયે એક હરિજન યમુનાઘાટ ઉપર આવી પહોંચ્યો અને જ્યાં આ સાધુએ આસન જમાવ્યું હતું તેની નજીકમાં જ યમુનાઘાટ ઉપર તે સ્નાન કરવા માંડ્યો.

હરિજનની આવી ધૃષ્ટતા આ સાધુથી સહન થઇ નહીં. તેના આવા વર્તનથી તે મહાત્મા ખૂબ ગુસ્સે થયા અને ધૂણીમાંથી એક સળગતું લાકડું ઉપાડી એ હરિજન તરફ ધસ્યા. યમુનાજીમાંથી એ હરિજનને બહાર ખેંચી કાઢ્યો અને લાકડા વડે ટીપવા માંડ્યો. ગુસ્સાથી બરાડા પાડી કહેવા લાગ્યા, 'ચાંડાળ! ફાટ્યો છે? અહીં સાધુ બેઠા છે ત્યાં આવીને યમુનાજળને અભડાવી રહ્યો છે? બેશરમ! અહીંથી ભાગ; નહીંતર મરી ગયો સમજજે.'

સાધુ મહારાજે એ હરિજનને માર માર્યો, એટલું જ નહિ, પણ સાધુના મુખમાં ન શોભે એવા શબ્દો વડે ગાળો પણ દીધી.

સાધુ મહારાજનું આવું અસભ્ય વર્તન હોવા છતાં એ હરિજન શાંત ચિત્તે ઊભો હતો. સાધુ મહારાજે તેને માર્યો, ગાળો દીધી છતાં એ હરિજન એક હરફ પણ બોલ્યો નહિ, એટલું જ નહિ, પણ બે હાથ જોડી ઊભો રહ્યો.

અછૂતનો સ્પર્શ કરવાથી સાધુ મહારાજે યમુનાજીમાં સ્નાન કર્યું અને હરિજનને ગાળો દેતા દેતા ચાલી ગયા.

સાધુ મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા એટલે તે હરિજન ફરીથી સ્નાન કરવા યમુનાજીમાં પડ્યો. પેલા સાધુ મહારાજે તે જોયું અને તેનો પિત્તો ઊછળ્યો. હરિજન જેવો સ્નાન કરીને યમુનામાંથી બહાર નીકળ્યો કે તરતજ પેલા સાધુએ તેને ફરીથી માર્યો અને બરાડી ઊઠ્યો કે "ચાંડાલ! તારૂં નાક કાપ્યું તોયે તને શરમ નથી? તારાં હાડકાં ખોખરાં કરવાં જ જોઇએ!"

સાધુ મહારાજ અત્યંત ગુસ્સે થયા હતા, છતાં પણ એ હરિજન શાંત ચિત્તે હાથ જોડીને ઊભો હતો. તેના મુખમાંથી એક શબ્દ પણ નીકળતો ન હતો. સાધુ મહારાજ હરિજનને અડક્યા એટલે ફરી સ્નાન કરવા યમુનામાં પડ્યા અને સ્નાન કરીને બડબડાટ કરતા ચાલ્યા ગયા.

સાધુ મહારાજ ત્યાંથી ગયા બાદ તે હરિજને યમુનાજીમાં ફરીથી સ્નાન કર્યું.

એક સંત મહાત્મા આ બધું જોયા કરતા હતા. હરિજન પણ વારંવાર સ્નાન કરતો હતો તે જોઇને તેમને નવાઇ લાગી. તે હરિજન પાસે ગયા અને પૂછ્યું:

"ભાઇ! એ સાધુ તો તને હરિજનને અડકવાથી અભડાયા એટલે સ્નાન કરતા હતા. પણ તું શા માટે વારંવાર સ્નાન કરતો હતો?"

"મહારાજ! મારૂં પણ એ પ્રમાણે જ છે માટે"

અનુસંધાન પૃ૨૧૭નું

શેખચલ્લીનું આ દુઃખ સામાન્ય માનવીનાં જીવનમાં હરઘડીએ અનુભવવાનું બને છે, માટે જ તો એની વાર્તા પાઠ્યપુસ્તકમાં દાખલ થવી જોઈએ એમ મને લાગે છે. માત્ર જો વાર્તા લખવાનું મને સોંપાય તો હું એનો અંત આ રીતે લાવું.—

શેખચલ્લી વજીરની પુત્રીને લાત મારે છે અને પરિણામે એની ટોપલીમાંના કાચનાં વાસણો ખળળળ કરતાં બધાં ફૂટી જાય છે. તુરત એ આંખો ખોલીને જોવા લાગે છે. હજુ પણ તેને પેલી વજીરની પુત્રી દેખાતી હોવાનો ભાસ તો થાય છે, પણ એને એ કહે છે: 'મને માફ કર! મારે તને લાત નહોતી મારવી જોઇતી!"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ભાઇ ! એમ કેમ બને ? અછૂત તો તું છો. સાધુ અછૂત નથી."

"પ્રભુ ! હરિજન કોણુ ? અછૂત કોણુ ! એ કોણુ કહી શકે ? હું તો જન્મે અછૂત મનાગો છું. પરંતુ મેં મારા મનને કદી અછૂત બનાવ્યું નથી. એ સાધુ મહારાજે મને માર્યો, ગાળો દીધી, છતાં પણુ મેં જરાપણુ ક્રોધ નથી કર્યો. સાધુ હોવા છતાં અપશબ્દો બોલ્યા એ આપે સાંભળ્યું છે. આપની દષ્ટિમાં હલકો ગણાતો હોવા છતાં મેં શાંતિ રાખી છે, ક્રોધ કર્યો નથી. એટલું જ નહિ, પરંતુ એક હરફ પણુ બોલ્યો નથી. સાંભળ્યું છે કે ક્રોધ ચાંડાલ કહેવાય છે. સાધુ મહારાજના શરીરમાં એ ક્રોધ ચાંડાલ હતો એટલે એમના સ્પર્શથી હું પણુ અભડાયો અને મેં ફરીથી સ્નાન કર્યું. કોણુ અભડાયું એનો તો હવે આપ વિચાર કરો"

આટલું કહીને એ હરિજન સંતને નમસ્કાર કરી ચાલતો થયો. હરિજનનું કહેવું સાંભળીને સંત મહાત્મા ખૂબ વિચારમાં પડી ગયા. અછૂત કોણુ ?

**શ્રી કનૈયાલાલ પ્ર. વાઘાણી**

( ૨ )

## વચનની ખાતર

શ્રી આત્મારામજી મહારાજ સં. ૧૯૪૨માં ભાવનગરમાં ચોમાસું રહ્યા હતા.

ચોમાસું પૂરું થતું હતું તે વખતે ઘોઘાના કેટલાક ગૃહસ્થો, શ્રી આત્મારામજી મહારાજને ઘોઘામાં પધારવા વિનંતી કરવા આવ્યા.

મહારાજશ્રીએ તો પોતાની અશક્તિ બતાવી.

એટલે એ ગૃહસ્થો શ્રી હર્ષવિજયજી પાસે ગયા. શ્રી હર્ષવિજયજીએ તે ગૃહસ્થોની વિનંતીના જવાબમાં કહ્યું.

"મહારાજ સાહેબની આજ્ઞા હોય તો અવાય. એમની આજ્ઞા મળવી જોઈએ."

તે ગૃહસ્થો તરત જ શ્રી આત્મારામજી મહારાજ પાસે ગયા. તેમણે કહ્યું કે આપ આજ્ઞા આપો તો શ્રી હર્ષવિજયજી ઘોઘા પધારવા ખુશી છે.

મહારાજશ્રીએ ખુશીથી એ વિનંતી માન્ય કરી. શ્રી હર્ષવિજયજીને ઘોઘા જવા આજ્ઞા મળી.

શ્રી હર્ષવિજયજી મુંઝાયા. એમણે માનેલું કે ગુરૂજી કંઈ આજ્ઞા થોડા જ આપવાના છે ? ઘોઘાના ગૃહસ્થોને સંતોષવા ખાતર જ એમણે એ આશ્વાસનના શબ્દો ઉચ્ચાર્યા હતા.

શ્રી હર્ષવિજયજી, મહારાજશ્રી આત્મારામજી પાસે આવી કહેવા લાગ્યા.

"આપની ચરણુ સેવા મૂકી દૂર જવાની ઇચ્છા નથી."

મહારાજશ્રીએ જવાબ આપ્યો.

"જો એમ જ હતું, તો બોલતાં પહેલાં એ બધો વિચાર કેમ ન કર્યો ? તમે શું બોલો છો તે તમારે પોતે પહેલાં સમજી લેવું જોઇએ. હવે બોલી જવાયું છે તો તે પાળ્યે જ છૂટકો છે. તમે ઘોઘાના ગૃહસ્થોને જે વચન આપ્યું છે તે પાળવું જ જોઇએ. બીજીવાર આવાં વચન કાઢતાં પહેલાં વિચાર કરજો. તમારા શબ્દોની તમે પોતે જો કંઇ કિંમત ન આંકો, તો બીજાની પાસે તો એની ફૂટી બદામ જેટલી પણુ કિંમત ન અંકાય."

**प्राण जाइ अरु वचन न जाइ**

'શ્રી વિજયાનંદસૂરિ'

( ૩ )

## સાચું સુખ સંતોષમાં

ધના પટેલને ત્રીશ વીઘા જમીન હતી. તેણે મહેનત કરીને પાંચ વરસમાં ત્રીશ વીઘામાંથી બમણું ઉત્પાદન લીધું અને ત્રીશની સાઠ વીઘા જમીન કરી. એવામાં એને કામપ્રસંગે ગુજરાતમાં જવાનું થયું. નર્મદા કિનારાની મનમની જમીનમાં એણે સુંદર કપાસ થતો જોયો. એ જોઈને તેનું મન ગળી ગયું. તેણે પચાસ હજાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપિયા ખરચીને ત્યાં પચાસ વીઘા જમીન લીધી. બેપાંચ વર્ષ પછી એ એક વાર પંજાબ ગયો. ત્યાં એણે નહેરોનાં પાણીથી પાકતાં ઘઉં જોયા. એ વખતે એની પાસે બે લાખ રૂપિયાની મૂડી હતી. ધનો પટેલ ખેતી સાથે વેપાર પણ કરતો હતો અને તેમાં એ કમાયો હતો. એણે આંખ મીંચીને પંજાબની પાંચસો વીઘા જમીન ખરીદ કરી.

એમ ધના પટેલ ખેડૂત મટીને શેઠ થયા. હવે તેમનું નામ ધનજીભાઇ ચાલવા લાગ્યું. ઘેર મોટરો આવી. નોકરો આવ્યા. એમનાં બાળકો ગામથી શહેરમાં આવીને વસ્યાં. ત્યાં પણ સારા લત્તામાં પ્લોટ લઇ મોટી હવેલીઓ ઊભી કરી.

એમ કરતાં શેઠની ઉંમર થઇ. સિત્તોર વર્ષ ઉપર ચાલ્યાં ગયાં. પોતે ખેતી કે વેપારમાં બહુ ધ્યાન આપી શકતા નથી. મુનીમ અને દીકરાઓ ધંધો સંભાળે છે. પોતાની તબિયત છેલ્લાં પાંચેક વર્ષથી બરાબર રહેતી નથી. તેથી હવાફેર કરવા ' હીલસ્ટેશન ' ઉપર જાય છે. એક વાર ધનજી શેઠ કોઇ જંગલમાં ફરવા જઇ ચડ્યા. એ જંગલનો રાજા મોટો ઝભ્ભો પહેરીને અને માથે પક્ષીઓનાં પીંછાનો મુગટ પહેરીને શેઠનું સ્વાગત કરવા આવ્યો. તેની સાથે એક તંબુમાં શેઠે મુકામ કર્યો. ધનજીભાઇએ જોયું કે આસપાસ સરસ ફળદ્રુપ જમીન પડતર પડી હતી. તેમાં સરસ કોફીનું વાવેતર થઇ શકે. ધનજીભાઇએ એનો ભાવ પૂછ્યો એટલે એ જંગલના રાજાએ કહ્યું.

" દિવસના હજાર રૂપિયા ! "

" પણ એકરનું શું ? "

" અહીં એકરનો ભાવ હોતો નથી. " જંગલનો સરદાર બોલ્યો, " તમે સવારથી સાંજ સુધી જેટલી જમીન ઉપર ચાલો અને ખીંટીઓ નાંખી દ્યો એટલી જમીન એક હજાર રૂપિયામાં તમારી. જો સૂર્યાસ્ત સુધીમાં તમે પાછા ન આવી શકો તો તમારા એક હજાર રૂપિયા જાય.

ધનજી શેઠે એ શરત કબૂલ રાખી. બીજે દિવસે એક ટેકરી ઉપર એ જંગલનો રાજા પોતાની ટોળી સાથે આવ્યો. તેણે પોતાનો સુંદર મુગટ નીચે મૂકયો અને કહ્યું: " જુઓ શેઠ, હવે હમણાં સૂર્ય નીકળે છે. તમે નીકળી પડો. સૂર્યાસ્ત થાય તે પહેલાં અહીં પહોંચી જઇ આ મારા મુગટને હાથ અડાડી દેશો એટલે તમે જ્યાં નિશાન કર્યું હશે એ બધી જમીન તમને મળી જશે. જાઓ ઉપડો. ભગવાન તમારું ભલું કરે ! "

ગુજરાત અને પંજાબની જમીન ખરીદવા નીકળેલા ત્યારે જે ઉત્સાહ હતો તેવા જ ઉત્સાહથી ધનજી શેઠ નીકળી પડ્યા. એમના મનમાં થયું કે જો આવી સરસ, ફળદ્રુપ જમીન આટલી સસ્તી તદ્દન પાણીના મૂલે મળી જાય છે તો એ તક જતી ન કરવી. અહીં કોફીનું પ્લાંટેશન કરવું અને સૌથી નાના છોકરાને આ બગીચો સોંપી દેવો. પછી અહીં દાર્જિલિંગની પહાડી ઉપર આરામથી રહેવું."

ધનજીભાઇએ કમર બાંધી. પાણીની બતક લીધી. ખાવા માટે પાંઉ લીધા. હાથમાં ખીંટીઓ અને એક નાની હથોડી લીધી. જંગલના સરદાર સાથે હાથ મેળવી ચાલી નીકળ્યા.

એમણે નાસ્તો પણ ચાલતાં ચાલતાં જ કર્યો. મનમાં થયું કે પછી નિરાંતે રોજ નાસ્તો કરવો જ છે ને ? એટલી જમીન વધારે મળે. બપોરે જમવાનો વખત થયો ત્યારે તેઓ જરા બેઠા. જમીને થોડો આરામ કરવાનું મન થયું. પણ વળી વિચાર્યું કે આજે એક દિવસ ન સૂતા તો શું થયું ? નકામી થોડા વીઘા જમીન ઓછી થાય. એટલે એ ઉતાવળો આગળ ચાલ્યો. અહો ! એક હજાર રૂપિયામાં કેટલી બધી જમીન એણે લીધી ? એ વિચારથી તેનું મન નાચવા લાગ્યું. ચાલતાં ચાલતાં એ ટેકરી સામે જોયા કરતો હતો. એવામાં સૂર્ય નમવા લાગ્યો. ધનજીશેઠ એ વાત ભૂલી ગયા કે સૂર્ય નમવા માંડે છે પછી આથમતાં વાર લાગતી નથી. ટેકરી હજી દૂર હતી. તેથી ધનજી-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાઇ ઉતાવળા ચાલ્યા. ટેકરી ઉપર ઉભેલા લોકો એમને જલદી આવવા હાથ ઉંચા કરીને બોલાવવા લાગ્યા. તેમ તેમ એમના પગ ઢીલા પડ્યા. મનમાં થયું જો ઉપર નહીં પહોંચાય તો હજાર રૂપિયા જશે એટલે જેટલું જોર હતું તેટલું જોર કરીને તેઓ દોડવા લાગ્યા.

છેવટે ટેકરી પાસે આવ્યા. તેમને સૂર્ય દેખાતો ન હતો. પણ ટેકરી ઉપરી ઉભેલાઓ પાછળ જોઇ શકતા હતા. તેથી તેઓ વધારે જોરથી બૂમો પાડવા લાગ્યા. એટલે ધનજીશેઠ પોતાની શકિત ઉપરવટ જોર કરીને ટેકરી ચડી ગયા. પણ જ્યાં તદન નજીક પહોંચ્યા ત્યાં તેમને ઠેશ વાગી અને પડી ગયા. પડતાં તેમણે હાથ લંબાવ્યો અને સરદારના મુગટને અડી ગયા. એટલે તેઓ જમીનના માલિક બની ગયા. પણ તેઓ એટલા જોરથી પડયા કે તેની સાથે જ પ્રાણ નીકળી ગયા. ભારે અફસોસથી જંગલના ભોળા અને ભલા લોકો શેઠની ફરતા ફરી વળ્યા. તેમણે કોદાળી અને પાવડાથી સાડાત્રણ હાથ જમીન ખોદી અને માનપૂર્વક શેઠને અંદર પધરાવ્યા. એ વખતે એક વૃદ્ધ આદમી દુઃખપૂર્વક બોલ્યો : "માણસને કેટલી જમીન જોઇએ ?"

—રામનારાયણ ના. પાઠક

☆

# સમાલોચન

### નવતત્ત્વદીપિકા
### યાને
### જૈન ધર્મનું અદ્‌ભુત તત્ત્વજ્ઞાન

લેખક :– પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

પ્રકાશક :– જૈન સાહિત્ય પ્રકાશન મંદિર, મુંબઇ

મૂલ્ય રૂપિયા ૭

મંત્ર, સ્તોત્ર કે ગ્રંથ ઉપર નવી નવી વૃત્તિઓ રચાતી રહે તો તેની મહત્તા વિવિધ સ્વરૂપે બહાર આવે અને લોકોપયોગી બને એ દૃષ્ટિથી પ્રસ્તુત ગ્રંથ પં. શ્રી. ધીરજલાલ ટોકરશી શાહે અત્યંત પરિશ્રમ લઈ તૈયાર કર્યો છે. તે ઉપરાંત લખાણમાં કોઇપણ પ્રકારની સ્ખલના ન રહે તે માટે વિદ્વાન આચાર્યાદિ પૂજનીય મુનિવરો પાસે ગ્રંથનું સંશોધન કરાવેલ છે.

પૂ. આ. શ્રી. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તેમની પ્રસ્તાવનામાં લખે છે તેમ "નવતત્ત્વો એ સમગ્ર શ્રુતસમુદ્રનું નવનીત" અનેક ગ્રંથોના અવલોકન, દોહન, ચિંતન અને મનન પછી તૈયાર કરેલ આ ગ્રંથ નવતત્ત્વનું સુંદર જ્ઞાન આપવા અને વિશુદ્ધ બોધ પ્રાપ્ત કરવામાં અવશ્ય સાધનરૂપ થશે. તેમજ ગ્રંથની ભાષા પણ સરળ અને સ્પષ્ટ હોઇ લોકપ્રિય અને લોકભોગ્ય બનશે એમ અમને લાગે છે.

આવા સુંદર સાહિત્યસર્જન માટે શ્રી ધીરજલાલભાઇને અમે અભિનંદન આપીએ છીએ અને સહુ કોઇને આ ગ્રંથ અવશ્ય વાંચવા, વિચારવા અને મનન કરવા ખાસ ભલામણ કરીએ.

*

**આત્મદર્શન** :–વિવેચનકાર :–શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક :–શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ,

અધ્યાત્મજ્ઞાની, આત્મોપયોગી પૂ. શ્રી મણિચંદ્રજી મહારાજે ઉચ્ચ કોટીની, સુક્ષ્મ રહસ્યોવાળી અને આત્માને જાગૃત કરનારી એકવીશ સજ્ઝાયો વગેરે જે સાહિત્ય રચ્યું છે તેના ઉપર વિવેચન લખી તેનું આત્મદર્શન નામ આપી સ્વ. પૂ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ આ ગ્રંથ રચ્યો છે.

પ્રસ્તુત ગ્રંથ તેના નામ પ્રમાણે ઊંડુ આત્મદર્શન કરાવે છે. જીજ્ઞાસુઓએ અવશ્ય વાંચવા અને વસાવવા જેવું પુસ્તક છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા—એક મુલાકાત

**શ્રીમતી કલાવતીબેન વોરા બી. એ. ( કર્વે યુનિ. )**

ભાવનગરમાં એક અત્યંત ઉચ્ચ ગણાય તેવી સંસ્થા શ્રી જૈન આત્માનંદ સભાના મંત્રી શ્રી જાદવજી ઝવેરભાઇ શાહના આમંત્રણથી સભાના કેટલાક સંચાલકો સાથે સભાના પુસ્તકાલયમાં મુલાકાત લેવાની મને એક તક સાંપડી હતી. એ પ્રસંગે જે દોઢ કલાક મેં ત્યાં ગાળ્યો તે મને જીવનમાં એક અમૂલ્ય પ્રસંગ તરીકે હંમેશાં યાદ રહેશે. આ મુલાકાત વખતે હાજર હતા સભાના પ્રમુખ શ્રી ખીમચંદ ચાં. શાહ, મંત્રીઓ શ્રી ચત્રભુજ જે. શાહ અને શ્રી જાદવજી ઝ. શાહ તથા સભાના લાઇફ મેમ્બર અને મુંબઇના ગોધારી મિત્રમંડળના પ્રમુખ શ્રી હીરાલાલ જુઠાભાઇ શાહ. જ્ઞાન સ્વયં પ્રકાશિત છે જ, પણ જ્ઞાનદ્વારા નિર્માતું વાતાવરણ પણ કેટલું સાત્વિક સુખ આપનારૂં છે અને એ વાતાવરણમાં રંગાતા આત્માને, ભલે થોડી ક્ષણો માટે ગણીએ તો યે, કેટલું ઊંચે લઇ જનારૂં છે તેનો મને જાત અનુભવ તે દિવસે થયો. આ સંસ્થાની વિશેષતા એ હતી કે ત્યાં સર્વત્ર આધ્યાત્મિક રીતે પ્રેરણાદાયી વાતાવરણ હતું. ઘડીભર માટે દુનિયાને, જગતના રાગદ્વેષને તમે ભૂલી જાવ, જે કાંઇ યાદ આવે તે એટલું તુચ્છ લાગે મનને ઠપકો આપનારૂં બને કે આવી ક્ષુલ્લક વાતોમાં જીવનનો અમૂલ્ય સમય વીતાવવાનો છે ? આ તો વાતાવરણનો જાદુ !

પણ આ જાદુ માત્ર તેમાં રહેલાં ચેતનને સંવેદિત કરતાં છતાં જાતે બાહ્ય રૂપે જડ એવાં પુસ્તકો જ નહોતાં સર્જતાં; એ વાતાવરણની અંદર જ્ઞાનપિપાસુ વ્યક્તિઓનો ફાળો પણ જેવો તેવો ન હતો. એવી એક વ્યક્તિના મને આ સંસ્થાના પ્રમુખ તરીકે કામ કરી રહેલા પ્રોફેસર ખીમચંદભાઇ શાહમાં દર્શન થયા.

સામાન્ય રીતે કોઇપણ સામાજિક સંસ્થાઓના પ્રમુખ અથવા ઉચ્ચ હોદ્દો ધરાવતા સભ્યો તરફ મને એક પ્રકારનો પૂર્વગ્રહ રહે છે. કારણ કે ઘણીવાર એવું બનતું હોય છે કે માત્ર અર્થબળે તેમને આવી ખુરસી સાંપડી જતી હોય છે. પણ અહીં મારો એ પૂર્વગ્રહ લુપ્ત થઇ ગયો. પ્રોફેસર ખીમચંદભાઇ શાહ આ સંસ્થાને અત્યંત યોગ્ય એવા પ્રમુખ છે. તેમનું ઉચ્ચ પ્રકારનું ઊંડું જ્ઞાન, જ્ઞાન માટેની તીવ્ર ઝંખના અને તે માટે અત્યંત પરિશ્રમ લેવાની વૃત્તિ, તેમની ચોક્કસાઇ, સંશોધનવૃત્તિ અને સંનિષ્ઠા–આ બધા ગુણો એમની સાથે એક કલાક પણ ગાળે તેને દેખાઇ આવે એટલા સ્પષ્ટ હતા. આ શબ્દો કોઇપણ પ્રકારની પ્રશંસા કરવાના હેતુથી નથી લખ્યા. મારા મનપર સ્પષ્ટપણે જે છાપ પડી તેનાથી જ આપોઆપ લખાયા છે.

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ લગભગ સમયના થોડા જ અંતરે ફેલાયા છે. તેથી એકબીજાના આધારભૂત ગ્રંથસમૂહોમાં બંને ધર્મોના મૂળ લેખકોના પ્રમાણભૂત ગણાય તેવા અને તુલનાત્મક રીતે અભ્યાસ થઇ શકે એવા ઘણા પુસ્તકો હોય. બૌદ્ધોના કેટલાક મૂળ ગ્રંથો નાશ પામ્યા છે પરંતુ તેમના તિબેટન અને ચીની ભાષાંતરો મળે છે. આવા મૂળ નષ્ટ થઈ ગયેલા ગ્રંથોના તિબેટન અનુવાદો, ઘણો પરિશ્રમ લઈને, પ્રમુખ શ્રી શાહે પેકિંગની સરકાર પાસેથી ફોટો–પ્રીંટના રૂપમાં મેળવ્યા છે એ વસ્તુ અત્યંત નોંધપાત્ર છે. ભવિષ્યમાં ઉપયોગી થઇ પડે એ દૃષ્ટિથી તિબેટન ત્રિપિટકનું કેટલોગ તથા ઇન્ડેક્સ ( Catalogue and Index ) પણ તેમણે જાપાનમાંથી મેળવેલ છે.

સભાએ સિત્તોર વર્ષની કારકિર્દી દરમિયાન ઘણા ઉચ્ચ કોટિના ગ્રંથોનું પ્રકાશન કર્યું છે અને આ ગ્રંથોએ સભાને માત્ર ભારતમાં જ નહીં. પણ જગતભરના પૌર્વાત્ય દર્શનશાસ્ત્રોના અભ્યાસીઓમાં ખ્યાતનામ કરી છે પૂજ્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજે સોળસોળ વર્ષો સુધી અથાક પરિશ્રમ લઇને તાર્કિક શિરોમણિ આચાર્યશ્રી મલ્લવાદીનો 'દ્વાદશારં નયચક્રમ્' નામનો ગ્રંથ તૈયાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યો છે. તેનો પ્રથમ વિભાગ છપાઇ ગયો છે, જેનો પ્રકાશનવિધિ, થોડા સમય પછી સભા સિત્તેર વર્ષનો ' માણુમહોત્સવ ' ઉજવવાની છે તે વખતે, કોઇ વિખ્યાત વિદ્વાનને શુભ હસ્તે કરવાના છે. તે ગ્રંથ પણ સભાને ખરેખર ઝેબ આપનાર બનશે તેમાં શંકા નથી.

આ સંસ્થામાં ખૂબ જ કાળજીપૂર્વક સચવાયેલી અનેક મૂળ હસ્તપ્રતો જે વિભાગમાં રાખવામાં આવેલી છે, એ વિભાગ આપણું તરત ધ્યાન ખેંચે છે. કલ્પસૂત્રની પાંચમો વર્ષ જૂની એક હસ્તપ્રત એવી સુંદર રીતે સચવાઇ છે કે માણુસ આશ્ચર્યથી જોઇ રહે આગમોની એક નકલ જે રીતે એ વિભાગમાં સુંદર પેટીમાં જે પવિત્ર ભાવના સાથે ગોઠવાઇ છે તે બતાવે છે કે આ સંસ્થાના સંચાલકો યશભોગી નથી પણ જ્ઞાનનિષ્ઠાવાળા છે. ત્યાં ધ્યાન રાખનાર માણુસોને પણ આ વિભાગની ઘણી વિગતોની સ્પષ્ટ રીતે માહિતી હતી. કાર્યવાહી સમિતિના દરેક સભ્યમાં સંસ્થા પ્રત્યેની પ્રેમભરી નિષ્ઠાના મને દર્શન થયાં.

ભાવનગર જેવા સૌરાષ્ટ્રના ખૂણામાં પડેલા શહેરમાં આવી ઉત્તમ સંસ્થાનું અસ્તિત્વ હોય, જ્યાં કોઇ મોટા શ્રીમંત સોદાગર આવી સંસ્થાનો આશ્રયદાતા ન હોય ત્યાં જ્ઞાનનિષ્ઠ અને કર્મનિષ્ઠ માણસોની જહેમત અને કાળજીથી આવી સંસ્થા ફૂલે-પાંગરે એ પણ આ ધરતીનું ભાગ્ય જ ગણાય ને? આવી સંસ્થાને વધારે વિસ્તૃત કરવા, આપણાં મહામૂલ્યવાન આધ્યાત્મિક સાહિત્યને સજીવન રાખવા આ સંસ્થા જે કાર્ય કરી રહી છે એ જોતાં એ ખરેખર ધન્યવાદને પાત્ર છે. આવી સંસ્થા ખૂબ પાંગરો એવી શુભેચ્છા સિવાય બીજું શું વ્યક્ત કરું?

## સ્વર્ગવાસ નોંધ

### વડીઆ નિવાસી (હાલ મુંબઇ) શા જેચંદભાઈ ફુલચંદ

તા. ૭-૮-૬૬ ના રોજ થએલ સ્વર્ગવાસની અમો દુઃખ પૂર્વક નોંધ લઇએ છીએ. તેઓ સરળ અને મળતાવડા સ્વભાવના સેવા પરાયણ હતા અને આ સભાના આજીવન સભ્ય હતા, તેમનાં કુટુંબીજનો તરફથી ચક્ષુદાન કરવામાં આવેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ખૂબ શાંતિ આપે એ જ અભ્યર્થના.

### થાણા દેવડી નિવાસી મહેતા કપુરચંદ હેમચંદ

તા. ૨-૮-૬૬ના રોજ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા જ દીલગીર થયા છીએ તેઓ મિલનસાર સ્વભાવના અને ધર્મ પ્રેમી હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા તેમના આત્માને શાંતિ મળે એ જ પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા–ભાવનગર સૂવેનીરનો અપૂર્વ પ્રકાશન સમારોહ

ભાવનગર ખાતે તા. ૧૪–૮–૬૬ના રોજ જાણીતી પ્રકાશન સંસ્થા શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાનો એક ભવ્ય સમારોહ યોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે સમારંભના પ્રમુખ શ્રી જાણીતા આગેવાન ને મીલ માલિક શેઠશ્રી રમણીકલાલ ભોગીલાલ શાહના હસ્તે સૂવેનીરનું પ્રકાશન કરવામાં આવ્યું હતું.

પૌર્વાત્ય તત્ત્વજ્ઞાન તથા ધર્મ, દર્શન, તીર્થ અને કથા સાહિત્યના ગ્રંથો પ્રકાશન કરનારી આ સંસ્થાના લાભાર્થે થોડા સમય પહેલાં મુંબઇ ખાતે તા. ૫–૨–૬૬ ના રોજ શ્રી. કે લાલનો ચેરીટી શો. ભારતીય વિદ્યા ભવન ખાતે રાખવામાં આવ્યો હતો. અને તે પ્રસંગે એક સૂવેનીર પ્રગટ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

લગભગ છ મહિના પછી રાત–દિવસની જહેમત ઉઠાવી આ સૂવેનીર તૈયાર કરવામાં આવ્યું હતું.

સૂવેનીરનો આરંભ ભગવતી સરસ્વતીના વાહન હંસના પ્રતીક (સિમ્બોલ)થી કરી, આદિમાં પ્રાચીન કાળના પુરાતત્ત્વના નમૂના રૂપ ભગવાન ઋષભદેવની તસ્વીરથી એનો પુનિત પ્રારંભ કર્યો છે. આ પછી આપણી જ્ઞાન પરંપરાની પ્રતીકરૂપ પટ્ટીઓમાં ભ. મહાવીર, મહાજ્ઞાની ગૌતમસ્વામી, કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ. ઉપા. યશોવિજયજી, આ સંસ્થાના સ્થાપક શ્રી વિજયધર્મસૂરિજી, આ સંસ્થાના પુનરૂદ્ધારક શાંતમૂર્તિ શ્રી જયંતવિજયજી ને તેમના ગુરૂભક્ત શિષ્ય મુનિ વિશાળવિજયજી મ. વગેરેને રેખાચિત્રમાં આલેખ્યા છે. આ રીતે આમાં જ્ઞાન સાંકળની આયોજના કરવામાં આવી છે.

સોનેરી હંસથી શરૂ થતા આ સ્મરણિકાનાં આગળનાં પૃષ્ટો બે રંગોમાં છપાયાં છે. સાથે સાથે સાથે સંસ્થાની નિકટવર્તી વ્યક્તિઓનાં ને સમારંભનાં ચિત્રોનો એક આખો ચિત્ર સંપુટ (આલ્બમ) એમાં રજૂ કર્યો છે. ઊંચા આર્ટ કાગળ પર સુંદર શાહીમાં આવેલી આવી ત્રીશેક આર્ટ પ્લેટો આ સૂવેનીરમાં છે જેમાંની કેટલીક સ્મરણિકાના છેડે મૂકી આદિથી અંત સુધી આ સ્મરણિકાને પ્રેક્ષણીય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પછી જાહેર ખબર વિભાગ શરૂ થાય છે પણ તે વિભાગ માત્ર શુષ્ક વિજ્ઞાપનોથી કઠોર ન બનાવતા મોટા ભાગની જાહેર ખબરો સાથે સાદી, સચોટ અને સંક્ષિપ્ત શૈલીમાં લખાએલી ધર્મકથા કે બોધકથા મૂકી એ જાહેર ખબરની શોભા વધારી છે. આવી સાઠ જેટલી કથાઓ આ અંકમાં છે.

ઉપરાંત કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના પરિચયો ને કેટલીક વિશિષ્ટ સંસ્થાઓની માહિતી પણ રસભરી રીતે આપવામાં આવી છે. દોહરા સુભાષિતો વગેરે પણ અવકાશ મળ્યો ત્યાં મૂકયા છે.

આ રીતે આ સૂવેનીર પારલૌકિક સુંદર ગુણ-નિધિ તરફ પણ નિર્દેશ કરે છે. આમ એક પંથ દોકાજ જેવું કામ આ સૂવેનીર કરે છે.

સભાની મંગળ શરૂઆત શ્રી કમળાબેનના ગીતથી કરવામાં આવી. પ્રમુખશ્રી માટે આત્માનંદ સભાના મંત્રીશ્રી ચત્રભુજ જયચંદ શાહે દરખાસ્ત મૂકી અને જૈન ધર્મ પ્રસારક સભાના મંત્રીશ્રી દીપચંદભાઇએ ટેકો આપતાં પ્રમુખશ્રીએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. એ પછી શ્રી યશોવિજય જૈનગ્રંથમાળા મંત્રી શ્રી ચંપક-લાલ દ. દોશીએ સંદેશા વાંચન કર્યું હતું. અને બીજા મંત્રીશ્રી બેચરભાઈએ સંસ્થાનો ઇતિહાસ આપી સૂવે-નીરનો હેતુ સમજાવ્યો હતો. તેમણે જણાવ્યું કે આ સંસ્થાએ પ્રાચીન ગ્રંથોના સંપાદન પ્રકાશન માટે લાખ રૂપિયા ખર્ચ્યા હતા અને આ દેશ તેમજ પરદેશમાં આ સાહિત્યનો પ્રચાર કરી જૈનધર્મ તરફ અનેક વિદ્વાનોને આકર્ષ્યાં હતા, એટલું જ નહિ, તેણે ઘણા મિત્રો બનાવ્યા હતા. સમયના પરિવર્તન સાથે આ સંસ્થાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આર્થિક સ્થિતિ નબળી પડી ને પ્રકાશનો સ્થંભી ગયા આવી સ્થિતિમાંથી ઉદ્ધારવાનું કાર્ય પૂ. શાંત મૂર્તિ-જયંતવિજયજી મહારાજે કર્યું અને સંસ્થામાં કંઇક ચેતન આવ્યું. કમિટીની નવી યોજના થતાં આ સંસ્થાના આત્માસમા શ્રી જયભિખ્ખુને મંત્રી બનાવવામાં આવ્યા. અને શ્રી રતિલાલ દીપચંદ દેસાઇને કાર્યવાહક સમિતિમાં લેવામાં આવ્યા. શ્રી જયભિખ્ખુએ આ સૂવેનીર તૈયાર કર્યું છે, જેનો ઉદ્દ્ઘાટન સમારંભ આજે યોજવામાં આવ્યો છે.

એ પછી પાલીતાણા બાલાશ્રમના નિયામક શ્રી ફુલચંદભાઇ, અમદાવાદના જીવનમણિ ટ્રસ્ટના મુખ્ય કાર્યવાહક શ્રી લાલભાઈ શેઠ, અમદાવાદના શ્રી લાલભાઇ દલપતભાઈ ભારતીય સંસ્કૃત વિદ્યા મંદિરના અધ્યક્ષ શ્રી દલસુખભાઇ માલવણીયા, ભાવનગરની કોમર્સ કોલેજના પ્રોફેસર શ્રી નર્મદભાઇ અને પાલીતાણાના લોકપ્રિય ડૉ. શ્રી બાવીશીએ આ સંસ્થા, તેનો ઉદ્દેશ તથા વિદ્યાજ્ઞાનની વ્યવહારૂ વાતોના વિવેચનથી સભાને રંજિત કરી હતી.

એ પછી સંસ્થાના મંત્રી શ્રી બાલાભાઇ વીરચંદ દેસાઇ (જયભિખ્ખુ)એ સૂવેનીર અને સંસ્થાના ઉદ્દેશને સમજાવતા જણાવ્યું કે આ કાર્ય માત્ર દ્રવ્યથી થાય છે. નેપાળ અને તિબેટના રાજાની ધર્મ પ્રચારની ભાવનાના દૃષ્ટાંતથી સંસ્થાના માહિતી પૂર્ણ ઉદ્દેશની હકીકત રજૂ કરી હતી.

એ પછી સંસ્થાના પ્રમુખ શ્રી ગુલાબચંદભાઇએ સંસ્થાના કાર્યકરોની માહિતી આપી શ્રી જયભિખ્ખુ અને શ્રી રતિભાઈ દેશાઇના સહકારથી આ સુવેનીર તૈયાર કરવામાં આવ્યું તેની વિગતો આપી હતી સંસ્થાને જીવંત બનાવવામાં આપ સૌએ આપેલા સહકાર માટે ધન્યવાદ આપ્યો હતો.

કલકત્તા કોલેજના પ્રાકૃતના પ્રોફેસર શેઠ શ્રી હરગોવિંદદાસે તૈયાર કરેલા, અને તેમનાં ધર્મપત્નીએ આ સંસ્થાને સમપર્ણ કરેલા પોતાના મહાન કોશ પાઇઅસદ્દમહણ્ણવો માટે, મુનિરાજ શ્રી વિશાળ વિજયજી મહારાજને વંદન કરવા ભાવનગર આવેલાં શ્રીમતી સુભદ્રાબેનને ધન્યવાદ આપ્યા હતા.

એ પછી સભાના પ્રમુખશ્રીએ પોતાના વક્તવ્યમાં સૂવેનીર તૈયાર કરવામાં શું જહેમત પડે છે તેનો ખ્યાલ આપી આવાં આયોજનોથી સમાજને ચેતના આપવાનો સંદેશ પાઠવ્યો હતો.

---

### શ્રી ગોધારી જૈન મિત્રમંડળ—મુંબઈના ઉપક્રમે યોજાયેલ

## સરસ્વતી સન્માન સમારંભ.

શ્રી ગોધારી જૈન મિત્રમંડળ–મુંબઇના ઉપક્રમે તા. ૧૪–૮–૬૬નારોજ સીતારામ પોદાર બાલિકા વિદ્યાલયમાં મંડળના પ્રમુખ શ્રી હીરાલાલ જુઠાભાઈ શાહના અધ્યક્ષપદે જ્ઞાતિના ગ્રેજ્યુએટ આઠ વિદ્યાર્થી અને ત્રણ વિદ્યાર્થિનીઓનું સન્માન કરવા એક સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થિ–વિદ્યાર્થીનીઓને સાચું માર્ગદર્શન તથા કીમતી સલાહસૂચનો અનુભવી સાક્ષરો અને વિદ્વાનો તરફથી મળે તે માટે શ્રી મોહનલાલભાઇ (સોપાન) શ્રી ચુનીલાલભાઇ મડિયા અને શ્રી દીપચંદભાઇ ગાર્ડીને અતિથિવિશેષ તરીકે નિમંત્રવામાંઆવ્યા હતા અને તેમનાં પ્રવચનો રાખવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે આપણી સભાના ઉપપ્રમુખ શ્રી ફતેહચંદ ઝ. શાહે પ્રાથમિક આવકાર તથા પ્રાસંગિક પ્રવચન કરતાં કહ્યું હતું કે—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજના શુભ પ્રસંગે અમારી વિનંતિને માન આપી અત્રે પધારેલા બાહોશ ધારાશાસ્ત્રી શ્રી દીપચંદભાઇ ગાર્ડી તથા સુવિખ્યાત લેખક શ્રીયુત ચુનીલાલભાઇ મડિયાનું શ્રી ગોધારી જૈન મિત્ર મંડળની વતી સ્વાગત કરૂં છું. શ્રી મોહનભાઇ (સોપાન) આજે તબીયત નરમ હોવાથી આવી શકયા નથી તે માટે અમે દિલગીર છીએ. તેઓ સ્વાવલંબનથી પુરુષાર્થપૂર્વક સાહિત્ય-જગતમાં ઉત્તમ પંકિતના સાક્ષર બનેલા છે અનેક મનનીય ઉત્તમ ગ્રંથો એમણે સમાજને આપ્યા છે, સિદ્ધહસ્ત લેખક છે તેમજ 'સૂકાની' પત્રનું તંત્રી પદ સંભાળે છે. 'પૃથ્વીની પરિક્રમા' નામના એમનાજ રચેલા પુસ્તકનું વિતરણ સ્નાતક વિદ્યાર્થી બંધુઓ તથા બહેનોને આજે થશે.

શ્રીયુત દીપચંદભાઇ ગાર્ડી ઉચ્ચ ધારાશાસ્ત્રી છે ધાર્મિક અને સામાજિક પ્રશ્નોમાં રસ લેનારા છે. કેળવણીપ્રિય સજ્જન છે, તેમનું આખું કુટુંબ કેળવાયેલું છે તેમનાં ધર્મપત્ની પણ બેરીસ્ટર છે. આજરોજ ભાયખલામાં તેમના પ્રમુખપદ નીચેની સભામાં જૈન સમાજના મધ્યમ વર્ગ માટે સસ્તા ભાડાંની ચાલીની યોજના દશ લાખની હજી થઇ તે વખતેજ જૈન સમાજ તરફથી લગભગ સવા લાખ રૂપીઆના દાનથી શરૂઆત થઇ છે. તેમાં તેમનો પણ અગત્યનો ફાળો છે.

શ્રી ચુનીલાલભાઇએ તો અમેરિકાની 'યુસીસ'ની મહાન સંસ્થામાં કાર્ય કર્યું છે, ઉત્તમ લેખક છે અને 'રૂચિ' માસિકના તંત્રી છે.

શ્રી ગોધારી જૈન મિત્ર મંડળ કે જેની કાર્યશકિતની દિન પ્રતિદિન પ્રગતિ થતી રહી છે તે ભાઇશ્રી હીરાભાઇના અધ્યક્ષપણા નીચે મંડળના સંગઠનને આભારી છે. પ્રસ્તુત મંડળના વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરતું રહ્યું છે. ખાસ કરીને તો કેળવણી માટે તેનું અસ્તિત્વ સમર્પિત થયેલું છે. થોડા વખત પછી મંડળનો રૌપ્ય મહોત્સવ ઉજવવાનો પ્રસંગ પણ પ્રાપ્ત થશે.

મંડળે સાત વર્ષ પહેલાં સ્પેશ્યલ ટ્રેઇનમાં ૪૫ દિવસની મહાન તીર્થયાત્રા પાંચસો માણસોને કરાવી છે. સાદાઇથી લગ્ન વિભાગ પણ દરવરસે સારી રીતે ચાલુ રહેલ છે, અમેરિકા તથા લંડન જનાર ભાઇ જવાહરથી માંડીને ભાઇ અજિતકુમાર, સુહાસિની બહેન તથા રમાબહેન વિગેરે વિદ્યાર્થી બંધુઓ અને બહેનોને જાહેર સમારંભ કરી સન્માની અભ્યાસ માટે પરદેશમાં જનાર તે તે વ્યકિતઓને ઉત્તેજિત કરી કેળવણી પ્રત્યેનું ધ્યેય મંડળે સિદ્ધ કરી બતાવ્યું છે.

દીપકની અખંડ જ્યોત ચાલુ રાખવા માટે વારંવાર વાટ સંકોરવી પડે છે, તેમાં દીવેલ પૂરતાં રહેવું પડે છે-તે રીતે આપણા સમગ્ર જીવનને સેવા અને સંસ્કારિતાનો ઓપ આપવા દરેક પ્રસંગે ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક નૂતન સેવા કાર્યોમાં પ્રવૃત્તિ થવી જોઇશે-તે રીતે હવે પછી આપણે સહુ સમાજિક અને ધાર્મિક જીવનની અનેક શુભ પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર વિકસાવીએ અને પ્રગતિમાન થતા રહી સિદ્ધિ હાંસલ કરતા રહીએ.

શ્રી જટુભાઈ મહેતાએ શ્રી ચુનીભાઇ મડિયાનો પરિચય આપવા બાદ, શ્રી ચુનીભાઇ મડિયાએ આજના કેળવણીની પદ્ધતિ તથા ખર્ચાળપણા અંગે ટીકા કરી હતી. તથા આજના વિદ્યાર્થીઓમાં શિસ્તનો અભાવ દેખાય છે તે માટે દુઃખ વ્યકત કર્યું હતું તથા મંડળની પ્રવૃત્તિ માટે સંતોષ વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ શ્રી દીપચંદભાઈ ગાર્ડીનો પરિચય આપતા શ્રી જમનાદાસભાઇ અઢીયાએ જણાવેલ કે શ્રી ગાર્ડી પોતે સ્વયંસિદ્ધ પુરુષ છે. તેમનું આખું કુટુંબ શિક્ષિત અને સંસ્કારી છે.

શ્રી દીપચંદભાઇ ગાર્ડીએ આજે વધી રહેલ કેળવણીપ્રેમ તથા બાળકોમાં તે માટે ખૂબ જાગૃતિ દેખાય છે તે માટે સંતોષ વ્યક્ત કરતા મંડળની પ્રવૃત્તિ માટે અભિનંદન આપી શિક્ષણક્ષેત્રે તે વધુ ને વધુ વિકાસ સાધતું રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી.

પ્રમુખશ્રી હીરાભાઈએ વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. છેવટ દરેક વિદ્યાર્થીને 'સોપાન' કૃત "પૃથ્વીની પરિક્રમા"નો ગ્રંથ તથા રૂા. ૧૧) રોકડા આપવામાં આવ્યા હતા. અને આભારવિધિ બાદ દુગ્ધપાનને ન્યાય આપી સૌ વિખરાયા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાકૃત વિદ્યા મંડળ

**[ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર-અમદાવાદ—૯ ]**

**અર્ધમાગધી પ્રાકૃત અને જૈન સાહિત્યને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સુયોગ્ય સ્થાન મળે અને આવા સાહિત્યના પ્રચાર અને પ્રસારના ઉદ્દેશથી ઉપરોક્ત સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે.**

**સુજ્ઞ મહાશય,**

આપ જૈન સમાજના અગ્રણી છો અને જૈન સંસ્કૃતિના ઉત્થાનમાં સારો રસ ધરાવો છો જૈન સંસ્કૃતિના ઉત્થાન માટે આવશ્યક તેવી એક વાત આપના સમક્ષ રજુ કરવાની અમો રજા લઈએ છીએ.

(૧) જૈન સંસ્કૃતિના સમગ્ર સાહિત્યનો સ્ત્રોત પ્રાકૃતના ( અર્ધમાગધી ) ભાષામાં લખાયેલ સાહિત્યમાંથી મળી આવે છે. આ માટે પ્રાકૃત ભાષામાં લખાએલ સાહિત્યના અધ્યયન તથા પ્રચાર માટે વિશેષ રૂપમાં પ્રયાસ કરવાની ખાસ આવશ્યકતા છે. આ ઉદ્દેશ અમારી દ્રષ્ટિ સમક્ષ રાખીને અમોએ "પ્રાકૃત વિદ્યા મંડળ"ની સ્થાપના કરી છે. અને આપ આ કાર્યને આર્થિક દ્રષ્ટિએ નીચે મુજબ અપનાવી શકો છો.

( ક ) પ્રાકૃત વિદ્યા મંડળના સભ્ય બનીને. સભ્ય ચાર પ્રકારે બનાવવામાં આવે છે. :- સંરક્ષક ૧૦૦૧, સહાયક ૫૦૧, આજીવન ૨૦૧ અને વાર્ષિક રૂા. ૫.

( ખ ) પ્રાકૃતના અભ્યાસીઓને, આપના અગર તો આપના પ્રિય જનના નામથી છાત્રવૃત્તિઓ આપવાનો પ્રબંધ કરીને:–

૧ બી. એ.ના અભ્યાસી માટે વાર્ષિક રૂા. ૨૫૦)

૨ એમ. એ.ના અભ્યાસી માટે વાર્ષિક રૂા. ૫૦૦)

(ગ) પ્રાકૃત સાહિત્યના પ્રકાશન માટે પ્રાકૃત વિદ્યા મંડળે એવી યોજના કરી છે કે પ્રાકૃત વિષયમાં જે ગ્રંથ વિશ્વવિદ્યાલયો અને કોલેજોમાં ચાલતો હોય, તે પ્રગટ કરીને વિદ્યાર્થીઓને સસ્તા ભાવે આપવામાં આવે. આ રીતે પ્રાકૃતના અભ્યાસીઓને અભ્યાસ માટેનું સાહિત્ય મોંઘું ન પડે. આપ મંડળના આ કાર્યમાં સહાય કરશો એવી વિનંતિ છે.

આ કાર્ય માટે ઓછામાં ઓછી ૫૦૦ની સહાયતા મળવાથી, આપના નામથી ( દાતાની ઈચ્છા હોય તો તેમના ફોટા સાથે ) કોઇ પણ એક ગ્રંથના પ્રકાશનની વ્યવસ્થા કરવામાં આવે છે.

આપના પ્રદેશમાં આપની પ્રતિભા હોય તો આપના પ્રદેશમાં ચાલતી વિવિધ કોલેજોમાં પ્રાકૃત ભાષાના અધ્યયન માટે પ્રબંધ કરાવવો.

જો આપનો સંબંધ વિશ્વવિદ્યાલય, તેની સમિતિઓ અગર તો તેના સભ્યો સાથે અગર તો સંસદ અથવા વિધાનસભા અગર તેના સભ્યો સાથે હોય તો, વિવિધ વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃતના અધ્યયન અને અધ્યાપન માટે જેવો પ્રબંધ છે. એવો જ પ્રબંધ પ્રાકૃત ભાષા અને સાહિત્ય માટે કરવાની જરૂર છે. આ ઉપરાંત સંસ્કૃત, ફારસી, અરબી, પાલિ, ઉર્દૂ ઇત્યાદિ વિષયોના સેન્ટ્રલ અગર સ્ટેટપબ્લીકસર્વિસ કમીટીની પરીક્ષાઓમાં છે તેવી રીતે આ પરીક્ષાઓમાં પ્રાકૃત ભાષાને પણ સ્થાન આપવામાં આવે તે માટે યોગ્ય કરવાની જરૂર છે.

ભવદીય
મંત્રી
પ્રાકૃત વિદ્યા મંડળ

---

## આ સભાના નવા લાઇફ મેમ્બર

**શેઠ જમનાદાસ હીરાચંદભાઇ (મહુવાવાળા)**

---

# ભેટના પુસ્તક માટે વિજ્ઞપ્તિ

શ્રી આત્માનંદ પ્રકાશનું ભેટનું પુસ્તક પ. પૂ. મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ ). મહારાજશ્રી વિરચિત 'ચાર સાધન' તૈયાર છે. ત્રીશ પૈસાની પોષ્ટની ટીકીટો મોકલીને સભ્ય બાન્ધવોને તે મંગાવી લેવા વિનંતિ છે.

મંત્રી

For Private And Personal Use Only

# શાપરીઆ

| બનાવનાર | બનાવનાર |
|---|---|
| બારજીસ | રોલીંગ શટર્સ |
| લાઈફ બોટસ | ફાયર પ્રૂફ ડોર્સ |
| ટગ્ઝ | રોડ રોલર્સ |
| ડ્રેજર્સ | વ્હીલ બેરોઝ |
| પેસેન્જર સ્ટીમર્સ | રેફ્યુઝ હેન્ડ કાર્ટસ |
| પોન્ટુન્સ | પેલ ફેન્સીંગ |
| મુરીંગ બોયઝ | લેડ-યુલાઈટ ( લેડવુલ ) |
| બોયન્ટ એપરેટસ વિગેરે | સ્ટીલ ટેન્કસ |

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રા. લીમીટેડ

—: શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ :—

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ

શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફ્રોર્ટ રોડ,
મુંબઈ નં. ૧૫ (ડી.ડી.)
ફોન નં. ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઈ

એન્જીનીઅરીંગ વર્કર્સ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડી.ડી)
ફોન નં. ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવદયા દાખવજો



## ગૌરક્ષા સંસ્થા પાલીતાણા

**સંસ્થાપના : સં. ૧૯૫૫**

સંસ્થામાં અપંગ, અશકત, આંધળા જાનવરોને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ કરવામાં આવે છે. હાલમાં ૧૭૦ ગોવંશના જાનવરો છે. પાણીના બન્ને અવેડા ભરવામાં આવે છે.

ચાલુ વર્ષે અર્ધ દુષ્કાળ અને અછતની પરિસ્થિતિના કારણે સંસ્થાને આર્થિક રીતે ઘણું સહન કરવું પડયું છે. રૂા. દશ હજારથી વધુ ખર્ચ આવેલ. પરિણામે સંસ્થાની સ્થિતિ મુશ્કેલી ભરી રહે છે. તો સર્વે મુનિ મહારાજ સાહેબોને, દરેક ગામના શ્રી સંઘને, દયાળુ દાનવીરોને તથા ગૌપ્રેમીઓને મુંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતિ છે.

જીવદયાનું કાર્ય કરતી આવી સંસ્થાઓને સહાયની ખુબ જરૂર છે. એટલે પ્રાણીમાત્રની દયા ચિંતવનારાઓએ આવી સંસ્થાની ઉપયોગિતા સમજી મદદ કરે એવી ખાસ વિનંતિ છે.

ગૌરક્ષા સંસ્થા
પાલીતાણા-સૌરાષ્ટ્ર

જીવરાજ કરમસી શાહ
રમણીકલાલ ગોપાળજી કપાસી
માનદ્ મંત્રીઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી તાલધ્વજગિરિ તીર્થ




પ્રાચીન ગુફાઓ, નૈસર્ગિક સૌંદર્ય, શેત્રુંજી સરિતાનો સંગમ, નાજુક ટેકરી ઉપરથી ભવ્ય દર્શન થાય છે. આત્મામાં અલૌકિક આનંદ પ્રાપ્તિ થાય છે.

સાચાદેવનાં ગભારામાં અખંડ દિપકની જયોત અદ્યાપિ કેસરવરણી થાય છે.

ટે. નં. ૩૦

કુદરતી સૌંદર્યનાં ધામ સમા શ્રી તાલધ્વજગિરિ તીર્થમાં છેલ્લા દાયકામાં 'ઇંટયજ્ઞ' દ્વારા તીર્થોદ્ધારનાં મહાન કાર્યો જેવા કે ગિરિરાજ ઉપર નૂતન સ્નાનગૃહ. સાચા દેવની ટુંકનો જિર્ણોદ્ધાર, કાચનું મિનાકારી કામ, ગિરિરાજ ઉપર ચડવાનાં પગથિયાં, શ્રી બાબુની જૈન ધર્મશાળામાં નૂતન ભોજનગૃહ, વેઇટીંગ રૂમ, નૂતન ઉપાશ્રય, સાધના મંદિર, જ્ઞાનમંદિર, આયંબિલ ભવન, પારેવાની જુવાર માટે રંગમંડપ, નળ, લાઇટ, ફોન, ફેન, સ્ટેનલેસ વાસણો વ. સગવડોથી યાત્રિકોને આલ્હાદ થાય છે.

આ ઇંટયજ્ઞ ચાલુ જ છે. સં. ૨૦૨૨માં જેઠ સુદી ૧૩નાં દિને 'શ્રી તાલધ્વજ જૈન શ્વે. મૂ. શ્રાવિકા ઉપાશ્રય'નું ખાતમુહૂર્ત થયું છે.

રૂા. ૨૫૧) શ્રી જૈન શ્રાવિકા ઉપાશ્રયમાં આપવાથી સળંગ તકતીમાં નામ લખાય છે. તીર્થક્ષેત્રમાં અમૂલ્ય લાભ લેવાની ઉત્તમ તક છે આપનુ નામ લખાવવા વિનંતિ છે.

રૂા. ૨૫૧) શ્રી ગિરિરાજ ઉપર સેવા પૂજાનાં કપડાં તથા કેસર સુખડનાં હાલના બાંધકામમાં સળંગ તકતીમાં નામ લેખાય છે.

રૂા. ૧૦૧) નીચે મુજબ કાયમી તિથિઓ નોંધાય છે. બોર્ડ ઉપર નામ લખાવો ૦ શ્રી સાચાદેવ અખંડ દિપક કાયમી તિથિફંડ ૦ શ્રી પારેવા જુવાર કુતરાને રોટલા કાયમી તિથિફંડ ૦ શ્રી જૈન પાઠશાળા કાયમી તિથિફંડ ૦ શ્રી તળાટી ભાતું કાર્તિકી ચૈત્રી પુનમ૦ જૈન ભોજનશાળામાં.

શ્રી વર્ધમાન તપ આયંબિલ ખાતામાં તથા તિથિ નોંધાય છે. તીર્થભકિતથી આત્મમુકિત પ્રાપ્ત થાય છે. તીર્થક્ષેત્રમાં કરેલું દાન અનંતગણું ફળદાયક છે. આપની ઇંટ તીર્થક્ષેત્રમાં મૂકાવી લક્ષ્મીની સાર્થકતા કરવા સકલ સંઘને નમ્ર વિનંતિ.

ઠે. બાબુની જૈન ધર્મશાળા તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમીટી તળાજા (સૌરાષ્ટ્ર)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વયોવૃદ્ધ અને ચારિત્રનિષ્ઠ પ.પૂ. સાધ્વીજી શ્રી રત્નશ્રીજી મહારાજ



પરમ પૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનાં સંસારી માતુશ્રી તથા પ. પૂ. મુનિશ્રી મોહનલાલજી મહારાજના સમુદાયના પ. પૂ. આચાર્યશ્રી ક્ષાંતિસૂરિજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પં. પૂ. પંન્યાસ શ્રી કીર્તિમુનિજી મહારાજનાં આજ્ઞાવર્તી પૂજ્ય સાધ્વીજી શ્રી પ્રસન્નશ્રીજી મહારાજનાં શિષ્યા પૂજ્ય સાધ્વીજી મહારાજ શ્રી રત્નશ્રીજી મહારાજ વિ.સં. ૨૦૨૨ ના અધિક શ્રાવણ વદિ પહેલી સાતમ તા. ૮––૮–૬૬ સોમવારના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં છે તેની અમે ખૂબ દુઃખપૂર્વક નોંધ લઈએ છીએ.

તેઓશ્રીનું સંસારી નામ માણેકબહેન હતું. તેમનો જન્મ કપડવંજમાં સં. ૧૯૩૦ ના ભાદરવા શુદિ એકમ મહાવીર જન્મ વાંચનના પવિત્ર દિવસે થયો હતો. તેમના પિતા તથા માતા માણેકબહેનની નાની ઉંમરમાં જ ગુજરી ગયા હતા અને તેમના ધર્મપ્રેમી કાકા–કાકીની દેખરેખ નીચે તેઓ મોટા થયા હતા. તેમણે નાની ઉંમરે પંચપ્રતિક્રમણ, જીવ વિચાર, નવતત્ત્વ વગેરેનો અભ્યાસ કર્યો હતો. તેમનો વ્યાવહારિક અભ્યાસ ગુજરાતી છ ધોરણ સુધી હતો.

તેમની ચૌદ વર્ષની ઉંમરે કપડવંજના વતની શ્રી ડાહ્યાભાઈ મનસુખરામ સાથે લગ્ન થયા હતા. તે સંસાર સંબંધ તેર વર્ષ ચાલ્યો. તેમાં તેમને પાંચ સંતાન થયાં હતાં. તેમાંથી મણિલાલ નામે એક પુત્ર જ હયાત રહ્યા. એ મણિલાલ અત્યારના મહાન વિદ્વાન આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજ. આવ ધર્મરત્ન પુત્રની માતા તરીકે સાધ્વીજી રત્નશ્રીજીનું જીવન કૃતાર્થ થયું છે. વિધવા થવા પછી થોડા વર્ષમાં માણેકબહેનને સંયમ લેવાની દૃઢ ભાવના થઈ પણ નાની ઉંમરના મણિલાલનું શું ? પણ મણિલાલે પોતે જ દીક્ષા લેવાની ભાવના જાહેર કરી. અને વિ. સં. ૧૯૬૫ મહાવદ ૫ના રોજ છાણીગામમાં પૂજ્ય પ્રવર્તકશ્રી-કાંતિવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂજ્ય મુનિવર શ્રી ચતુરવિજયજી મહારાજના શિષ્ય તરીકે મણિલાલે દીક્ષા લીધા અને એમનું નામ મુનિ પુણ્યવિજયજી રાખવામાં આવ્યું. પુત્રની દીક્ષા પછી એ જ દિવસે વિ. સં. ૧૯૬૫ મહાવદ ૭ના રોજ પાલીતાણામાં માણેકબહેને ૩૫ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને સાધ્વીજી રત્નશ્રીજી નામ ધારણ કર્યું. દીક્ષા પછી સાધ્વીજી મહારાજ રત્નશ્રીજીએ કર્મગ્રંથ, બૃહત સંગ્રહણી વિગેરે ઘણા ગ્રંથો કંઠસ્થ કર્યા અને ઘણા શિષ્યા પ્રશિષ્યાના ગુરુ તરીકે જીવન પાવન કર્યા.

પણ વૃદ્ધાવસ્થામાં એ દાયકાથી તેમના આંખના તેજ શમી ગયા હતા. તેથી અમદાવાદમાં મરચીપોળ જૈન ઉપાશ્રયમાં વૃદ્ધવાસ કરીને રહ્યા હતા અને ઉત્તમ પ્રકારે ચારિત્ર પાલન કરતા હતા, અને તેમના વૈયાવચ્ચ પરાયણ પ્રશિષ્યાઓના મુખે સદા ધર્મવાણીનું શ્રવણ કરતા રહેતા. આ રીતે આ વયોવૃદ્ધ ચારિત્રનિષ્ઠ સ્વાધ્યાયરત પૂજ્ય સાધ્વીજી રત્નશ્રીજી મ. ૫૭ વર્ષ સુધી દીર્ઘ દીક્ષા પર્યાય પાલન કરી ૯૨ વર્ષની ઉંમરે અમદાવાદમાં સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા. અમે એમના પવિત્ર આત્માને ભાવપૂર્વક વંદન કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. G. No. 49


# ધી માસ્ટર સીલ્ક મિલ્સ

પ્રા. લી. ભાવનગર

## સૌરાષ્ટ્રની અગ્રગણ્ય મીલની

卐 સુંદર આકર્ષક અને રંગબેરંગી જાતો. 卐

* ટેરીલીન સાડી * બુશશર્ટીંગ * નાયલોન * બ્રોકેડઝ * ગોલ્ડસિલ્વર *
* સાટીન * એસેટેટસાટીન ફલાવર * પ્યાસ * ડોબી * પરમેટા *

વગેરે

## માસ્ટર ફેબ્રીકસ

વાપરો. તે વાપરવમાં ટકાઉ છે

તારઃ–MASTERMILL

: મેનેજીંગ ડીરેક્ટર :
રમણીકલાલ ભોગીલાલ શાહ

ફોન નં.: ૩૨૪૩


તંત્રી અને પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ–ભાવનગર.

For Private And Personal Use Only